
કુમાર

કાશ્મીરની હવા · ફોટો : એ. સૈયદ (પાલણપુર)



૧૯૮

વર્ષ ૧૭·અંક ૬ ★ જૂન · ઈ.૧૯૪૦

ંત્રી·રવિશંકર રાવળ સંપાદક·બચુભાઈ રાવત


કુમાર
જૂન ૧૯૪૦
અંક ૧૯૮

અનુયોગ

આ અંકમાં સૌથી પહેલી ભલામણ તો સરદાર પૃથ્વીસિંહની નિગેહબાની નીચે શિસ્ત અને સંયમપૂર્વક ચાલેલા પ્રાણવાન વ્યાયામસત્રની કરી શકાય. તમારા જેવા જ એક કુમારને હાથે લખાએલાં એ સત્રનાં સંસ્મરણોમાં તમારા જ હૈયાના આવેગો વહેતા જણાશે. અને એ વાંચ્યા છતાં સરદારજીના ત્યાગથી કે એમના જીવનસંદેશથી તમે અલિપ્ત જ રહો તો એને તમારા પ્રાણની લાચારી જ ગણી શકાય. આવતી કાલના રાષ્ટ્રીય ચણતર માટે જે પાયાનું ઉત્ખનન થઈ રહ્યું છે તેમાં તમારા સમય અને શક્તિની અપેક્ષા રાખતી ધન્ય પળોમાં તમે જીવો છો એ રખે વિસરતા. ¶ આપણી જુવાન જનતા ભ્રમણવૃત્તિનો પુરસ્કાર ઓછામાં ઓછો કરે છે. પરંતુ અનુભવની ક્ષિતિજનો વિસ્તાર ભ્રમણવૃત્તિ વિના થવો ભાગ્યે જ શકય છે. જગતના અન્ય દેશોની એવી પ્રવૃત્તિઓથી તમે બીનવાકેફ હો તો યે આ અંકમાંનો 'ધ્રુવપ્રદેશનો વસાહતી' તમારી એ વૃત્તિ ઉશ્કેર્યા વિના નહિ રહે. એ વૃત્તિને કેટલી બર લાવવી એ તો તમારી ઝિન્દાદિલી પર આધાર રાખે છે. ¶ 'ઇજ્જત'ની ટૂંકી વાર્તામાં રહેલો માર્મિક સંદેશ તો તમે સમજી શકશો જ અને કાકાસાહેબના 'મિત્રની મૂંઝવણ'નો પણ વિનોદ અનુભવશો, પણ 'જીવનનું પરોઢ' આ વખતે રખે ચૂકતા. કાળી ભોમને પાવન કરતી સત્યાગ્રહની ગંગોત્રીની ત્યાં પ્રતિષ્ઠા કરનાર અને ત્યાં નવું જહ્નુસ્થાન નિર્માણ કરનાર નવયુગના ભગીરથના તપોજીવનનું એમાં આલેખેલું આંતર્દર્શન જીવનની અનેક સમસ્યાઓનો તમને સરળ ઉકેલ આપી રહેશે. ¶ બાકી તો 'મગર'નું શાસ્ત્રીય આલેખન, 'ગલતેશ્વર'નું સૌન્દર્યલિખન, 'મેઘાભાઇ'નું ધ્વન્યાલેખન કે 'આપણી ઊગતી પ્રજાની શારીરિક સ્થિતિ' પર વિષાદ દર્શાવતા કેટલાક નાનામોટા લેખો ને એવા જ વૈવિધ્યવિશેષ નવાજૂના ચાલુ વિભાગો છે જ, પરંતુ વિશેષત: તો આ અંક કુમાર-જીવનની અભીપ્સાઓ અર્થે અનુયોગની સાધનાસંધિ મેળવી આપીને સંતોષ માને છે.

મુદ્રક · બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂા. ૧, બ્રહ્મદેશના રૂા. ૬॥, પરદેશના ૧૨ શિ. છુટક દશ આના; મુંબાઇના ખાસ કૅન્વાસિંગ એજન્ટ અને જાહેરખબરના સોલ એજન્ટ શિષ્ટસાહિત્ય ભંડાર પ્રિન્સેસ સ્ટ્રીટ; બીજા એજન્ટો: આર. આર. શેઠની કું. અને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ









ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

ઉપરઃ ડાબી બાજુ, 'બિસ્તી'-ભાઇ હીરાલાલ પી. ભટ્ટ (અમદાવાદ), પહેલું ઇનામ; જમણી બાજુ, 'સહેલગાહે'-ભાઇ જેઠાલાલ શંકરભાઇ મિસ્ત્રી (નડીઆદ), ત્રીજું ઇનામ; નીચેઃ ડાબી બાજુ, 'ગજરાજ'-ભાઇ જયંત જે. ચોકશી (નડીઆદ), બીજું ઇનામ; જમણી બાજુ, 'બંધુપ્રેમ'-ભાઇ ઘનશ્યામ દલાલ (અમદાવાદ), નોંધપાત્ર.



ધ્રુવપ્રકાશ

ઉત્તરધ્રુવના પ્રદેશ પર છ માસ સુધી ચાલુ રહેતું સૂર્યોદયનું દશ્ય

વીજળીનો ચમકારો જ્યાં સ્વપ્નવત્ છે, વર્ષાનો એકે વારિકણ જ્યાં અચિંત્ય છે, ગર્જના જેવી વસ્તુ જ્યાં કલ્પનાતીત છે ને જ્યાંનું આકાશ એકે વાદળું જ નથી સંઘરતું એવા વર્ષાવિહોણા ધ્રુવપ્રદેશનો છમાસિક શિયાળો પૂરો થતાં જ, બીજા છ મહિના માટે અનસ્ત રહેવા આવેલો સૂરજ પહેલવહેલો ત્યાંની ક્ષિતિજે ફૂટી નીકળે છે. એ વખતના એના રંગરોમાંચનો કોઈ કલમ તો શતાંશ પણ ખ્યાલ ન આપી શકે. આગના એ રક્તવર્ણ ગોળામાંથી રુધિરનો પ્રવાહ જાણે વહી નીકળ્યો હોય તેમ સઘળી જમીન રક્તવર્ણી બની જાય છે, અને અંધારાની ચાદર ખંખેરતાં એક પછી એક ફૂટી નીકળતા ધ્રુવક્ષિતિજના એ રંગો પર સવારી કરી સૂર્ય ત્યાં સ્થિર થાય છે. આપણે અહીંની જેમ ત્યાં એને આખું આકાશ પાર કરવાનું નથી હોતું. એનું ક્રીડાસ્થાન માત્ર ક્ષિતિજ રહે છે, ને ક્ષણે ક્ષણે નવતા ડપાસતાં, તેની કિનારે કિનારે છ મહિના સુધી આખું વર્તુલ ફરી તે અદશ્ય થઈ જાય છે.

ઘેરૈયો

· શિખરિણી ·

અમે તો ઘેરૈયા; ગગન મહીં જે રંગ ઊડતા,
અને જે રંગો આ અવનિ-તટ રંગીન કરતા,
અમારાં છંટાયે ઉર સકલ એ રંગ થકી ને
અમે યે રંગાઇ અવનિ નભ જેવા બની જતા.
મહા ઘેરૈયો કો વિધવિધ લઇ રંગ ઘૂમતો,
ઘડી પૂર્વે છાંટે, ઘડીક વળી પશ્ચિમ ભરતો,
કદિ આખે આભે ઘનદળ મહીં રંગ પૂરતો,
કદિ સાતે રંગો લઈ ગગનમાં ચાપ કરતો.

અસીમે એના એ ફરીફરી બધા રંગ ઊડતા,
ઋતુ છંટાતી, સૌ દિન-રજની એ રંગ ધરતાં,
અને ઊઠે રંગો તૃણ, કુસુમ, પર્ણે, ફળ મહીં,
વળી આવી આવી અમ સકલ ભાવે ઊડી જતા.
અમે ઘેરૈયા સૌ બહુ બહુ ઘૂમી શોધ કરતાઃ
કહીં ઘેરૈયો એ? કહીં છુપવીઓ રંગનિધિ આ?

પ્રહ્લાદ પારેખ



તાકાત અને ખમીરની કેળવણી

● દુનિયા આખી આજે વ્યવસ્થિતપણે ભયંકર યુદ્ધ ખેડી રહી છે અગર ચોક્કસ શિસ્તથી તેનો સામનો કરે છે તે વખતે હિંદના પ્રાંતોમાં વ્યાયામ કે કવાયતને માટે, શરીર-સ્વાસ્થ્ય માટે અથવા શરીરબંધારણ માટે પૂરી પ્રાથમિક ભૂમિકા પણ રચાઈ નથી. ઉનાળાની રજાઓમાં ચાલતા ગ્રીષ્મ વ્યાયામવર્ગોના સમાચારો આપણને મળે છે, પણ તે પ્રવૃત્તિઓમાં પ્રજાનો ઉત્સાહ કેટલો છે, જેઓ એ વર્ગોમાં જોડાયા છે તેમના મુરબ્બીઓ અને મિત્રોનો તેમાં રસ કેટલો છે, એ તો તેની વ્યાપકતા વધતી જાય ત્યારે જ જણાય. બધા વિદ્યાર્થીઓ ઘર છોડી ખર્ચ કરી વ્યાયામ વર્ગોમાં ન જઈ શકે, પણ ઘણા પોતાના ગામ કે નગરની બહાર, શહેરના વર્ગ અને વય પ્રમાણે વિદ્યાર્થીઓને ભેગા કરી ગ્રીષ્મવર્ગોનું અનુકરણ કરી શકે.

મોક્ષનો માર્ગ ઉઘાડનારાં ગીતાપ્રવચનો ને પારાયણો-માં હજારો કે લાખોની મેદની જામે છે, પણ 'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્' બાબત કોઈ ધર્મપ્રવર્તકે ઝંડો રોપ્યો નથી, અથવા નગરના શ્રીમંતો, વરિષ્ઠ અધિકારીઓ કે પ્રોફેસર વર્ગે તેમાં આગળ પડી યુગજાગૃતિમાં પોતાને ભેળવ્યા નથી. સૌ નીરાંતે યુરોપનાં યુદ્ધોના સમાચારનો સવારમાં પાઠ કરે છે, પણ દેશની શારીરિક તાલીમ અને દરિદ્રાવસ્થાનો લેશ પણ વિક્ષેપ કોઈ અનુભવતા નથી. પાંદડા નીચે છુપાઈને ટગરટગર જોઈ રહેલી મુંડક ઈયળો જેવા સૌ જૂઠી સલામતી નીચે જગના ખેલ નિહાળી રહ્યા છે.

આફતો, મુશ્કેલીઓ કે સ્વરક્ષણના સમયે આપણું શું થાય તેનો પ્રત્યક્ષ ખ્યાલ આ પ્રજાને હુલ્લડો વખતે, નાસભાગ વખતે કે યુદ્ધના અકાળ પ્રકાંડ પ્રકોપ વખતે જ થાય. પણ તે વખતે એક સીસોટી થતાં સ્થાન ખાલી કરવું કે અસહાયને ઉઠાવી જવાં અથવા વેદના ખમીને પણ વ્યવસ્થિત રૂપે દુઃખ સહન કરવું એવા એવા પુરુ-ષાર્થની આપણે પક્ષે કલ્પના પણ આવતી નથી એ કરુણ હકીકતથી વધારે દુર્ભાગ્ય શું હશે?

શ્રી છોટુભાઈ પુરાણીના જીવનભરના શ્રમે ગુજરાતના અખાડા જન્માવ્યા. રાષ્ટ્રીય સરકારે શાળાઓમાં ફરજિ-યાત કવાયત દાખલ કરી અને ગુજરાત મધ્યસ્થ વ્યાયામ મંડળ સ્થપાયું તથા ગ્રીષ્મ વ્યાયામવર્ગોની શરૂઆત થઈ; છતાં શ્રી પોપટલાલ શાહનો 'ગુજરાતની ઊગતી પ્રજાની શારીરિક સ્થિતિ' પરનો આ અંકના પૃ. ૨૨૯ ઉપર ઉતારેલો લેખ જોતાં આપણો આંક કેટલો નીચો છે તે સ્પષ્ટ જણાશે. એ આખો લેખ તો અમે સ્થળસંકોચને લીધે આપી નથી શક્યા, પણ તેનો સાર જે આ અંકમાં આપ્યો છે તેની પાછળ પણ જે ધગશ જણાય છે તે શાળાસંચા-લકોનાં મનમાં ઊતરે તો હજુ પણ વધારે પ્રકાશ અને માર્ગદર્શન મળે તેમ છે. મૅટ્રિકની પરીક્ષા પસાર કરાવી આપનારી એજન્સી જેવી ખાનગી અને સરકારી શાળાના શિક્ષકજગતમાં એ લેખ કશો પણ પ્રક્ષોભ નહિ કરી શકે? એ કાર્યમાં માગેલાં પરિણામો આપનારને પારિતોષિક આપવા સુધી પણ એમણે તત્પરતા બતાવી છે.

દેશની શારીરિક અધોગતિ અને અસહિષ્ણુતા ઉપર તો પૂ. ગાંધીજી પણ વ્યાકુલતા અનુભવે છે અને એ જ લાગણીથી તેમણે સરદાર પૃથ્વીસિંહને ગુજરાતના તરુણોની સેવામાં પાછા અપાવ્યા છે. શારીરિક સહનશીલતાનો અદ્ભુત દૃષ્ટાંત સરદારજીએ પોતાના ગુપ્ત જીવનમાં દર્શાવ્યો અને હવે તો એમાંનું કંઈ યુવાન જગતને અજાણ્યું રહ્યું નથી. કોઈ પણ દેશને આજે ટકી રહેવું હોય તો પ્રથમ એ નમૂના-ના વીર પુરુષોનાં દળો તૈયાર કરવાં જ પડશે. પછી તે સત્યાગ્રહમાં વીર બને કે સમાજની સેવામાં જંગ ખેડે, અગર વિજ્ઞાન કે યંત્રના પ્રદેશમાં યાહોમ કરે કે જંગલો ને સાગરોનાં તળ તપાસે. તાકાત અને ખમીર કેળવ્યા સિવાય કોઈ જુવાન પોતાનો સંસાર પણ સુધારી શકવાનો નથી.

જે કાઠીઆવાડ એક વખત શરીરના બાંધા માટે ગુ-જરાતમાં પ્રશંસા પામતું હતું તે જ કાઠીઆવાડના તરુણોને સરદાર પૃથ્વીસિંહે ગોધાના ગ્રીષ્મવર્ગોમાં તાલીમની સરાણે ચડાવ્યા ત્યારે અસલ કાઠીઆવાડીપણું કેટલું ઊતરી ગયું છે તે જણાઈ આવેલું. આપણી શાળાઓ અને કૉલેજોમાં પીલાઈ કૂચો બની રહેલા, આરામી પ્રોફેસરોની નકલે ઢીલા બનેલા અને પરીક્ષાના આદર્શોને શરીર વેચી ચૂકેલા માનવ મગતરાંને શિસ્ત અને વ્યવસ્થા શીખવતાં સરદાર પૃથ્વીસિંહ જેવા પીઢ યોદ્ધાને શી આંતરવેદના થાય છે એ તો એ પોતે કોઈ વખતે કહેશે ત્યારે જણાશે. પણ હવે રોજ રોજ તાકી રહેતી આફતોનો સામનો કરવા શિસ્ત અને તાલીમના કાર્યક્રમ ગોઠવવા માટે કયું મુહૂર્ત બાકી છે?

એમના આરંભને પરિપક્વતા આપવા કેટલી મુદત આપી શકીશું ! હવે તો આજ અને કાલની વચ્ચે જગતનું મહાભારત રચાઈ રહ્યું છે. ગુજરાતના તરુણો ! એનો સંદેશ સમજો છો ? વખતની પળે પળ તમારા રાષ્ટ્રને પાછળ કે આગળ મૂકવાને અમૂલ્ય કિંમત ધરાવે છે. મોજ માણવાના, સૂવાના કે ગપ્પાં હાંકવાના દિવસો રહ્યા જ નથી. **ર.મ.રા.**

મગતરાંને માનવી બનાવવા નીકળેલા ભગીરથનું વ્યાયામસત્ર

સરદાર પૃથ્વીસિંહે અથવા વિદ્યાર્થીઓના પ્રિયપાત્ર બનેલા સ્વામીરાવે અહિંસાવ્રત અંગીકાર કરી પૂ. ગાંધીજીના આશીર્વાદ લઇ ગુજરાતને પોતાની સેવા અર્પણ કરવા નિરધાર કર્યો છે એ વાત એકેએક જગ્યાએ પ્રસિદ્ધ થઈ છે. એ કાર્યનો સમારંભ તેમણે ગોધા આગળ કાઠીઆવાડના એક ખૂણેથી કેવી રીતે શરૂ કરી દીધો છે તેનો વૃત્તાંત એ છાવણીમાં વસેલા એક તરુણના પત્રોમાંથી સારવીને અહીં આપ્યો છે. એ પહેલાં સરદારજીના જ પત્રમાંથી એમની ભાવના દર્શાવી આપતાં કેટલાંક વાક્યો જોઈએ:

'. . કાઠિયાવાડ ઔર ગુજરાત કે પ્રખ્યાત કુમાર કે લિયે ક્યા યહ ઉચિત નહીં હૈ કિ વહ વહાં પર પહુંચે, જહાં કિ કાઠિયાવાડ-ગુજરાત કે કુમાર એકત્રિત હુએ હોં ? વ્યાયામ વર્ગ કે કૅમ્પ મેં પાંચ બડે તમ્બૂ, એક બડા શામિયાના, સોલહ રાવટિયાં ઔર તીન છોટે ખિડ્કે લગે હુએ હૈં. કૅમ્પ કે પાસ હી સડક પર લગે હુએ પેડોંસે કૅમ્પ કી શોભા બઢ ગઇ હૈ. મેરે ખયાલ સે દૃશ્ય દેખને ઔર ચાતરને કે લાયક હૈ. યદિ આપ આ કર દેખોગે તો આપ મેરે સાથ સહમત હોંગે કિ કુમારોં કી યહ હલમચલ કા દૃશ્ય કઈ દૃશ્યોં સે જ્યાદહ મનોહર હૈ. . . . બહુત નજદીક કે ભવિષ્ય મેં કાઠિયાવાડ-ગુજરાત કે કુમાર એક નયા હી ચિત્ર પેશ કરેંગે, જો મેરી દૃષ્ટિસે બહુત હી મનોહર હોગા. ઇસ લિએ આજ કે કુમારોં કા ચિત્ર ઇતિહાસ કી દૃષ્ટિસે બહુત ઉપયોગી હોગા. . . . આપકી માહિતી કે લિયે લિખતા હું કિ વર્ગ મેં ૩૪૦ ભાઈ ઔર ૬૦ બહિનેં દાખિલ હુએ હૈં . . . . . .'

હવે પેલા પત્રો:


ગોધા વ્યાયામવર્ગ તા. ૪-૫-૪૦

અહીં ખટારાગાં પહોંચ્યા ત્યારે જાણે અમારા સ્વાગત માટે જ ઊભા હોય તેમ સ્વામીજી સામે જ ઊભા હતા. અમે ઊતર્યા કે તુરત મારા બે મિત્રો અમને પોતાની રાવટીમાં લઈ ગયા. ધીમેધીમે રાવટીમાં સંખ્યા વધતી ગઈ અને અત્યારે અમે છ જણા છીએ.

અમારો કૅમ્પ ગોધા ગામથી એક માઇલ દૂર ખેતરોમાં આવેલો છે. રાવટીઓ, તંબૂ અને શમિયાણા નાખી અમારા માટે રહેવાની જગ્યા કરી છે. ખેતરમાં ઢેફાં ભાંગી, રેતી નાખી જમીન સાફ કર્યાં છતાં હજી પણ ઢાભોળિયાં અમે camp-life જીવવા આવ્યા છીએ તેનું ભાન કરાવે છે અને એ રીતે ધરતીનો સીધો સંપર્ક તાજો રહે છે!

એક બાજુ રાવટીઓની હાર, એક બાજુ મોટો સો દોઢસો માણસો સૂઇ શકે તેવો શમિયાણો, એક બાજુ તંબૂઓમાં ઑફિસ અને શિક્ષકો, પાછળના ભાગમાં વડ નીચે ભોજનશાળા અને સૌથી વધુ અગત્યનો, રસ્તા પાસેનો નવા આવનારનું સ્વાગત કરતો ઘટાદાર વડ—જેની નીચે ભાષણો થાય છે તે—આવું બધું કૅમ્પનું વાતાવરણ છતાં શહેરી વિદ્યાર્થીને સ્વામીજીની ટીકા કરતાં અહીંના ઢાભોળિયાં વધુ ખૂંચે છે. સ્વામીજીએ પહેલે જ દિવસે કહી દીધું કે 'અહીં હું તમને કષ્ટ ભોગવવાનું શીખવાડવા માગું છું. તમારી પાસેથી ચુસ્ત શિસ્તપાલનની આશા રાખું છું. જો કોઇ એમ માનીને આવ્યું હોય કે અહીં આસાની હશે તો તે આજે જ ચાલ્યા જાય.' આમ કહેવા છતાં સ્વામીજી અમને એકેએક સગવડ મળે તે માટે ગોઠવણ કરે છે. અહીં કોઇ લખેલ નિયમ નથી. સ્વામીજીની સૂચના અને હુકમો તે જ નિયમ. પણ તે હુકમમાં લશ્કરી હુકમો જેવી તીખાશ ન મળે. આટલા દિવસમાં અમારા બધાની નાની નાની નબળાઇઓ, બેદરકારી, અને પોલાપણું ચીંધીને સ્વામીજીએ અમને એવા તો ડુચાડા પાટ્યા છે કે બધા માંદા લાગે છે. નહાવામાં, જમવામાં, ફરવામાં, હરવામાં, બોલવામાં, નિત્યકાર્ય કરવામાં એવીએવી કેટલી યે ઝીણી ઝીણી બાબતોમાં રહેલી અમારી અપૂર્ણતા ઘડીએ ને પળે નજરે ચડે છે. દાતણ વહેંચવાના કામથી માંડી ભાષણો આપવા સુધીની વ્યવસ્થા ઉપર સ્વામીજીની નજર ફરે છે, ને અમારું ૨૪ કલાકનું જીવન કેમ સંગીન અને સંપૂર્ણ બને એ તરફ જ એ વિચાર કરતા હોય છે. અને તેથી જ એમણે કહેલું કે 'આ વર્ગ દરમિયાન મારો વિચાર તો એક ખૂણે બેસી મારું જીવનચરિત્ર લખવાનો હતો; પણ તમારા બધાની 'માંદગી' જોતાં તો એમ લાગે છે કે મારે પહેલાં તમારું ૨૪ કલાકનું જીવન ઘડવું પડશે.' અને એ જીવન ઘડવા તેઓ અમારે કેમ પેસાબ કરવા બેસવું અને ટટ્ટી જવું એ સૂચનાથી માંડી 'અહિંસા' ઉપર વ્યાખ્યાન આપવા સુધીના કાર્યમાં રોકાએલા રહે છે. પરંતુ તેમની આટલી સૂચના છતાં બધા જૂની ટેવો ભૂલી શકતા નથી અને દરરોજ એમને 'ઘર કી બાત' કહેવી પડે છે.

સવારના પોણા પાંચ થાય, બ્યૂગલ ફુંકાય અને બધા બિસ્તરા લપેટી ઊભા થઇ જાય. કેટલાક હજી પણ ઘોરતા હોય ત્યાં સ્વામીજીની બૂમ પડે અને આંખમાંથી નીંદ



ગોધા વ્યાયામવર્ગ : ઉપર-(૧) બહેનોની કવાયત; (૨) સરદાર પૃથ્વીસિંહ (સ્વામીરાવ); નીચેઃ (૧) લકડી; (૨) ગોધા વ્યાયામવર્ગના મુખ્ય તાલીમી ઉસ્તાદ પંચાવન વર્ષના યુવાન વૃદ્ધ શ્રી આબ્બાસાહેબ જોગ.

ઊઠી જાય. ૪૦ મિનિટમાં દાતણ અને ટટ્ટીનું કામ પૂરૂં કરવું જ જોઇએ. સાડા પાંચ વાગ્યે બીજું બ્યૂગલ વાગે ત્યારે પ્રાર્થના માટે ટુકડી પ્રમાણે હારમાં બેસી જવાનું. પ્રાર્થના પછી બધાએ ટુકડીઓમાં કસરત કરવા જુદાંજુદાં ખેતરોમાં ઊપડી જવાનું. બહેનો પણ ગામમાં આવેલા તેમના ઉતારેથી ટુકડીમાં આવે અને સીટીઓ તથા હુકમો થવા માંડે. પણ હું તો આ દોઢ કલાકની કસરતમાંથી છૂટો. મારે અને મારા જેવા બીજા પાંચ-સાત માંદાઓએ તો દરેકને માથે એક એક ટબ ઊચકી સૂર્ય ઊગતાં પહેલા પોણા છ વાગ્યામાં કૂવે જવાનું. (કૂવો અહીંથી બેત્રણ ખેતરવા દૂર છે. એક સાથે દસ જણા તરી શકે તેવો કૂવો છે છતાં તેનો દુરુપયોગ થતાં સ્વામીજીએ તરવાની મનાઇ કરી છે.) ત્યાં જઈ, ટબ પાણીથી ભરી, શરીરે માલિશ કરી, તેમાં પેટનું માલિશ કરતાં અરધો કલાક બેસી રહેવાનું. અમારા માટે આ ટબ-બાથ જ કસરત અને દવા. સાથે સાથે sun-bath પણ થાય. ત્યાં એ જ વખતે સ્વામીજી આવી પહોંચે અને અમારી બધી ફરીઆદ સાંભળે. પોતે નહાય અને અમને સૂચના આપે.

અમે નહાઇને (ખરી રીતે પેટ પલાળીને જ) પાછા આવીએ ત્યાં છા વાગ્યે દૂધ પીવાનો ઘંટ વાગે. દૂધ સાથે ચણા પણ આપે છે.

આઠથી સાડા નવ 'શરીરવિજ્ઞાન' ઉપર જાદવજીભાઈ મોદી વ્યાખ્યાન આપે. ત્યાર પછી ૧૧ વાગ્યા સુધી નહાવાધોવાનું ચાલે. ૧૧ વાગ્યે જમવાનો ઘંટ થાય. જમવામાં દાળ ભાત રોટલી શાક. રોટલી એક પડવાળી પણ ભૂખને લીધે પાંચ છ ખવાઈ જાય છે. દાળ અને શાકમાં મરચું જ ન મળે. શાકમાં વિટામીનવાળા (છાલવાળા) બટાટા તો દરરોજ હોય. કોઇ વખતે તેની મદદમાં બીજું શાક આવે. ઘી દરરોજનું પાંચ રૂપિયાભાર અને તેલ ૧ાા. ૧૫ રૂપિયામાં આથી સારૂં તો ન જ મળે. જમીને dry and clean પદ્ધતિ મુજબ વાસણ ધોઈ નાખવાનાં.

જમ્યા પછી ૩ વાગ્યા સુધી આરામ. તે દરમિયાન કોઇ નહાવાધોવા જાય, કોઇ વાંચે, કોઈ ઊંઘે. હું ટપાલની કામગરી ઉપર છું એટલે મારે વચમાં એક કલાક કાઢે ને કવર વેચવાનાં. એ પ્રમાણે બીજા કોઇ સાબુ, નોટ વગેરે વેચે. આજથી ૨ ને ૩ વચ્ચે ગોપાળભાઈ કુલકર્ણી હિંદીનો વર્ગ ચલાવવાના છે. ત્રણ વાગ્યે સામાન્ય વિષયો ઉપર વ્યાખ્યાન થાય. પહેલો વિષય ગોપાળભાઇએ અહિંસા

લીધેલો ને આટલા અઘરા વિષયને તેમણે એટલી સરસ રીતે છણેલો કે ઘણુંખરું સમજાઈ ગયું. ત્યાર પછી તેમણે જ 'શરીરવિકાસ અને શરીરશુદ્ધિ' ઉપર કાલે વ્યાખ્યાન આપ્યું. સ્વામીજીએ પણ અહિંસા સમજાવી—તેમણે શા માટે અહિંસા ગ્રહણ કરી તે. આ વખત દરમિયાન નાના છોકરાઓને વાર્તા કહેવા હમણા મૂળશંકરભાઈ આવ્યા એટલે નાના છોકરાઓને પણ મજા પડે છે. સાડા પાંચ સુધી વ્યાખ્યાન ચાલે અને પછી ૭ વાગ્યા સુધી કસરત. ૭ા-૮ વાગ્યે જમવાનું: ખીચડી, ભાખરી, શાક, દૂધ.

જમ્યા પછી ૯ા વાગ્યા સુધી મનોરંજક કાર્યક્રમ, World Politics (સ્વામીજી); અને ૯ા—'સો' જાઓ.'

સ્વામીજી નાના છોકરાઓની તો ખૂબ કાળજી રાખે છે. તેમને જાતે ઉઠાડે અને એક જુદી ટુકડીમાં કસરત કરવા મોકલે. નહાવા માટે P. D. ની સાથે બધાને કૂવે મોકલે ત્યાં P. D તેમને ચોળીને નવડાવે. હાડિયા તેમનાં કપડાં ધોઈ દે. જમતી વખતે તેમની હાર જુદી થાય. બપોરના કોઇ વખત તેમને છાશ કે શરબત મળે. આજથી તેમની કામગરીની કાંઈક વ્યવસ્થા થાય છે. અત્યાર સુધી તો વડની ડાળે હીંચકાજ આખો દિવસ ખાધા. નાના આઠ દસ વર્ષના છોકરાઓ પણ છે.

હવે ધીમે ધીમે સ્વામીજી કડક થતા જાય છે. ગઈ કાલે રાત્રે હુકમ છોડયો કે બધાએ બિસ્તરા લઇ રાવટીઓની બહાર નીકળી જવું અને વચમાં મેદાનમાં જાજમ ઉપર હારમાં સૂવું. બધાને જેલના કેદી માફક હારમાં સુવાડયા. શિક્ષકોમાંથી વારા ગોઠવી આખી રાતના ચોકી પહેરા ગોઠવ્યા. રાવટીમાંનો સામાન સાચવવા એમની કાલની કડકાઇએ બધાને મૂગા કરી દીધા. રસોયાને પણ તમાકુ, ચા લેવાની અને કૂવામાં પડવાની બંધી કરી. અહીંથી એક ખેતરવા દૂર એક મંદિર ને કૂવો છે. ત્યાંના બાવાએ છોકરાઓને નહાવા-ધોવાની ના પાડી એટલે ત્યાં જઇ, બાવાને છોકરાઓ નહાઇધોઇ લે ત્યાં સુધી બાંધી પૂરી દેવાની ધમકી આપી; અને બાવો તરત સીધો થઈ ગયો.

તા. ૨૦-૫-૪૦

તમે બને તો ૨૬ મી પહેલાં જરૂર અહીં આવી જાઓ. ખૂબ સુરસ વાતાવરણ છે. મને તો અહીંથી ખસવું ગમતું નથી. ગયા બુધવારે અમે કોળિયાક ગયા હતા. સાંજે પાંચ વાગ્યે ટુકડીવાર બધાને ઉપાડયા અને બે કલાકમાં ૭ માઈલ કોળિયાક પહોંચી ગયા. દરિયાકિનારે જ ઊતર્યા. કિનારાની પાસે જ એક મંદિર છે. એ જગ્યા ખૂબ જ સુંદર છે. પણ અમારે તો ખુલ્લામાં રહેવું હતું, એટલે પગ આગળ પાણી અથડાય એ રીતે બધાએ શતરંજીઓ પાથરી. ખરેખર! અમારા જીવનમાં આવી મઝા તો કદિ નહિ આવી હોય. ઘૂઘવતા સાગરને કાંઠે જ, તેનાં મોજાંમાં પગ ભીંજવતા સાડા ચારસો વિદ્યાર્થીઓ રેતીમાં સૂતા સૂતા આઠમની ચાંદનીની મોજ માણતા હોય એ દૃશ્યનો ખ્યાલ તો જોનારને જ આવે.



ચાંદની રાતમાં શાંત નિદ્રા (સ્કેચ: ર. મ. રા)

કુદરતના એ થીએટર ઉપર લાંબે સુધી પથરાએલી ઝીણી સ્વચ્છ રેતીમાં પડેલી અમારી ચારસોની ટોળી તો એક નાના ઝુમખા જેવી લાગતી. તેમાં અમે દરેક જણ તો દૂરથી જોનારને રમકડું જ લાગીએ. ટુકડીવાર હારમાં સૌ પડયા હતા. દરેક ટુકડી પાસે રેતીમાં ખોસેલી ત્રણ લાકડીઓ ઉપર ફાનસ લટકતાં હતાં. કોઇ બંસી બજાવતું હતું, કોઈ ગાતું હતું. કોઈ દુહા લલકારતું તો ક્યાંક કેટલાક ગોળમાં બેસી ભજનની ધૂન મચાવતા. મોટાં મોટાં વર્તુળોમાં બેસી અમે ત્યાં રેતી ઉપર જ રાતના ભાખરી ને દૂધ જમ્યા. જમ્યા પછી કોળિયાક ગામના સેવાદળે લાઠીના પ્રયોગો કરી બતાવ્યા. એ જોતાં તો એમ લાગ્યું કે જો લાઠી ખરેખર શોભે તો આવા હળ ઝાલનારના જ હાથમાં શોભે. અમારા જેવા તકલાદી તો શું લાઠી ફેરવવાના? અમારા વિદ્યાર્થીઓ પણ હેરત પામી ગયા એટલું શિસ્તબદ્ધ એ કામ હતું. પછી તો ગરબી પણ લેવાઇ અને તેમાં અમારામાંથી પણ જોડાયા. દસ વાગ્યે બ્યૂગલ થયું અને સૌ થાકયા-પાકયા પથારીમાં—રેતીમાં પડયા. બીજે દિવસે ઊઠીને જોઇએ તો રાતની ભરતી ઓસરી ગઇ હતી અને રાતના રૂપેરી લાગતો સાગર ભૂખરો થઈ ગયો હતો. ઊઠી, દાતણ-પાણી કરી સૌએ દૂધ ને ભાખરી સારી રીતે ઝાપટયા. પછી નીતમ ભટ્ટે અમેરિકાનાં તેનાં સ્મરણો કહ્યાં. અત્યાર સુધીમાં તો બધા નહાવા માટે તલપાપડ થઇ રહ્યા હતા. સ્વામીજીએ મોટા વિદ્યાર્થીઓની પાણીમાં કોર્ડન બનાવડાવી બધાને દરિયામાં પડવાની છૂટ આપી. ઘડીભરમાં તો બધું પાણી ડહોળું થઈ ગયું. પણ ખૂબ મજા આવી. કેટલાંય સાપ, માછલાં વગેરે પગ સાથે અથડાતાં છતાં કોઈની બહાર નીકળવાની મરજી નહોતી. ઘણો વખત થયો એટલે સ્વામીજીએ બધાને (અનુ. પૃ. ૨૩૨મે)

દારુણ ઝંઝાવાતો ને કરાલ ઝાકળદંશ જ્યાં આદમીને ઊભો જ થીજાવી દે છે અને

ધરતીની છાજલી સમા ધ્રુવપ્રદેશ પર જઇને વસાહત કરનાર યાન વેલઝલની ખતરનાક સફરની રોમાંચકથા

સાઈબીરિયાના ઠંડા વેરાનમાં એક પૂલ પર લુહાર તરીકે રોજે જતા કોઈ તરુણના દિલમાં ધ્રુવપ્રદેશોની વાતો સાંભળી ત્યાં પહોંચવાની તાલાવેલી જાગે, જાગતાં જ બીજું બધું છોડી પારાવાર મુસીબતો ઓળંગી ત્યાં પહોંચે, અને એ કરાળ વેરાનનો સ્થાયી વસાહતી બને, એ વાત પહેલી નજરે તમારા માન્યામાં નહિ આવે. ઘણાંને નહોતી આવી. પણ ફેર્બૅન્ક્સના એ લુહાર યાન વેલઝલે તો એ રંગદર્શી ઊર્મિની વાસ્તવિકતા આંકી બતાવી છે. એના કુટુંબને વારસો જ જર્મનો જેને 'Wanderlust'–ભ્રમતારામ કહે છે તેનો મળ્યો હતો. એનો ભાઈ અંતરના એ અવાજને વશ થઈ ઠેઠ ઑસ્ટ્રેલિયા પહોંચેલો ને એના અંતરાળમાં તે ક્યાં ગુમ થયો તેનો આજ સુધી પત્તો નથી.

ને વેલઝલ પણ ૧૮૮૪ માં લુહારકામ શીખીને ઝગરેબથી પગપાળો ઊપડી વિએના, ટ્રીએસ્ટ, બોસ્નિયા, સર્બિયા ને ઠેઠ રુમાનિયા સુધી રખડી આવ્યો હતો. આટ્લાંટિક પાર કરી ઉત્તર અમેરિકામાં તે ઘૂમ્યો હતો ને પશ્ચિમ આફ્રિકામાં ટેગલ પર્વત સુધી આથડ્યો હતો. હિંદી મહાસાગર પણ પાર કરી. વ્લાડિવૉસ્ટૉક, પોર્ટ આર્થર ને ઠેઠ બાંઇકાલ સુધી ભટકી પછી જ તે ફેર્બૅન્ક્સ પહોંચ્યો હતો, એટલે એના ધ્યેયને પહોંચવા માટે જોઈતાં અનુભવ, સાવધાની ને ઝિંદાદિલી તો એ સંચીને જ બેઠો હતો.

એને થયા કરતું: 'જો રાજકારી કેદીઓમાંનો કોઈ માથા ફરેલો જણ કોઝાકોના પહેરામાંથી છટકી જઇ, બંધનો સહિત જંગલો ને વેરાનો ઓળંગી જાય છે, તો હું મુક્ત મનુષ્ય શા માટે નહિ? ને હું તો તરુણ, મજબૂત ને તંદુરસ્ત છું, સાધનસંપન્ન પણ છું.' અને એના અંતસ્તલમાંથી જાણે તેનો જવાબ આવતો: 'તું ચાલી નીકળ, ચાલી નીકળ, તું ફતેહમંદ જ થવાનો.'

પૂલનું કામ પૂરું થયું કે એ ઊપડ્યો. બેવડા તળિયાની એક ઘોડાગાડીમાં એણે જોઇતાં સઘળાં ઓજારો ને સામાન ભરી લીધો. ઝાઝું ભણેલો પણ એ ન હતો, એટલે નકશાનાં ચીતરામણોનો તેને કશો અર્થ ન હતો. ઉત્તરમાં જવાનું છે—એ દિશાએ જ આગળ વધતા રહેવાનું છે, એટલો જ માત્ર ખ્યાલ તેને હતો. આંખ ઓળંગી પણ ન શકે એવાં સૂકાં ઘાસનાં બીડો વીંધી પચાસ દિવસે તે ક્રારેન્સ્ક પહોંચ્યો. એ બીડામાં ભૂલથી પણ એક સળગતી કાંડી પડી ગઈ હોત તો શી વલે થાત!

ત્યાંથી આગળ વધતાં વિટિમ નદી આવી. દોઢસો-એક વાર પહોળી એ નદીને કાંઠે બે દિવસ રખડ્યો ત્યારે તેને ગાડાના ચીલા એક ઠેકાણે પાણીમાં પેસતા જણાયા. ત્યાં પાણી છીછરું હતું. એટલી નાની નદી પાર કરતાં પણ બે કલાક લાગ્યા, એટલી વેગભર તે ધસતી હતી. બીજે જ કાંઠે માથોડાપૂર ઘાસ આવેલું હતું. ને એ પાર કર્યું ત્યાં તો ઊંચાં ને ગીચ ઝાડાવાળું એવું જંગલ શરૂ થયું કે કૅનેડા ને આલાસ્કાનાં કપરાં ગણાતાં ગીચ જંગલો તેની પાસે કંઈ વિસાતમાં નહિ. કેટલેક ઠેકાણે તો અંધારું એટલું વધી જતું કે બરબપોરે દીવો સળગાવવો પડતો! પણ ત્રણ દિવસે એકલપંડે તે આખું પાર કરી ગયો ત્યારે તેનાં અનુભવ, હિંમત ને આત્મપ્રત્યય અનેકગણાં વધી ગયાં હતાં. એ એકાકિતામાં આગળ વધતાં પહેલાં એને વિચારો આવતા કે આવામાં હાથપગ ભાંગ્યો કે બીજી ગંભીર ઈજા થઈ યા માંદો પડ્યો તો શી વલે થશે? પણ પછી તો કેમ જાણે પોતે યે એ ભયંકરતાનો જ એક ભાગ હોય તેમ એ નિર્ભીક બની ગયો.

ત્યાંથી આગળ વધતાં ટુન્ડ્રના ખરબચડા વિસ્તાર આવી લાગ્યા. ફૂટ દોઢ ફૂટની જ્યાં ત્યાં પથરાએલી ટેકરીઓ પર ગાડી આમતેમ ઉલળતી રહેતી. ક્યારેક એ પાણીમાં સમાઈ જતી ને ઘણી વખત તો પાણી બગલ સુધી પહોંચતું. આમ ને આમ ટીચાતો તે લીનાને કાંઠે ઓલેકમિન્સ્ક પહોંચ્યો. એના સોનાના વિસ્તારો પર હજારો કામદારો કામ કરી રહ્યા હતા. નદી પણ ત્યાં ખૂબ મોટી હતી ને સ્ટીમરો આવી નાંગરતી. ત્યાંથી જોઇતો સામાન ભરી તે ઊપડ્યો.

પાછું અનંત જંગલ શરૂ થયું. બીવર, વરુ, શિયાળ ને જરખ હવે દેખાવાં શરૂ થયાં. મંગોલ ભરવાડો ક્યાંક ક્યાંક ભેટતા. એમના ઉટજગ્રામના મહેમાન થઈ,

વરસમાં છ માસ લગી અનસ્ત સૂર્ય જ્યાં અદ્ભુત રંગરોમાંચ કરી મૂકે છે એ

સુવર્ણાવર્ત

ધ્રુવપ્રદેશનો વસાહતી

★

આવી યે પણ એક તમન્ના છે ને! ક્યાંય નહિ ને છેક ઉત્તર ધ્રુવમાં—થીજાવીને મારી નાખે એવા બરફના એ વેરાન પડથાર પર જઇ વસવાનો એને નાદ લાગ્યો. અને—અને દુનિયાની કપરામાં કપરી સાહસ-સફર ખેડી એ ત્યાં પહોંચ્યો, પહોંચીને વસાહત કરી, ને હજી યે વસે છે: ત્યાં—જ્યાં મોત હમેશનું મહેમાન બની બારણે ટકોરા મારતું ખડું હોય છે; ત્યાં—જ્યાં દારુણ ઝંઝાવાતો ને કરાલ ઝાકળઝંઝા આદમીને ઊભો ને ઊભો ઠારી નાખી તેનાં અંગ ખેરવી નાખે છે; ત્યાં—જ્યાં વરસમાં છ માસ સમસ્ત ક્ષિતિજ પર અનસ્ત સૂર્ય અદ્ભુત રંગરોમાંચ કરી રહે છે એ સુવર્ણાવર્તમાં.

★

સુરોવાર (ઘોડીનું દૂધ) તથા દાંત ભાંગી નાખે એવા રોટલાની મહેમાનગત ચાખતો તે યાકુટ્સ્ક થઈ શિગાલાવા તરફ વળ્યો. રસ્તામાં ચુકચી, ચાઉચી, યુર્તેન, યાકુત, લામુત વગેરે મંગોલ જાતિઓનો ભેટો થતો જ રહ્યો. એક જાતિ વચ્ચે તે ઊતર્યો ત્યાં તેના મુખીએ એક સ્ત્રીને તેની પત્ની બનાવી સાથે લઈ જવા કહ્યું. વેલઝલે ના પાડતાં એ લોકોએ એ સ્ત્રીનું પેટ ચીરી નાખી તેને નદીમાં ફેંકી દીધી! એક ઠેકાણે તે ઊતર્યો ત્યાં સૂતી વખતે ત્યાંના રિવાજ મુજબ તેને બધાં કપડાં કાઢી નાખવાં પડ્યાં. ઊંઘવાનો ઢોંગ કરી એ પડ્યો હતો ત્યાં તો આખા યજમાનકુટુંબે ભેગા થઈ એની પેટી ઉઘાડી. બધી વસ્તુઓ તપાસી ને તે પર આશ્ચર્ય ને વખાણ વરસાવી પાછી જેમની તેમ બરાબર ગોઠવીને મૂકી દીધી. એટલે સુધી કે દીવા-સળીની એક પેટી યે ગેરવલ્લે નહોતી ગઈ.

અને ત્યાંથી આગળ વધતાં તો વેલઝલને કલ્પના યે ન આવેલી એવી જબરી નદી યાના આડી આવી ઊભી. એનાં પૂર એના કિનારા પર કેટલે ય સુધી ફરી વળેલાં. ઉછળી ઉછળી એનાં મોજાં ઉત્તર તરફ ધસ્યે જતાં હતાં. હવે! ઇન્સાનની તો ગંધ સરખી ત્યાં નહોતી. કિનારે કિનારે તે ખૂબ આથડ્યો, પણ ક્યાં યે કારી ફાવે એમ ન જણાયું. ને નદી થીજી જાય તે માટે શિયાળા સુધી રાહ જોવી એ પણ એને પોસાય તેમ ન હતું.

પણ એ હારી ખાય એવો ન હતો. એણે ઓજારો સજ્યાં. ઝાડ કાપી કાપી, છોલી છોલીને, લાકડાની ખીલીઓ વડે જ ત્રેવડા તળિયાનો એક મોટો તરાપો કર્યો, જેથી ઘોડા પાણીમાં ડૂબેલો ન રહે. ચાલીસ વાર જેટલાં લાંબાં લાકડાં વડે કેટલાક દિવસે તરાપો તૈયાર થયો ને તે પર ચડી બેસી બંને કિનારા પર નજર રાખતાં તેણે તે પાણીમાં હડસેલી દીધો. રસ્તામાં અમુક ઠેકાણે ઊતરવા પ્રયાસ કર્યો, પણ વ્યર્થ. આગળ ને આગળ તે તણાતો જ ગયો.

છેવટે શાતીનાક નજીક તે ઊતર્યો ત્યારે એવો તો થાકી ગયો હતો કે એનાથી ઊભા પણ રહી શકાતું નહોતું. આંખે ડીલે એને ધ્રુજારી છૂટવા માંડી હતી. જેમતેમ ત્યાંના કોઝાક અધિકારી પાસે પહોંચ્યો. બધી વાતથી તેને વાકેફ કરતાં તેણે ઝૂંપડું ખાલી આપી આરામ લેવા કહ્યું, અને ધ્રૂજવાનું કારણ અતિશ્રમથી આવેલો તાવ જણાવ્યો. ઘોડાને ચરવા મૂકી એ ઊંઘવા પડ્યો તે પડ્યો. વચ્ચે કોળિયા બે કોળિયાની ઉદરપૂર્તિ સિવાય સતત પાંચ દિવસ ને પાંચ રાત એ ઊંઘ્યો ત્યારે શરીરમાં પાછી સ્ફૂર્તિ જણાઇ!

આરામ થતાં એ ઊપડ્યો. સીલવિલાર પહોંચી ત્યાંથી કોલીમા નદી ભણી વધતાં તેને કહેવામાં આવ્યું કે એ નદી પર કોલીમ્સ્ક નામક ત્રણ સ્થાનો આવેલાં હતાં: અપર કોલીમ્સ્ક, મધ્ય કોલીમ્સ્ક અને

નિમ્ન કોલીમ્સ્ક. એમની વચ્ચે નદીને કાટખૂણે જ, ઓળંગવી મુશ્કેલ એવી ડુંગરાની ધારો આવેલી હતી. એણે પણ એવી જફેમનમાં પડવા કરતાં કોલીમા આવી લાગતાં કુહાડી સજ કરી ને પહેલાં કરતાં યે વધુ મજબૂત તરાપો બનાવી કાઢ્યો. સાંજ પડતાં કિનારાના કોઇ ઝાડ સાથે તરાપો બાંધી તે ગાડી પર ઊંઘી જતો ને સવારના પાંચ વાગ્યે ઊઠી, એ કલાકમાં રસોઇ પતાવી સાત વાગ્યે તો ઊપડી નીકળતો.

નિમ્ન કોલીમ્સ્ક પહોંચીને ત્રણ મહિનાના સાથીદાર તરાપાને તજવો પડ્યો; પણ એથી યે વધુ જૂના સાથીદાર તેના ઘોડાથી યે વિદાય લેવી પડી. કારણ કે આગળ આવતો પટ ઘોડાથી સહ્યો જાય એમ ન હતો. એ માટે તો રેનડીઅરો જ જોઇએ. આંસુભીની આંખે ઘોડાને એણે વિદાય આપી ને રેનડીઅરોની ગાડીમાં બધા જરૂરી સામાન સાથે તેણે મજલ આગળ લંબાવી. રેનડીઅરો વેચનારે તેને તાકીદ આપેલી કે દિવસમાં એક વખત તો તેમને ચરાવવાં જ. દોઢ દિવસ સુધી જો ચારો ન મળ્યો તો એ આગળ પગલું નહિ ઉપાડે ને લાંબાં થઇ સૂઇ જશે. એની ખોરાકની દરકાર ન રાખનારા કમભાગી ઇન્સાનો બૂરી વલેથી મોતને ભેટેલા હોવાનાં બયાનો પણ એણે આપ્યાં.

આ ચેતવણીનો ભય મનમાં સંઘરી તે કોલ્યુચિન ટાપુ તરફ વધ્યો. રેનડીઅરો ઘોડા કરતાં પાંચગણી ઝડપે બરફની પડથાર પર જાણે વહેતાં જતાં હતાં. એટલી ઝડપે વરૂઓની ભુરી આંખોનો ત્રાસ પણ બુઠ્ઠો બની જતો હતો.

એ કોલ્યુચિન પહોંચ્યો ત્યાં સુધીમાં દરિયો થીજી ગયો હતો એટલે વ્હેલોના શિકારી કોઇ વહાણ પર જગ્યા મેળવી આગળ વધવાની મુરાદ બર આવે એમ ન લાગ્યું. આથી સેન્ટ લૉરેન્સ ટાપુ તરફ તે આગળ વધ્યો. એનાં દાઢીમૂછ ને જટા વધીવધીને પવન તથા ઠંડીથી એવાં તો બરછટ બની ગએલાં કે તેણે પોતે લખ્યું છે તેમ તે વાંદરાનો નહિ તો કોઇ જંગલીનો જાતભાઈ તો જરૂર લાગે. જિંદગીમાં એણે કદી ન જોએલા એવા એસ્કીમો લોકો અહીં મળ્યા. એમાંના કેટલાક રશિયન ભાષા જાણતા હતા. તેમણે તેને ઉત્તરના પ્રદેશોની જોઇતી માહિતી આપી. ન્યૂ સાઇબીરિયા ટાપુઓની મુસાફરી આકરી હોઈ રેનડીઅરોથી એ શ્રમ સહન નહિ થાય એમ જણાવી એને તેમણે બેર ટાપુઓ પર પહોંચવા કહ્યું.

ને એ મુજબ તે બેર ટાપુઓ પર પહોંચ્યો. પણ ત્યાં ન મળે એકે ઝાડ કે ઝરણું કે ન મળે એના ખુશનુમા ઢાળો પર કશી લીલોતરી. બરફ ને ખામોશી બધે વ્યાપી રહેલી. સૂકાં માછલાં ખાઇ ને બરફ ચૂસીને એણે વખત ગુજારવા માંડ્યો. ઠંડીથી બચવા માટે શરીર શેકવા બળતણ ન મળે, એટલે તે નાચી, કૂદી, દોડીને તેને શરીરને ગરમી આપવી પડતી.

એ શાપિત ટાપુ પર એ ખૂબ રઝળ્યો. રઝળી રઝળીને પગની તાકાત પણ ઓસરવા આવી. 'શું આ જ અંજામથી મારો ફેંસલો થશે?' તે વિમાસતો હતો. ત્યાં તો માછલી રંધાવાની વાસ આવી. વળી ખૂબ રખડ્યો, પણ કશો જ પત્તો ન મળ્યો. વળી પાછો વિમાસણે ચડ્યો, 'હું ભ્રમમાં તો નથીને? કે ગાંડો તો નથી થઇ ગયોને?' પણ ત્યાં સેંટ લૉરેન્સના એસ્કીમોએ તેને કહેલી વાત યાદ આવી કે ધ્રુવવાસી એસ્કીમો બરફની સપાટી નીચે ઘર ખોદીને રહે છે. બૂમો પાડતો એ આગળ વધતો ગયો ત્યારે એક બખોલમાંથી રૂંવાટીએ લપેટેલો એક નાનો આકાર બહાર નીકળતો દેખાયો. તેણે અણસારે એને સમજાવ્યો એટલે કોલસાનો ગંજાવર જથ્થો એને દેખાડ્યો. એ કોલસાના મદાર પર રહી બરફ ઓગળવાની ને કોઇ વ્હેલર આવવાની રાહ જોતો, સસલાંના શિકાર પર નભતો, એક ખડક પરની ગુફામાં નિવાસ રાખી વેલઝલ સ્થિર થયો.

આખરે બરફ કડાકા કરતો તૂટવા લાગ્યો ત્યારે એક રશિયન વ્હેલર જહાજ આવી પહોંચ્યું. એનો કપ્તાન બહુ કડક હતો. ખૂબ સવાલજવાબ પછી, વેલઝલ લુહારકામ જાણતો હતો તેથી તેને સાથે લેવા એણે હા પાડી ને બદલામાં ખોરાકપોશાક ને આવતા શિયાળા માટેનો બધો સરંજામ આપવા કહ્યું. વળતાં એને ન્યૂ સાઇબીરિયા ટાપુ પર ઉતારી દેવાનું કહેલું તે મુજબ, ૮૩ અક્ષાંશે પહેલી વ્હેલ પકડ્યા બાદ તેને ત્યાં ઉતારી દેવામાં આવ્યો. કપ્તાન પૂરો પ્રામાણિક હતો. એણે તેને ડબાબંધ ખોરાકનો જથ્થો, દારૂગોળો, ઓજારો, હક્ષ્મુલિસ પાઉડર, ડાયનેમાઇટ, દરેક વ્રણસોની એવી ૯ પેટી સીસુબત્તીઓની, પાટિયાં, બૂટ, ગરમ કપડાં—



ચિંતામણિ અશ્વ ચિત્રકાર · મહર્ષિ નીકોલસ રોરિક

ચીનમાં બૌદ્ધ ધર્મના ગ્રંથો વહી જનાર એક શ્વેત અશ્વ હતો. તેનું નામ ચિંતામણિ. આજે ચીનમાં એ ચિંતામણિ અશ્વની સમાધિ અને મંદિર છે. હિંદુસ્તાનથી ચીન સુધીના પ્રવાસમાં કપરા પહાડો, નદીઓ અને જંગલો વટાવી સહીસલામત મુસાફરી કરી એ અશ્વ જ્યારે ચીન પહોંચ્યો ત્યારે તેનું શાહી સ્વાગત થયું હતું. તેની આગળપાછળ સાધુઓનાં વૃંદ ચાલતાં હતાં અને જગતને જીવનશાંતિ પ્રબોધતા બૌદ્ધ ગ્રંથો તેની પીઠ પર સૌની આંખને દર્શન આપતા હતા. એ પ્રસંગની સ્મૃતિ રૂપે કલાકાર રોરિકે આ ચિત્ર દોર્યું છે. અશ્વ હિમાલય અને ચીન વચ્ચેના પહાડોમાંની એક ગુફામાંથી દૃઢ નિશ્ચયી ડગ ભરતો નીકળે છે અને તેની પીઠ પર આધ્યાત્મિક પ્રકાશ બતાવી ગ્રંથની પવિત્રતા સૂચવી છે. મહર્ષિ રોરિકનાં ચિત્રોમાં જેટલી રેખાઓની અદ્‌ભુત સંયોજના હોય છે એટલી જ રંગની પ્રબળ સારેગમ રચાએલી હોય છે. આટલી નાની છાપમાં એ બંનેની ખરેખરી ખૂબી બતાવવાનું અશક્ય જ રહે છે.



મૃતકોની ભૂમિ

ફોટો • આર. આર. ભારદ્વાજ

શ્રી ભારદ્વાજના હાથમાં કૅમેરા હોય ત્યારે એક કવિની પેઠે તે સાંકેતિક દૃશ્યો પર નિશાન માંડે છે અને મૂગી છાયાઓમાં અદૃશ્ય વિચારોનું પ્રતિબિંબ લઈ આવે છે.

ટુકડામાં. એમની તમામ વસ્તુઓ પૂરી પાડી. ભરતીનાં પાણી ન પહોંચે એટલે દૂર એ બધો સામાન મુકાવી. જરા યે વખત ગુમાવ્યા વિના તાબડતોબ આશ્રયસ્થાન મેળવી લેવાની શિખામણ તેને આપી. છેલ્લી વારના હાથ મિલાવી તે વિદાય થયો.

અને વેલઝલની જિંદગીનાં નવો સર્ગ શરૂ થયો.

તદ્દન એકલો ને એકલો, અનાગ સાગરને તાકતો વેલઝલ બેઠો. એનાં રેનડીઅર એની પાસે દોડી આવ્યાં. એ નાગી વેરાન ભૂમિ પર ઓતની ને તેની વચ્ચે આ પશુઓ જ માત્ર આડ રૂપે હતાં. તેમને પસવારતાં તેની આંખમાં આંસુ આવી ગયાં.

હવે એ આશ્રયસ્થાનની શોધમાં પડ્યો. બસો ફૂટ ઊંચા ખડકો વચ્ચે આવેલી એક ખાઈ તેને તે માટે સુયોગ્ય જણાઈ. ધ્રુવના ઝંઝાવાતોના ઉઝરડા પડેલી એ ખાઈના ખડકમાં ગુફા કોરી તેને બમણાં મજબૂત બારણાં જડી દીધાં. હવા અજવાળા માટે દોરો દઈ શકાય તેવું એક બાકોરૂ તૈયાર કર્યું. વાર્નિશ તરીકે તેણે સીલનો ઉપયોગ કર્યો. પછી સગડી માટે ગુફાની વચ્ચોવચ્ચ એક વાર ઊંડો ને એક વાર પહોળો ખાડો ખોદી કાઢ્યો ને તેમાં તળિયે લાકડાં, ઉપર કોલસા ને મથાળે સૂકું લિચન ગોઠવી દીધું. (ધ્રુવપ્રદેશના કોલસા એન્ઝીન જેમ તરત જ સળગી ઊઠનારા હોય છે.)

ઑક્ટોબરનો વચગાળો આવતાં સુધીમાં હવામાં ટાઢીનું પ્રમાણ વધી ગયું. ધ્રુવશિશિરની શરૂઆત થઈ ચૂકી હતી. સાગરનો ઘુઘવાટ હવે ગર્જના મટી જઈ માત્ર સિસકારારૂપે રહ્યો હતો. ભયંકર ધુમ્મસ પડવા માંડ્યું. એ ધુમ્મસમાં પારો નીચે ને નીચે ઊતરતો ગયો ને દરિયો વધુ ને વધુ શાંત થતો ગયો. બરફ તેના પર જામતો જતો હતો, પણ હજુ પૂરો ભારઝલો નહોતો બન્યો. ભરતી વખતે એનું પડ હાલી ઊઠતું. ને ક્યારેક તો નીચેની હવા દબાઈને એવી ઓચિંતી ધસી નીકળતી કે આસપાસથી બરફના ટુકડા વામો ઊંચા ઊડી પડતા ને તેનો અવાજ તો એવો થતો કે તોપના ધડાકાને યે આંટી જાય! એ ઊડેલા ટુકડા નીચે પડતાં વેંત તો પાછા જામી જતા! એ ધડાકાભડાકા વચ્ચે ઊંઘ તો આવે જ શાની? એ



પરિસ્થિતિમાં ઘણા યે મુસાફરીઓ ગાંડા બની ગયાના પણ દાખલા બન્યા છે.

ને એ વખતે ધ્રુવક્ષિતિજના પલટાતા દૃશ્યનું બયાન તો ગમે તેટલું આલેહૂબ છતાં અનુભવ વગર કલ્પનામાં ઊતરવું મુશ્કેલ છે. આખો વિસ્તાર ધીમે ધીમે અંધારાની ચાદરમાં લપેટાવા લાગ્યો. નવેમ્બરમાં પહેલવહેલો ઔદીચ્યપ્રકાશ (Northern Lights) દેખાયો. થોડો થોડો વખત દેખાઈ તે અદૃશ્ય થતો. ચોથી વાર ડિસેમ્બરના પ્રારંભમાં એ પ્રકાશ દેખાયો ને પછી સદાનો અદૃશ્ય થયો. થોડા દિવસ રહી જુદાજુદા રંગો આકાશમાં ફૂટવા માંડ્યા. ક્ષિતિજ પરના એ રંગો જેમજેમ સ્પષ્ટ થતા ગયા તેમતેમ તેમાં જુદી જુદી આકૃતિઓ દેખાવા લાગી. ક્યારેક સામસામાં લશ્કરો કૂચ કરતાં લાગે, તો ક્યારેક ગજદળો દોડાદોડ કરતાં લાગે. ખરેખર, એ દૃશ્ય અવર્ણ્ય જ છે.

પછી ધીમે ધીમે આકાશ કાળું થતું ગયું ને તેમાં તારા ફરતા દેખાયા. દસેક દિવસ એ ચાલ્યું. નાતાલથી થોડા દિવસ અગાઉ આકાશમાં સાપ જેમ વળોટાતું ધુમ્મસ દેખાયું. ધ્રુવશિશિરની એ આગાહી હતી. પછી એ ગયું જ અદૃશ્ય થઈ ગયું ને ખરેખરો શિયાળો બેઠો. પારો ૮૬ (અનુસંધાન પૃ. ૨૬૬મે)

ઇજ્જત

જેમ દરેક ધંધાને હોય છે તેમ દાક્તરી ધંધાને;

ઢળતા ખભા. થાકેલું મ્લાન મુખ. ટટાર બાંધો ને વીંછીના આંકડા જેવી પણ જરા ભરાવદાર મૂછોવાળા પ્રોફેસર કરંજીઆ કંઈક લથડતે પગે ખંડમાં દાખલ થયા. અને દાખલ થતાં વેંત, 'આજે આપણે દરરોજ કરતાં જુદો જ ક્રમ હાથ ધરીશું' એમ બોલતા થોડીવાર વિચારમગ્ન ઊભા રહ્યા.

એ થોડી વારમાં વર્ગમાં ઘણો ગણગણાટ ફેલાઈ ગયો. યુદ્ધના છેલ્લા સમાચારોથી માંડી છેલ્લી આવેલી ફિલ્મ પરના અભિપ્રાય બોલાઈ ગયા. પણ પછી પ્રોફેસર સ્વસ્થ થતાં એ ગણગણાટ શમી ગયો. બધાની નોટબુકો ઉઘડી ને તે પર પેન્સિલો તોળાઈ રહી.

'ગઈ કાલે આપણે 'વર્ટીબ્રલ કૉલમ' પર વિગતવાર વિવેચન કરી ગયા,' પ્રોફેસરે શરૂ કર્યું.

આ વ્યાખ્યાનવર્ગ મેડિકલ કૉલેજનો હતો. પ્રોફેસરે વિદ્યાર્થીઓ તરફ સહાનુભૂતિ દાખવતાં આગળ ચલાવ્યું. 'હું માનું છું ત્યાં સુધી તમને બધાને એ અત્યંત ટેકનીકલ વિષય લાગેલો. એટલે આજે ફરી એ જ વિષય પર તમારી બુદ્ધિને કસરત કરાવવાનું મને ઠીક નથી લાગતું.'

'બેટમજી છટકવા માગે છે,' કોઈ ઝીણો અવાજ સંભળાયો, પણ પ્રોફેસરના કાન સુધી તે ન પહોંચ્યો: તેમણે તો ચાલુ જ રાખ્યું: 'આજે હું તમારી પાસે સમગ્ર હાડપિંજર ચર્ચવા માગું છું. એક વખત માંસ-ચામડે મઢાએલા અને સુડોળ પરંતુ અત્યારે બેડોળ બનેલા એ કલેવર પરથી તમે જાતે સાર તારવો એમ હું ઇચ્છું છું. ટૂંકામાં કહું તો, આ હાડપિંજરને હજી યે હાડપિંજર નહિ પણ માણસ જ તમારે સમજી લેવાનો છે. તે કેમ, તે હું તમને કહું છું.'

વિદ્યાર્થીઓએ ચકિત નજરે પ્રોફેસરનાં ભવાં પર પરસેવો જામતો જોયો. એટલું જ નહિ, પણ ફરી બોલવું શરૂ કરતાં પોતાને પડખે ગોઠવેલા હાડપિંજર ઉપર એમણે એક અર્ધભયંકર દૃષ્ટિપાત પણ કરી લીધો.

'તમારામાં જે સાહિત્યના શોખીનો હશે તે તો જાણતા જ હશે કે યોરિકની ખોપરી પર હૅમલેટને કેટલી બધી ફિલસૂફી સૂઝેલી. બાવીસ હાડકાંના બનેલા એ ટુકડાને એણે 'A fellow of infinite jest' કહેલો.' એટલું કહેતાં એમનું ધ્રૂજતું પૉઇન્ટર પેલા હાડપિંજર તરફ વળ્યું ને એ બોલ્યા, 'આ પણ એવો જ એક નમૂનો છે, પણ બેવકૂફ.'

આ ઓચિંતા વક્તવ્યે અનેક વિદ્યાર્થીઓને દિઙ્મૂઢ બનાવી દીધા. કેટલાકના હાથમાંની તો પેન્સિલો પણ પડી ગઈ. પ્રોફેસરના ચહેરા પર વિચિત્ર સ્મિત ફરકી રહ્યું. અને એવો જ વિચિત્ર એમણે સવાલ કર્યો, 'તમે કહી શકશો કે આ હાડપિંજર શું સૂચવે છે!'

'બહુ સરસ નમૂનો છે, સાહેબ! વૈદકીય સંશોધન માટે કોઈએ પંડનું ભેટ ધરેલું હાડપિંજર છે!' કોઈ વિશેષજ્ઞ વિદ્યાર્થીએ ઉત્તર આપ્યો.

'એક રીતે કહી શકાય કે, હા!' જવાબ આપતાં હજુ યે એમની મૂછો નીચે પેલું સ્મિત રમી રહ્યું હતું. 'સાચું કહું તો, વૈદકીય સંશોધન માટે તેનું શરીર અર્પણ થવાની એક કલાક પહેલાં જ હાડપિંજરની રચના પર અમારે બંનેને વાદવિવાદ થએલો.'


વિદ્યાર્થીઓએ નોટબુકોની ઉપેક્ષા કરી હવે પ્રોફેસરની વાત પર જ સઘળું લક્ષ કેન્દ્રવ્યું.

'બિચારો એ સર્જન હતો. પણ એની છરી કરતાં એની જીભ વધુ તીક્ષ્ણ હતી. પોતામાં ઉમદા રમૂજવૃત્તિ હોવાનું તે માનતો અને એટલો એ બેવકૂફ હતો. દર્દી પર વાઢકાપ કરતી વેળા પણ આંગળાંની કુશળતા કરતાં એની રમૂજવૃત્તિ વધુ ઉભરાઈ નીકળતી . . .'

ફરી એક દૃષ્ટિક્ષેપ હાડપિંજર તરફ એમણે કર્યો. એમનાં ભવાં પરની છાજલી પર પરસેવાનો વધુ જમાવ દેખાઈ આવતો હતો ને તે નીચેની આંખોમાં કંઈક તિરસ્કારનો ભાવ પણ આવિર્ભૂત થયો હતો.

'એની બેવકૂફ રમૂજ અને કસાઈ જેવાં એનાં આંગળાં વડે પણ એણે પ્રૅક્ટિસમાં થોડીઘણી સફળતા મેળવેલી. કમનસીબે મારા એક મિત્ર—જિગરજાન મિત્ર—ને તેના ઓપરેટિંગ ટેબલનો આશરો લેવો પડ્યો. ઓપરેશન બહુ જ નાજુક હતું એ સાચું, પણ શારીરશાસ્ત્રનું સંપૂર્ણ જ્ઞાન ધરાવતા કોઈ સર્જને બેશક તે સફળતાથી પાર પાડ્યું હોત. પણ એણે . . . મારા

પણ એક બેવકૂફ બેજવાબદાર સર્જ્યનની છરી જ્યારે તેના પર પાણી ફેરવવા બેઠી ત્યારે પ્રો. કરંજીઆએ આ પગલું લીધું;—કર્યું એ તો એમના વર્ગમાં મૂકેલું હાડપિંજર કહી ઊઠશે



દોસ્તને . . . ખલાસ કર્યો. મને ખબર પડી ને હું ત્યાં પહોંચ્યો ત્યારે મારે માત્ર શબ જ જોવાનું રહ્યું હતું.

પ્રોફેસરનો અવાજ નરમ પડ્યો. એમની કઠોર આંખો પણ બીજાઇને નરમ બની. પરંતુ એક પળ વારમાં જ એ નરમાશ જતી રહી, અને પાછો પહેલાંનો તિરસ્કાર તેમાં ઝળકી ઊઠ્યો.

'તમે વિદ્યાર્થીઓ તો હજુ શારીરશાસ્ત્ર ને વાઢ-કાપનાં મૂળતત્ત્વો જ શીખી રહ્યા છો. તમે હાજર હોત તો તમને કદાચ એ ઓપરેશન મિથ્યા ગએલા કોઇ મહાપ્રયાસ જેવું લાગત. પણ મને, વર્ષોના અભ્યાસીને, એ ઓપરેશનમાં શું દેખાયું! ખૂન—છરી સાથેના એક બેવકૂફે પોતાની જ ગલતીએ કરેલું, એક અક્ષમ્ય ખૂન!'

એકેએક વિદ્યાર્થી એની બેઠક સાથે જ જાણે હવે તો જડાઇ ગયો. અને શાંતિ યે એટલી છવાઇ ગઇ, કે ઘડીઆળનો ટકટકારો પણ તેમાં વિઘ્નકર્તા જણાવા લાગ્યો. પ્રોફેસરે બાકી રહેલા સમયનું માપ મેળવવા ઘડીઆળ પર એક નજર નાખી આગળ ચલાવ્યું.

'મારી પાસે હવે બે માર્ગ રહ્યા હતા. એક તો એ નાપાક સર્જ્યનને જનરલ મેડિકલ કાઉન્સિલ સમક્ષ ખડો કરી તેની જનતા પ્રત્યેની બેજવાબદારી ઉઘાડી પાડી રૉલમાંથી તેનું નામ કઢાવી નખાવું. પરંતુ એથી તો ખુદ મને પોતાને જે ધંધા પ્રત્યે અનહદ માન છે તેની બેઇજ્જતી કરવા જેવું થાય. મારી જિંદગીનો સુવર્ણકાળ મેં એ ધંધાને સમર્પેલો છે. અને એથી યે વધુ બૂરૂં તો એ બનત કે અંતિમ વિધિ પહેલાં તો મારા પ્યારા મિત્રની લાશ પર અનેક કોર્ટનાં ગુજરવા પામત. એટલે ઇરાદાપૂર્વક મેં બીજો માર્ગ સ્વીકાર્યો . . . . .

એકે શબ્દ બોલ્યા વિના મૂઢ બને હું મારે ઘેર પાછો ફર્યો. તમારામાંના ઘણાખરા નદી પારના મારા એ નિવાસ પર આવી ગએલા છો. મનુષ્યને લગતા અનંત જ્ઞાનભંડારનો જેટલો વારસો મેં મેળવ્યો છે તે છૂટે હાથે આપ્યા કરવામાં મેં સદા મારી જાતને ખુશનસીબ માની છે. ત્યાં મેં ઊભી કરેલી પ્રયોગશાળા પણ તમારામાંના ઘણાએ જોઇ છે. બસ ત્યાં જ જઇને હું બેઠો.

એક કલાકવારમાં મેં નિર્ણય કરી લીધો ને એ જ સાંજે મને મળી જવા એ સર્જ્યનને મેં ટેલીફોન

કરી દીધો. એણે ગલ્લાંતલ્લાં કરવા માંડ્યાં; પણ મેં મારો આગ્રહ પકડી રાખ્યો, એટલું જ નહિ પણ એણે કરેલા ઑપરેશનની થોડીક સમાલોચના પણ કરી. એણે આવવાનું કબૂલ્યું. મેં સંપૂર્ણ ગુમતા જાળવવાનો પ્રયાસ કર્યો ને એને પણ પોતે ક્યાં જાય છે તે કોઇને ન કહેવાની તાકીદ કરી. મારી ધમકીને લઇ એણે બધું કબૂલ રાખ્યું.'

પ્રોફેસર કરંજીઆએ અત્યાર સુધી સાચવી રાખેલા પાણીના ગ્લાસમાંથી ઘૂંટડો ભર્યો. એમની થાકેલી આંખોએ ઘડીઆળ તરફ જોઇ લેતાં તેમણે પાછું આગળ ચલાવ્યું:

'એ મશહૂર સર્જ્યન મારે ઘેર આવી પહોંચ્યો. હું એને સામો લેવા ગયો. કોઈ અમને ઘરમાં પ્રવેશતા જોતું નથી તેની પાકી ખાતરી કરી લીધા પછી અમે એકઢાળિયામાં બેઠા. એણે સીધો સવાલ કર્યો કે હું શું કરવા માગતો હતો.

"કેમ વળી? શારીરશાસ્ત્ર–ખાસ કરીને અસ્થિપિંજર પર થોડીક ચર્ચા." મેં કહ્યું.

તમે બધા જાણો છો તેમ હું ઘણી વાર મારા વિષય પરથી આડો ઊતરી પડી સુફિયાણી ચર્ચાએ ચડી જાઉં છું. પણ તમારે જાણવું જોઇએ કે ફિલસૂફીભર્યો એક નાનો બોલ પણ ખૂબ અભ્યાસ માગી લે છે. મને એ વસ્તુ જ ખ્યાલમાં નથી આવતી કે જીવતા માણસોને હાડપિંજરો પ્રત્યે ત્રાસની લાગણી કેમ ઊપજે છે. કદાચ એની સાથે જ મૃત્યુની કલ્પના જોડાઈ ગઈ હોય. પણ તમે તો જાણો છો કે હાડપિંજરોને યે એમની પોતાની સહેતુક સંહતિ હોય છે. એમનામાં પોતપોતાનું ઉમદાપણું હોય છે. માણસ એનાથી ત્રાસે છે તેનું કારણ, આવા બેડોળ પાયા પર પોતાના જીવનનું નિર્માણ થએલું નિહાળી એને આંતરિક શરમ ઊપજે છે. એને ગૌરવ ઊપજે છે એના પર લપેડાએલાં માંસચરબી પર. પરંતુ મને તો હાડકાંના માળખામાં જ સદા સવિશેષ આકર્ષણ રહ્યું છે.'

અને ફરી પેલા ગ્લાસમાંથી એક ઘુંટડો એમણે પેટમાં ઉતાર્યો. એમની અસ્થિર બનતી આંખોને ઘડીઆળ હવે ચેતવણી આપતું હતું કે એમને માટે પા કલાકથી વધુ વખત ફાજલ નથી.

'મારી વાતચીતથી એ નામીચો સર્જ્યન ખૂબ ઉશ્કેરાઇ ગયો. અહીં ફરી એક વાત તમને કહી દઉં કે લોચાદાર ચહેરો ચાહે તે પ્રકારની ભાવભંગી પ્રદર્શિત કરે–આનંદ કે ઉદ્વેગ, પ્રેમ કે તિરસ્કાર,–પણ ખોપરીના મેં કહ્યું તે બાવીસ હાડકાં પર તેની કશી જ અસર થવા નથી પામતી. એ જ રીતે મારા ગત મિત્ર પ્રત્યેની લાગણીના મેં બતાવવા માંડેલા ઉદ્રેકથી અમારી બંનેની ખોપરીઓ અલિપ્ત જ હતી. મેં એને મારા બગીચામાં જરાક લટાર મારવાનું કહ્યું. ને ગમગીનીનો ભાર ઓછો કરવા તે સંમત થયો.'

'ઉદ્યાનમાં મેં એને એક ખોપરી બતાવી. તામ્ર યુગની એ ખોપરી મને એક ખોદકામમાંથી મળી આવી હતી. એટલી બધી પુરાતન ખોપરી પર પણ એ ઓપરેશનો થએલાં હતાં ને તે પણ આજનાં સાધનોની શોધ વિના; છતાં સફળ રીતે. મેં જરાક બારીકીથી એ તપાસી જવા તેને કહ્યું. તે નીચો નમ્યો. અને . . .

અને મેં સર્જ્યનનું જ એક હથિયાર—છરી બરાબર તેના હૃદયમાં હુલાવી દીધી.

એક મિનીટથી ઓછા વખતમાં અમારા ઇજ્જતદાર ધંધાને નામોશીરૂપ એ ઇન્સાન મુડદું થઇ મારા પગ નજીક ઢળી પડ્યો. આખી રાત મેં એના પર મારી કારીગરી ચલાવી ને સવાર સુધીમાં તો તમારા શારીરશાસ્ત્રના પાઠ માટે સંપૂર્ણ આદર્શ બને એવું હાડપિંજર તેમાંથી નીપજાવી કાઢ્યું.'

આખા વર્ગમાં સન્નાટો છવાઇ ગયો. કેટલી વિદ્યાર્થિનીઓના મોંમાંથી ધીમી ચીસ પણ નીકળી ગઇ. પણ ઘડીઆળ તરફ આંખો મટમટાવતાં પ્રોફેસર આગળ વધ્યા.

'આજનો આપણો પાઠ આપણે સમાપીએ તે પહેલાં એક હકીકત તરફ તમારૂં ધ્યાન હું ખેંચવા માગું છું. એ હકીકત તે પગને અંગેની. અગાઉ હું કહી ગયો છું તેમ આપણા પગ ટાર્સસ, મેટાટાર્સસ અને પાંચ આંગળાંનાં પાંચ છુટાં અંગોના બનેલા છે. આખા શરીરનો ભાર એ ઉપાડે છે અને એને લઇને પોચી જમીન કે એવા પદાર્થો પર એ પોતાનાં ચિહ્ન આંકી રહે છે.

હવે મને લાગે છે કે હું સર્જ્યનને સ્ટેશન પર ઉતારવા ગયો ત્યાં એ લત્તાના (અનુસંધાન પૃ. ૨૨૭મે)

मनोमंथन

४ मित्रनी मूंझवण

'स्मरणयात्रा' पछीना काळनां काकासाहेबना कॉलेजजीवननां केटलांक स्मरणो

પરચુરેની અને મારી દોસ્તી લાંબો વખત ટકી. અમે બેત્રણ વાર લડ્યા ખરા, પણ તેટલીયે વાર સ્હેજે તડ સંધાયાં. અમારા બંનેના સ્વભાવમાં બહુ જ ઓછું સામ્ય હતું. છતાં એકબીજા પ્રત્યે કંઈક આકર્ષણ પણ હતું. ક્લબમાં જમતી વખતે અમારી વાતો ઘણીવાર અંગ્રેજીમાં જ ચાલે. વાતોમાં એ વખતે મને એવો શોખ લાગેલો કે વીણીવીણીને મોટામોટા જાડા અંગ્રેજી શબ્દો હું વાપરતો. તેથી પરચુરે મને જૉનસન કહેતો. એને ખબર ન હતી કે હું પસંદ કરું છું સાદી અંગ્રેજી, પણ કેવળ વિનોદને ખાતર જ મોટા શબ્દો વાપરતો હતો. એક વખતે સત્રાંત પરીક્ષામાં અમારા પ્રોફેસરે મારા પેપરનાં વિશેષ વખાણ કર્યાં. પરચુરેને આશ્ચર્ય થયું. એ મારો પેપર લઈ ગયો. એમાં એકે મોટો શબ્દ ન મળે. અટપટાં વાક્પ્રચાર (Idioms) પણ ન મળે. પરચુરે મારા પર ચીડાયો: 'તમે મને છેતર્યો—એક આખું સત્ર છેતર્યો. તમે લખો છો એ શૈલી જુદી, અને ક્લબમાં બોલો છો એ જુદું. આ છેતરામણનું વેર કઈ રીતે વાળું?' મેં હસતાં હસતાં જવાબ આપ્યો, 'મને વધારે ઓળખીને!'

તે દિવસથી અમે મિત્રો થયા. પરચુરે પાસે કહેવા જેવી નાનપણની વાતો ઘણી હતી. પણ સ્મરણશક્તિ કરતાં કલ્પનાશક્તિ એની પાસે વધારે હોવાથી એક જ પ્રસંગ જેટલીવાર કહે તેટલીવાર નવાંનવાં પાઠાંતરો એમાં મળી આવતાં. મને એ પાઠાંતરો શોધી કાઢી બતાવવામાં રસ આવતો. તેથી અમારું સરસ જામતું. ઘણીવાર અમે બંને સવારે ચાર વાગ્યે ઊઠી નહાઈધોઈ ફરવા જતા તે નવદસ વાગ્યે પાછા આવતા. ફરગ્યુસન કૉલેજની આસપાસની ટેકરીઓ પર ખૂબ ફર્યા હોઈએ, ઠંડા પવન ખાધો હોય, સરસ ભૂખ લાગી હોય એટલે જ્યારે નવ વાગ્યે પાછા આવીએ ત્યારે અમારા બંનેનાં મોઢાં એવાં તો રાતાંચોળ અને મોતીનાં ટીપાં વાળાં થઈ જતાં કે એ જોવાની અમને મઝા પડતી.

તે વરસે મને મેડા પર ખૂણા પરની પહેલી ઓરડી મળી હતી. પરચુરેએ એની જ નીચેની ઓરડી પસંદ કરી. આ સગવડ થવાથી અમે ઘણીવાર મળી શકતા; અને પરચુરેને ચીડાવવો હોય ત્યારે મારી ઓરડીની લાકડાની જમીન પર મારાં ડંબેલ્સ હું ગબડાવતો. એ અવાજથી એના વાચનમાં ખલેલ પડતી ને એ ચીડાઈને લડવા ઉપર આવતો.

એક દિવસ આવા કશા તોફાન વગર જ પરચુરે મારી ઓરડીમાં આવ્યો અને કહે, 'કાલેલકર, આ મારે ત્રાસ છે. એ સહન નથી થતો. હું તો પ્રિન્સિપાલ પાસે જઈ ફરિયાદ કરવાનો છું. આનો ઈલાજ થવો જ જોઈએ.'

હું કશું ન સમજી શક્યો. મેં પૂછ્યું, 'પણ થયું છે શું?'

'કેટલાક મામાઓ મારી બારી તળે પેશાબ કરવા બેસે છે. દૂર જતાં એમને શું થતું હશે? કેટલી દુર્ગંધ!'

અમારા વખતમાં છાત્રાલયમાં 'મામા' શબ્દ સૌમ્ય ગાળ તરીકે વપરાતો. મેં એને કહ્યું, 'આમ "બીવીશ મા. પ્રિન્સિપાલ એમાં શું કરી શકે? કોઈ આળસુ કે ડરપોક મધરાતે પેશાબ કરવા ઊઠતો હશે. દૂર જવાની હિંમત કે દાનત નહિ હોય એટલે બારી તળે બેસી જતો હશે. હું ધારું છું કે ગુન્હેગાર ઘણા નહિ હોય. એક જ માણસ હોવો જોઈએ.'

'પણ એનો ઈલાજ શો? એક હોય કે અનેક, દુર્ગંધ કંઈ ઓછી થાય છે!'

મેં કહ્યું, 'વત્સ, બીશ મા. गतं भयं भीरु सुरारिसंभवम्.'

ત્રસ્ત થએલા પરચુરેને આના પર ચીડાવાનું સુઝે એમ ન હતું. મેં મનમાં વિચાર કર્યો કે પરચુરેના દુ:ખની ઉપેક્ષા કરીશ તો થોડા દિવસમાં દુર્ગંધ ઉપર મારી ઓરડી સુધી આવવાની. આજે જ એનો ઈલાજ થવો જોઈએ.

તે દિવસોમાં ચોપડીમાં નિશાન કરવા માટે હું જાંબુડા રંગની કૉપીઇંગ ઇંક પેન્સિલ વાપરતો. એ

માંગીને એમાંથી બે ત્રણ ઔંસના ટુકડાનો ભૂકો કર્યો. મારા દૂધ પીવાના ગ્લાસમાં એની સરસ જાંબુડી શાહી બનાવી. અને રાત જાગતો બેઠો.

અગિયાર વાગ્યા હશે. બહાર નીકળેલા માણસના પગરવ સંભળાયા. નીરવ રાત્રીમાં જરા પણ અવાજ થાય તો તે સંભળાયા વિના રહેતો નથી. મેં અનુમાન કર્યું કે બહાર નીકળેલો માણસ બરાબર અમારી બારી તળે જ પેશાબ કરવા બેઠો છે. મેં મારો ગ્લાસ ઉપાડ્યો અને બારીમાંથી શત્રુ પર અસ્ત્ર આબાદ ફેંક્યું. બેઠેલો માણસ ઝટ દઈને ઊભો થયો અને ઉતાવળે અંદર આવીને ક્યાંક અલોપ થયો. એ કોણ છે ને ક્યાં ગયો એ જોવા મારી ઓરડીમાંથી હું બહાર નીકળું અને નીચે જાઉં એ પહેલાં એ અંધારામાં અદૃશ્ય થયો.

બીજે દિવસે મેં પરચુરેને કહ્યું, 'તારું દુઃખ નિવારણ થયું સમજજે.'

'પણ કેવી રીતે?'

'હું રાત્રે પ્રિન્સિપાલ પાસે ફરિયાદ કરવા ગયો. પ્રિન્સિપાલે એ માણસને શોધી કાઢ્યો, અને એને સજા કરી. એણે કબૂલ કર્યું કે ફરી આવું નહિ કરું.'

'જાઓ જાઓ, મશ્કરી કરો મા. તમને નીચલી ઓરડી મળી હોત તો ખબર પડત.'

'ત્યારે, તે વગર કેવી મેં ઈલાજ કર્યો હશે?'

મેં એને મારી યુક્તિ સંભળાવી. એની ટાઢકનો તો પાર નહોતો. તે દિવસે તેણે છાત્રાલયમાં બધે ફરીને કોના પહેરણ પર જાંબુડા રંગના ડાઘા છે એ જોવાનો પ્રયત્ન કર્યો. પણ ચોર પાકો નીવડ્યો. એણે પહેરણ સંતાડી રાખ્યું હોવું જોઈએ.

પરચુરે કહે, 'રાત્રે જ્યાં પેશાબ થએલો એની આસપાસ જાંબુડા રંગના છાંટા દેખાય છે, અને મુખ્ય ડાઘો જમીન પર પડ્યો નથી. એટલે અસ્ત્ર બરાબર વાગ્યું છે. પણ ચોર અલીબાબાની વારતાનાનો શિષ્ય દેખાય છે. એ હાથ નહિ આવે.'

મેં કહ્યું, 'ચોર ભલે હાથ ન આવે, પણ ફરી એ ત્યાં નહિ બેસે એટલું ચોક્કસ. આપણને એથી વધુ શું જોઈએ? આપણે જાણીએ છીએ, અને એ પણ મનમાં જાણતો હોવો જોઈએ.'

પરચુરેને ફરી ત્રાસ થયો નહિ.

दत्तात्रेय बालकृष्ण कालेलकर

ધ્રુવપ્રદેશનો વસાહતી (અનુ. આગળના પૃ. ૨૩૫થી)

પરવાનો મેળવ્યો. અહીં એને એક પ્રોફેસરનો ભેટો થયો. ઉત્તરની ભાષાઓનો એક કોશ તે તૈયાર કરી રહ્યો હતો. વેલઝલે તેને ઘણી માહિતી પૂરી પાડી ને એ માહિતી પર પ્રોફેસર એટલો ખુશ થયો કે એને સારી જેવી રકમથી નવાજ્યો. વેલઝલને ત્યારે જ પોતાનો અનુભવ કેટલો કીમતી છે તેનું પહેલી વાર ભાન થયું.

એ જ અરસામાં આમુનસેનના ધ્રુવ ઉડ્ડયનના અહેવાલોથી છાપાંની કટારો ભરાતી હતી. 'Lidove Noviny'માં એ અહેવાલ વાંચી તેને પોતાના અનુભવો બહાર પાડવાનું મન થયું. એ પત્રના તંત્રી રૂડોલ્ફ ટેસ્નોહિલડેકને એણે પત્ર લખ્યો. ચેક ખમીર પર મુસ્તાક એ તંત્રીએ તરત તેને મુલાકાતે બોલાવ્યો ને એ મુલાકાતનું પરિણામ તે વેલઝલનો પરિચય આપતું પુસ્તક 'Welzl, the Eskimo.' આથી પ્રોત્સાહન પામી વેલઝલે પોતાનો અનુભવ કાગળ પર ઉતારવા માંડ્યા. માત્ર પ્રાથમિક શિક્ષણ પામેલા વેલઝલનું એ લખાણ છાપી શકાય એવું ન બન્યું. પણ ટેસ્નોહિલડેક જેવો તંત્રી એ અમૂલ્ય અનુભવો રઝળતા મૂકે એમ ન હતો. એ જાતે તેની રોજ મુલાકાત લેતો ગયો. બધા મિત્રો ભેગા થઇ ચા કે કૉફી ઉડાવતા જાય, સવાલજવાબ થતા જાય ને વેલઝલ પોતાના અનુભવ કહેતો જાય. એ રીતે એનાં 'સુવર્ણાવર્તમાં ત્રીસ વરસ' (Thirty Years in the Golden North), 'ધ્રુવસંપત્તિને શેઢે શેઢે' (In the Track of the Polar Treasures) વગેરે ગ્રંથો બહાર પડ્યા. હામ્બુર્ગથી ન્યૂ સાઇબીરિયા પહોંચતાં સુધીમાં પોતાના ગુજરાન માટે તથા ત્યાં પહોંચવા જેટલાં નાણાં એકઠાં કરવા માટે પણ એને અવનવાં સાહસો કરવાં પડેલાં છે.

ચેકોસ્લોવાકિયાના મર્હુમ પ્રમુખ માઝારિકને હાથે બહુમાન પામી ઇ. ૧૯૨૯માં વેલઝલ પાછો પોતાના મુકામે પહોંચી ગયો છે ને હજુ ત્યાં જ રહે છે. એના જીવન અને એના સંદેશે યુરોપમાં તો એક નવો જ ચીલો ચાલુ કર્યો છે. અને આપણા જુવાનો યે પોતાની સાહસવૃત્તિને થોડીવાર ગલીપચી અનુભવાવી બેસી નહિ રહે તો આ પાનાં પર પણ એ જીવન અને તેનો સંદેશ ઉતાર્યાં સાર્થક થશે.


અશોક હર્ષ

મારી નજરે (અનુ. પૃ. ૨૨૩થી) લાકડી લઈ બહાર કાઢયા, મીઠા પાણીએ નવડાવ્યા અને લાડુ જમાડયા. લાડુ કોળિયાક ગામ તરફથી હતા. મહિનામાં પહેલી જ વખત આવું સારૂં (!) ભોજન જોઇ બધાએ લાડુ ઉપર સારો હાથ માર્યો. બપોરે ગોપાળભાઇ કુલકર્ણીએ ગાંધીવાદ ઉપર મનનીય વ્યાખ્યાન આપ્યું. સાંજના અમે અગાઉ કામ પણ કિનારાની ભીની રેતી ઉપર કરી બતાવ્યું. રાતના camp-fire માં તો ખૂબ મઝા આવી. ફારસો અને નકલોએ બધાને ખૂબ હસાવ્યા. રાતના ફરી પાછા રેતીમાં સુતા. માથામાં, કાનમાં, બધે રેતી જ રેતી. અમે ત્રણુ જાતનાં સ્નાન કર્યા: Sand-bath, Sun-bath અને Mud-bath!

સવારમાં વહેલા ચાર વાગ્યે ઉઠી બધા ગોધા તરફ ચાલતા ઊપડયા અને છા વાગ્યે તો ત્યાં પહોંચી ગયા.

ગઈ કાલે અહીં એક ખૂબ જ મહત્વનો દિન ઉજવાયો. ગઈ કાલ—૧૯મી મે સ્વામીજીનો મૃત્યુ તેમજ જન્મદિન હતો. આજથી બે વર્ષ પહેલાં ૧૯૩૮ના મેની ૧૯મીએ સ્વામીજીએ ગાંધીજીને પોતાની જાતનું સમર્પણ કર્યું. તે દિનની ઊજવણી કરવાનું અમે નક્કી કર્યું. કાલે સવારે ધ્વજવંદન થયું. આખો દિવસ બાર કલાક અખંડ રેંટીઆઓ ચાલુ રહ્યા અને સાંજે સ્વામીજીને સલામી આપી. આટલો ગંભીર દિવસ કોઇક જ હશે. સ્વામીજી પણ ખૂબ ગંભીર વિચારમગ્ન હતા. તેમના અંતરમાં થતી વેદના તો આંખમાંનાં આંસુ બતાવી આપતાં. કડકાઇની એક પણ રેખા તેમના મુખ ઉપર નહોતી. એ જોઇ અમને પણ થતું કે કોઇ પણ નજીવી વાત કે તેમને દુઃખ આપે તેવી બીના તેમની પાસે ન મૂકવી. બપોરના ત્રણ થી છ તેમનું જીવનચરિત્ર કહેવાનો કાર્યક્રમ હતો. બધા છોકરાઓ તેમનાં સાહસો સાંભળવા તલપાપડ થઇ રહ્યા હતા. પહેલાં તો ગોપાળભાઇએ તેમને વિષે સામાન્ય કહ્યું. એક પ્રશ્નનો પણ ઉત્તર આપ્યો. એક ભાઇએ પૂછેલું કે આજનો દિન તો શોકદિન તરીકે ઉજવાવો જોઇએ કારણ કે આજે હિંદે એક મોટો ક્રાન્તિકારી ગુમાવ્યો છે. ગોપાળભાઇએ જવાબ આપ્યો કે સ્વામીજી હજી ક્રાન્તિકારી જરા ય મટી ગયા નથી; ઉલટા વધુ શુદ્ધ રૂપે ક્રાન્તિકારી તરીકે ઝળક્યા છે. તેમનું પૂર્વજીવન તો ખંડનાત્મક ક્રાન્તિથી બનેલું હતું, હવે એ સર્જનાત્મક ક્રાન્તિ કરશે અને તેનું પહેલું પગથિયું આ 'કૅમ્પ' છે. તેમનાં ખરાં સાહસો હજી હવે થવાનાં છે. આપણા યુવકજીવનમાં એ જબ્બર ક્રાન્તિ લાવવા માગે છે. અને એ ક્રાન્તિ દુનિયાના એક મોટામાં મોટા સિદ્ધાંત—અહિંસા ઉપર રચાએલી છે. એટલે એ જરૂર સફળ થશે.

સિંહ જેવી ત્રાડ પાડનારનો આજે ખૂબ જ ગળગળો અવાજ સાંભળી, ખરેખર, અમે બધા ગળગળા થઈ ગયા. સ્વામીજીનું એકેએક વાક્ય હૃદયમાંથી નીકળતું હતું.



ગોધા વ્યાયામવર્ગમાં સવારની કવાયત (સ્કેચ: ર. મ. રા.)

સ્વામીજીએ અહિંસા દિલથી સ્વીકારી નથી એવી અમારી માન્યતાના તો ક્યારના ચૂરા થઈ ગયા હતા. માત્ર આજે તો અમે એમણે જે હૃદયથી એ સ્વીકારી તે હૃદય જોયું. તેમણે કહ્યું કે મોટામાં મોટું સાહસ તો મેં આજથી બે વર્ષ પહેલાં જુહુને કિનારે કર્યું. મારાં આટલાં શારીરિક સાહસો તો આની સરખામણીમાં મામૂલી છે. આ સાહસ કરતી વખતે મેં ખૂબ જ મંથન અનુભવેલું. આ પગલું લેતી વખતે હું જાણતો હતો કે હું મૃત્યુને આમંત્રું છું. મને ખબર નહોતી કે ગાંધીજી મને છોડાવશે. આ વખતે મને ખાતરી હતી કે હવે જો જીવતો હોઇશ તો ૧૯૬૩માં છૂટીશ. પણ મેં અહિંસાનું ખરૂં બળ પારખેલું અને તે પણ હૃદયથી—બુદ્ધિથી નહિ; એટલે જ ઈશ્વરે મને આ સાહસ કરવાનું બળ આપ્યું. પણ એ સાહસ કરતાં મારૂં અંતર વલોવાઈ ગયું. એ વખતે હું દુનિયાભરના મારા ક્રાન્તિકારી મિત્રોનો સાથ છોડતો હતો. એ દુઃખ મારા માટે જેવુંતેવું નહોતું. પણ એ મારી કમનસીબી છે કે તમને બધાને એ સાહસની પડી નથી. તમે એને સાહસ ગણતા નથી, કારણકે સમર્પણ કરવામાં કેટલું બળ જોઇએ તે તમે જાણતા નથી. એટલે કોઇ પિતા બાળક આગળ વશ થાય એવા તમારા હઠયોગને લીધે જ હું તમારી પાસે માથું નમાવું છું. એમ કહી તેમણે તેમના જીવનનો એક જ પ્રસંગ કહ્યો—ભાવનગર પહોંચ્યા પહેલાંનો ટ્રેનમાંથી નાસી છૂટેલા તે. ત્યાર પછી તેમણે પોતાની ડાયરીમાંથી એક પાનું વાંચી સંભળાવ્યું: '૧૯-મે ૧૯૧૯ રાવળપીંડી જેલ' એ તેનું મથાળું રાખેલું. The first anniversary of my death એ વાચતાં તો એમની આંખમાં આંસુ આવી ગયાં. કોઇએ તેમને આટલા બધા લાગણીપ્રધાન ધારેલા નહિ. છેવટે તેમણે એટલું જ કહ્યું કે આજના દિનને જો ઊજળો કરવો હોય તો મારાં વખાણ કર્યે નહિ ચાલે. આ દિને મેં મારી મોટામાં મોટી નબળાઇ—કમજોરીને ત્યાગી દેશ દીધી. તમે પણ આજે કોઈને કોઇ કમજોરી દૂર કરવા પ્રતિજ્ઞા લેજો.

જનાર્દન રાવળ

સર્જનહારની સૃષ્ટિ

બેડોળ ને બદગુમાની, અળખામણું ને ખુન્નસભર્યું જળચર પ્રાણી

મગર

દરિયામાં જેટલી હિંસા ચાલે છે એટલી જમીન પર નહિ જ ચાલતી હોય. એમાં વસતી રાક્ષસી ને વિકરાળ જીવકોટિઓ જેવા જીવો આપણાં ગીચ જંગલોમાંથી યે ભાગ્યે મળે. એવો જ એક જીવ મગર છે ને તેની હિંસાખોર વૃત્તિ એટલી તો સર્વજ્ઞાત છે કે પાણી નજીક રહેતું એકેએક પ્રાણી તેનાથી ડરતું રહે છે.


મોટે ભાગે મગરો નદીઓ કે સરોવરોમાં જ વસે છે, પણ હિંદમાં એક જાત દરિયામાં પણ થાય છે. બંગાળની નદીઓમાં તો એમનાં જૂથનાં જૂથ વસે છે. ને તે એટલાં ઉપદ્રવકારી થઈ પડયાં છે કે નહાવા માટે, મગરો આવી ન શકે એવાં બંધો બાંધી, નદીના અમુક ભાગને સુરક્ષિત બનાવવા પડયા છે.

કાચબા, ગીલોડી ને સાપ જેવું જ મગર પણ સરી (પેટચારી) પ્રાણી છે, એટલે તેનાં જડબાં ને ખોપરી પશુ કરતાં પક્ષીને વધુ મળતાં આવે છે. આજથી લાંબા વર્ષ પૂર્વે જે પ્રાણીઓએ જમીન પરથી પ્રતિકૂળ પરિસ્થિતિને લઇને પોતાનો નાશ થતો અટકાવવા દરિયાનું શરણું લીધેલું તેમાં મગરનો આદિ વડવો પણ હતો. બધા સરી જીવો પેઠે મગરના લોહીનું ઉષ્મામાન પણ હવામાન પર અવલંબે છે ને હવામાં થતા ફેરફાર મુજબ તેના શરીરની ગરમીમાં યે ફેરફાર થયા કરે છે. એની ધોરી નસ શ્વાસનળીની ડાબી બાજુને બદલે બંને બાજુઓની આરપાર થઇને જાય છે. એ ઉપરાંત મોટો ભેદ તો એ છે કે મગરનાં અપત્યોનું પોષણ માદાઓની પયોગ્રન્થીઓમાંથી ઝરતા દૂધ વડે નથી થતું.

અળખામણો દેખાવ, બેડોળ કદ ને ઘૃણાસ્પદ સ્વભાવવાળું આ પ્રાણી આપણને પ્રાગૈતિહાસિક કાળના રાક્ષસોનો ખ્યાલ આપે છે. પીઠે જાણે નાનાં શીંગડાં હોય એવાં કઠણ ક્રમબદ્ધ ભીંગડાંનો રંગ તેને બળેલા લાકડા જેવો જ દેખાવ આપે છે. અને એને લીધે પોતાના શિકારને ફસાવવાની આબાદ સુંગાલ એને મળી રહે છે. પાણીમાં એ એટલી શાંતિથી તરતો આવે છે કે જાણે લાકડાનું બોથું જ તણાતું ન હોય! કોઇ વાર કાંઠે પણ એ એ જ રીતે નિશ્ચેષ્ટ થઇ પડયો રહે છે ને પાણી પીવા ઢૂકતા કોઈ કમનસીબ જીવનો ભોગ લઇ લે છે.

એના ચાર પગમાં આગલે પગે પાંચ પાંચ ને પાછલે પગે ચાર આંગળાં હોય છે. એ પગ એટલા ટૂંકા હોય છે કે જમીન પર ચાલતાં તેનું પેટ ઘસાય છે; અને છતાં એમાં એટલું તો જબરૂં સ્નાયુબળ ભર્યું હોય છે કે ગેંડા જેવું પ્રાણી પણ તેના પગની ચૂડ છોડાવી શકતું નથી. એવી જ સશક્ત ને લાંબી એની પૂછડી છે, જે તરવામાં હલેસાંની ગરજ સારે છે. એની ગરદન પણ નાની છતાં પુષ્કળ સ્નાયુઓ-ભરી ને સશક્ત હોય છે.

મગર મોટે ભાગે સમશીતોષ્ણ પ્રદેશોમાં જ થાય છે. પ્રાણિશાસ્ત્રમાં એ આખા સમૂહને 'ક્રોકોડાઇલિયા' નામથી ઓળખવામાં આવે છે. એના છ વર્ગો છે, જેમાં કૈમાન ને એલીગેટર મુખ્ય છે. ટૂંકી ને પહોળી થુથડી (snout=ગરદનના સાંધાથી નાકના છેડા સુધીનો માથાનો આખો ભાગ) એ એની વિશેષતા છે. એના મજબૂત દાંતોમાં ઉપલા જડબાનો ત્રીજો ને નવમો તથા નીચલા જડબાનો અગિયારમો દાંત ખૂબ મોટા હોવાથી એમનાં હાડપિંજરો સહેલાઇથી ઓળખાઇ આવે છે. ઉપલા જડબામાં ૨૦ લગભગ ને નીચલામાં ૨૨ લગભગ દાંત તેને હોય છે. કૈમાનને બ્રાઝીલના દેશીઓ જેકેર નામે ઓળખે છે. તેની પાંચ જાતો થાય છે, પણ માત્ર મધ્ય તથા દક્ષિણ અમેરિકા પૂરતો જ તેમનો વસવાટ છે. એલીગેટરની બે જાતો થાય છે. એક ઉત્તર અમેરિકામાં ને બીજી ચીનની યાંગ્સે નદીમાં. એમનું નાક કૈમાન જેવું ખુલ્લું નથી હોતું પણ સહેજ ઢળેલું હોય છે. ચીનાઈ એલીગેટર



ક્રોધ વિષ્ટ મગર ખુન્નસે ચડ્યો છે. એનાં ફાડેલાં જડબાંમાં આવી ભરાએલા શિકારનાં બે ફાડિયાં જ થઇ જાય.

તો કૈમાનને ખૂબ મળતો આવે છે, માત્ર કૈમાન કરતાં તેના પંજા વધુ મોકળા હોય છે.

ત્રીજો વર્ગ ઓસ્ટીઓલીમસ (osteolœmus). પશ્ચિમ આફ્રિકામાં સીએરા લીઓનાં નજીક ફ્રેન્ચ શોધક દુ શેલુને તેનો એક નમૂનો હાથ લાગેલો. એના આગલા પંજા નહિ જેવા જ જોડાએલા હોય છે, જ્યારે પાછલા લગભગ અરધા. સાવ ટૂંકી થુથડી એ એની વિશિષ્ટતા છે.

હવે જેને ખાસ 'ક્રૅાકોડાઇલિયસ' નામથી ઓળખવામાં આવે છે એ વર્ગ આવે છે. આફ્રિકા, દક્ષિણ એશિયા, ઉત્તર ઑસ્ટ્રેલિયા ને સમશીતોષ્ણ અમેરિકા તેમના પ્રદેશો. આપણા હિંદમાં થતાં મગર (C. Palustris) તેનો સર્વોત્કૃષ્ટ નમૂનો છે. આ આખા વર્ગની થુથડીની લંબાઈ તેની પહોળાઈ કરતાં દોઢીથી વધુ નથી હોતી. હિંદી મગરની થુથડી ઉપર હાડકાંનો કોટ (bony ridges) નથી હોતો. હિંદ, સીલોન, બ્રહ્મદેશ ને મલય સુધી આ જાત વિસ્તરી છે. એની લંબાઈ સાધારણ રીતે ૧૨ થી ૧૪ ફૂટ હોય છે, પણ એક નમૂનો ૧૮ ફૂટનો પણ નોંધાયો છે. મગરની બધી જાતોમાં આ હિંદી મગર ઓછો ક્રૂર હોય છે.


પણ હિંદના દરિયામાં થતી જાત તો ખૂબ ભયંકર છે. વહાણો પર પણ તે વખત આવ્યે હુમલો કરતાં ચૂકતી નથી. એની લંબાઈ પણ બધાને ટપી જાય એવડી—૩૩ ફૂટની હોય છે!

નાઇલ નદીમાં થતી તિમસા જાત તો સ્ટીમરો ને બંદૂકોના આક્રમણથી હવે નાબૂદ થવા આવી છે. એની આખી થુથડી બિલકુલ લીસી હોય છે. તેનો ફેલાવો માડાગાસ્કર ને કેપથી માંડી આ બાજુ સીરિયાની ઝર્કા નદી (જે Crocodile River—મગરોની નદી તરીકે ઓળખાય છે ત્યાં) સુધી થએલો છે. હિંદી જાતને એ ખૂબ મળતી આવે છે. સિંધમાં મંગા પીર નજીક આજે પણ મગરોની જેમ પૂજા ચાલે છે તેમ પ્રાચીન મિસરીઓ ને ગ્રીકો આ તિમસા મગરોને પૂજતા. એમને મન એ ઊગતા સૂર્યનું દેવપ્રતીક હતું ને એને લઇને એ મગરને થીબ્સના મંદિરમાં પગે સોનાનાં સાંકળાં પહેરાવી રાખવામાં આવતાં ને તેને દેવભોગ ધરાવવામાં આવતો.

'ક્રૅાકોડાઇલિયસ' વર્ગની બધી મળીને તો દસ જાતો થાય છે, પણ તેમાં થોડાઘણા બાહ્ય ફેરફારો સિવાય કશું જાતિવૈશિષ્ટ્ય નથી જણાતું.

મગરનો પાંચમો વર્ગ રિન્કોસુકસ (Rhyncosuchus Schlegeli) અથવા મલય ગઢીઆલનો. બોર્નીઓ, સુમાત્રા ને મલય દ્વીપકલ્પમાં એ થાય છે. એનું નાક નસકોરાંથી આગળ પડતું નથી હોતું. એ નસકોરાં વચ્ચેનું અંતર પણ વધુ હોય છે ને બીજા મગરો કરતાં તેની થુથડી લાંબી ને પાતળી હોય છે. મલય લોકો એને 'બુઆયા જિંભુ' નામે ઓળખે છે. પાણી કરતાં બીનાશવાળી જમીન એને વધુ ગમે છે, જ્યારે હિંદી ગઢીઆલને પાણી વધુ ગમે છે.

આ ગઢીઆલ (Garialis) તે આ સમૂહનો છેલ્લો વર્ગ. આપણો હિંદી ગઢીઆલ (Garialis gangeticus) પોતાની લાંબી ને પાતળી થુથડીથી સૌ કરતાં જુદો પડી જાય છે. એ થુથડીથી એનો દેખાવ બહુ વિચિત્ર બની જાય છે. સૌ વર્ગો કરતાં એનાં જડબાંમાં દાંતની સંખ્યા વિશેષ હોય છેઃ ઉપલા



ઈંડા સેવાઇ રહેતાં કોટલાં ફોડી મગરનાં બચ્ચાં તરત પાણીની દિશા તરફ દોટ મૂકે છે.

જડબામાં ૨૭ થી ૨૯ જ્યારે નીચલામાં ૨૫ થી ૨૭. બધા જ દાંત લગભગ એક સરખા જ કદના હોય છે. એના પંજા પણ જોડાએલા હોય છે. આપણા દેશમાં સિંધુ, ગંગા, બ્રહ્મપુત્રા, મહા નદી તથા આરાકાનની કોલાદીની નદીમાં તે નજરે પડે છે.

મગર આમ તો ખુબ પ્રાચીન પ્રાણી છે. હિંદને એણે શરૂઆતથી જ પોતાનું વતન બનાવ્યું હોય એમ લાગે છે, કારણ તેના પુષ્કળ અવશેષો મળી આવે છે. આજે તો એની લંબાઇ સરેરાશ વીસ ફૂટની ગણાય, પણ શિવાલિકની ટેકરીઓમાંથી એક જાત (**Rhamphosuchus Crassidens**) ના મળી આવેલા અવશેષની લંબાઇ તો લગભગ ૫૦ થી ૬૦ ફૂટની થવા જાય છે!

મગરની આટલી જાતિવિશેષતા પછી હવે એની ખાસીઅતો પર આવીએ. તેનાં પાછલાં લાંબાં અંગો એનો જળપ્રિય સ્વભાવ દર્શાવે છે. પાણીમાં પોતાનાં નસકોરાં ને ગળુ તે બંધ કરી દે છે, જેથી પાણી અંદર ન ઊતરે. વળી આંખ માટે એને ત્રીજું એક પારદર્શક પાંપણ પણ હોય છે જેનો તે પાણીમાં ઉપયોગ કરે છે ને બધું જોઇ શકે છે. મોટે ભાગે એ નિશાચર હોય છે.

બધા જ મગર માંસાહારી હોય છે. કોઇ એકલાં માછલાં પર નિર્વાહ ચલાવે છે, તો કોઇ જે પ્રાણી ઝપટમાં આવ્યું તેના પર નભે છે. માણસનું લોહી ચાખ્યું તો તો મગર માણસનો જ શોખીન બની જાય છે. માણસનો સંચર હોય ત્યાં નિશ્ચેષ્ટ રીતે તે પાણીમાં પડી રહે છે, ને શિકાર આવતાં લક્ષ્ય સાધી, સીધો ધસારો કરી તેને પગેથી પકડવા પ્રયત્ન કરે છે. શિકારને પ્રથમ તે સીધો પાણીને તળિયે લઇ જાય છે, એટલે શિકાર ગભરાઈ જાય છે ને તેને કંઇ સુઝતું નથી. પછી તેના ટુકડા કરી તે આખા ને આખા ગળી જાય છે, કારણ તેના દાંત તો માત્ર શિકારને જકડી રાખવા જ કામ લાગે છે. કહેવાય છે કે મગર પકડે કે તરત તેની આંખમાં આંગળાં ઘોંચી દેતાં તરત મુક્ત થવાય છે.

મગરની પૂછડી પણ શિકારમાં અગત્યનો ભાગ ભજવે છે. કિનારે ઊભેલા પ્રાણી પર નેમ તાકી તે એવા તો જોરથી તેનો ફટકો મારે છે કે એક જ ફટકા ભેગું તે પાણીમાં ઉછળી પડે છે. કોઇક વખત એ એક જ ફટકો શિકારને બેભાન બનાવી નાખવા પણ પૂરતો થઇ પડે છે.

બધા જ મગરો આતપસ્નાનના શોખીન હોય છે. એ સ્નાન વખતે પોતાનું મોં એ ઉઘાડું રાખે છે. એનું કારણ એ મનાય છે કે રાતે તેનાં મોંમાં જીવડાં પડેલાં હોય એ સૂર્યની ગરમીથી બહાર નીકળી જાય. મિસરમાં તો એક જાતનાં પક્ષીઓ થાય છે જે ત્યાંના તિમસા મગરોનાં ખુલ્લાં મોંમાં પ્રવેશીને જીવડાં ખાઇ જાય છે ને મગરો પણ તેમને કશી ઇજા કરતા નથી! સૂર્યસ્નાન કરતાં મગરો ઘણી વાર ઊંઘમાં યે પડી જાય છે.

કેટલીક વખત પાણીમાં મગરો વચ્ચે જબરું દ્વંદ્વ જામે છે. એ ખુબ ભયંકર હોય છે ને તેને પરિણામે ઘણી વાર કોઇના નખ ભાંગી જાય છે, દાંત પડી જાય છે કે પૂછડી યે તૂટી જાય છે. એમનો શિકાર ખુબ અઘરો હોય છે, કારણ એમને માત્ર કાન પાછળ ભેજનો ને ગરદન પરના સાંધાનો ઘા જ કાતિલ નીવડે છે. કોઈ વિરલ શિકારી સિવાય તેમનો હત્યાકારી બીજો કોઇ જીવ ન હોઇ એ ખુબ લાંબું જીવે છે. ૭૫ વર્ષ તો તેની સામાન્ય આવરદા છે. વળી ખોરાક વિના પણ તે લાંબો કાળ ચલાવી શકે છે. મહિના દિવસના ઉપવાસ તો એને કંઇ વિસાતમાં નથી હોતા. છતાં નદી કે સરોવરનું પાણી સુકાવા આવે ત્યારે એમને જીવનનિર્વાહ ખોડવો પડે છે ને નવા 'જળા-



મગરની વિભિન્ન જાતો: ૧ તથા ૫ નાઇલના મગરો; ૨ નદીના મુખનો વાસી મગર; ૩ એરિનોકો મગર ૪ પહોળી થૂથડીવાળો ને ૫ લાંબી થૂથડીવાળો મગર.

સ્થાનની શોધમાં નીકળતાં સતત ઉપવાસો ઘણી વાર તેનો અંત આણી દે છે.

મરેલા કોઇ મગરને ચીરીએ તો તેમાંથી ઓછામાં ઓછા દસ શેર પથ્થર તો નીકળે જ. એ પથ્થર ગળવાથી એની પાચનશક્તિને ખૂબ મદદ મળે છે. ખોરાક એના પેટમાં સડ્યા કરતો હોવાથી એ હમેશાં દુર્ગંધ મારી કરતો હોય છે.

મગરી માળા નથી બાંધતી. રેતી કે કાદવમાં નિર્જન જગ્યાએ જઇ ઇંડાં દાટી આવે છે. એનો ગર્ભાધાનનો સમય જાનેવારીથી શરૂ થાય છે ને એપ્રિલમાં તે ઈંડાં મૂકે છે. ઋતુકાળમાં તેના શરીરમાં કસ્તુરીથી યે વધુ સુગંધિત એક પદાર્થ પેદા થાય છે અને તે જે માર્ગે જાય તે માર્ગની સપાટીને સુગંધમય બનાવી મૂકે છે. આ સુગંધથી આકર્ષાઈ મગર તેની પાછળ પડે છે.

પ્રસવ વખતે મગરી સફેદ કઠણ કોચલાંવાળાં વીસથી સાઠ ઈંડાં મૂકે છે જે સૂર્યના તાપથી સેવાય છે. લગભગ ચાળીસ દિવસે એ પૂર્ણપણે સેવાઇ રહે એટલે અંદરનું બચ્ચું કોટલું તોડી બહાર નીકળે છે. તરતનાં જન્મેલાં બચ્ચાંનાં મોં પર એક નાનો દાંત હોય છે, જે પછી પડી જાય છે. જન્મતાં જ એ ચીંચાટ કરતાં પાણી તરફ ધસે છે, પણ ઘણી વખત શિકારી પક્ષીઓ અધવચ્ચે જ એના મોટા ભાગનો નાશ કરે છે.

મગરોને પકડવાની જુદી જુદી રીતો છે, પણ તેમાં સિંધીઓની તરકીબ અજબ છે. સિંધુના ધરણમાં પાણી ઓછું થાય કે મગર આમ તેમ સંતાતા ફરે. સિંધીઓ તેની ગુફા જોઈ આવે ને પછી હલ્લા કરે. અંદર ખૂબ ઘાસ સળગાવી મગરને તેની ધુમાડીમાં ગૂંગળાવે. પછી એક જણ જઇને તેની પીઠ પર લાકડી ઝોડે. એ લાકડીની જાદુઈ અસર થાય છે, કારણ મગરને એ વાગતી નથી, ભારે નથી લાગતી, છતાં તે એટલામાં જ સ્તબ્ધ બની જાય છે ને એને ગળે ફાંસો પડી ચૂકે છે.

અશોક હર્ષ

ઇજ્જત (અનુસંધાન પૃ. ૨૨૦થી) એક નામચીન મવાલીએ મને જોઇ લીધેલો. મને એ બરાબર ઓળખે છે. ને પેલા ગુમ થએલા સર્જનનો છાપામાં આવેલો ફોટો પણ તે દિવસના નિરીક્ષણ પરથી તેણે બરાબર ઓળખી કાઢ્યો છે. શારીરશાસ્ત્રના એક પ્રોફેસરના હાથે ખૂનનો પ્રસંગ બનવાની સંભાવના ઓછામાં ઓછી રહે છે; પણ મિત્રો, મેં મારા ધંધાની ઇજ્જત સાચવવા જાણીબૂઝીને એ પગલું ભર્યું છે. જનતાને એના નાપાક હાથે રહેંસાતી બચાવવાનો બીજો કોઇ ઇલાજ મને ન મળ્યો.'

એટલું કહી, પ્રોફેસર પેલો આખો ગ્લાસ ગટગટાવી ગયા. દર્દની એક આંચકી એમના ચહેરા પર ફરી ગઇ ને એ થોડા ધ્રૂજી ઊઠ્યા. પણ તરત સ્વસ્થ થઇ, ક્ષમાપ્રાર્થી સ્મિત મુખ પર ફરકાવી એ કંઇક બોલવા જતા હતા ત્યાં બે કૉન્સ્ટેબલો સાથે એક ફોજદાર બારણામાં દેખાયો.

'પ્રોફેસર અરદેશર વીકાજી કરંજીઆ!' અંદર પ્રવેશતાં ફોજદાર બોલ્યો, 'આ વૉરંટની રૂએ, "વિલફુલ મર્ડર"ના આરોપ નીચે હું તમારી ધરપકડ કરું છું...'

'થોભો એક મિનીટ!' સત્તાવાહી અવાજે પ્રોફેસર બોલ્યા ને વર્ગ તરફ ફર્યા: 'દોસ્તો, મારી એ અંતિમ ઇચ્છા છે—ને મારા વિલમાં મેં એ જાહેર પણ કર્યા છે—કે મારું હાડપિંજર આ કૉલેજને સમર્પિત થઈ આ ખંડમાં મૂકાય ને મારો ઉત્તરાધિકારી તમને શીખવવામાં તેનો ઉપયોગ કરે. પ્યારા દોસ્તો, રખે ભૂલતા કે મારો ચહેરો અત્યારે ગમે એટલા ગુમાન, અમાનુષી ઝનૂન કે ઠંડી વૈરવૃત્તિના આવિષ્કાર કરી રહ્યો હોય પણ તે નીચેની ખોપરી તો પ્રસન્ન નિર્વિકાર જ છે.'

અને એ શબ્દો પૂરા થતાં જ એક ઊંડા નિસાસા સાથે એમનું જર્જરીભૂત શરીર ત્યાં જ ઢગલો થઈ પડ્યું. પેલા ગ્લાસને એમનાં આંગળાંની મડાગાંઠ વળી ગઇ હતી, ને તેમાંથી કશીક તીવ્ર અને ઠંડી વાસ આવી રહી હતી.

અશોક હર્ષ

(W. J. Makinની 'The Anatomy Lesson' ઉપરથી)

ગલતેશ્વર

ગુજરાતનું એક સૌન્દર્યધામ

★

ભારતના નંદનવન સમા ગરવી ગુજરાત પાસે દક્ષ્ખણનો ડુંગરાળો દેહ નથી; નથી એને ત્યાં ઉત્તરની મહાગંગાઓ, કે કાશ્મીરનાં સુવર્ણ-પ્રભાતો. તો ય ગુજરાત પાસે જે છે એ વિશિષ્ટ છે, અનોખા સૌન્દર્યવાળું છે. સૌરાષ્ટ્રનો સાગરકાંઠો અને શત્રુંજય ગિરિનારના ગિરિવરો, આબુ અને અંબાજી તરફનો આહ્લાદક પ્રદેશ, ખેડબ્રહ્મા તરફની રળિયાળી કુદરત; મહી, નર્મદા, સાબર અને વાત્રકના કાંઠાની શોભા અને લીલાં હરીઆળાં ખેતરો; શાંત ધીરગંભીર વહેતી સરિતાઓ; આંખને સૌમ્ય સૌન્દર્ય પાતા વિશાળ સપાટ ખેતીસમૃદ્ધ ભૂમિપ્રદેશ;—પ્રકૃતિસૌન્દર્યભર્યાં એનાં આવાં સ્થાનોમાં 'ગલતેશ્વર' ગુજરાતના પ્રકૃતિપૂજકે અચૂક નિહાળવા જેવું છે.



ગલતેશ્વર પાસેનું પ્રાચીન મંદિર

હિન્દના મહા ધર્મતીર્થ ડાકોરથી ગોધરા લાઇન પર બારેક માઇલ દૂર આ સ્થળ આવેલું છે. ડાકોરથી અંગાડી સુધીની ૩ આનાની ટિકીટ છે. પછીથી એએક માઇલ ડુંગરાઉ રસ્તે ચાલવું પડે છે; અને આ ખાડાટેકરા ચઢવા ઊતરવામાં જ ગલતેશ્વરના પ્રવાસની ખરી મહત્તા રહેલી છે. અંગાડીથી જોઇતો ખોરાક લઈ લેવો પડે છે, કારણકે ગલતેશ્વર આગળ ખોરાકી કંઈ મળતી નથી. પરંતુ ત્યાં ધર્મશાળા છે, જ્યાંથી વાસણ પાગરણ વગેરે જોઇતાં સાધનો મળી રહે છે. ડાકોર સુધી આવનાર યાત્રાળુ આટલે પાસેના આ પ્રકૃતિદેવીના લીલા સ્થાનના દર્શનનો લાભ ન જ છોડી શકે.

'ગલતેશ્વર' નામ જ જેનું પુનિત સ્મરણ કરાવે છે એવા કલાપતિ શંકરનું આ સ્થાનક છે. ગલતી નદીની ભેખડો પર એક પુરાણું પણ ભવ્ય મંદિર ઊભું છે. એને કાંગરે કાંગરે અદ્દભુત કલા વેરાએલી માલૂમ પડશે. એક બાજુ નાના છોડ સાથે ખેલતી ગલતી કલરવ કરતી વહી જાય છે. બીજી બાજુ મહીસાગર ચોફાટ પડી છે. ગલતી મહીસાગરને ભેટવા જાય છે—ગભરાતી અચકાતી; પણ પછી થોડેક દૂર આગળ જઇ ભેટી પડે છે. ચોપાસ પથરાઇ પડેલા, શંકરની જટા જેવા શ્યામ અને ભસ્મ જેવા શ્વેત ખડકો આ જોઇ જાણે ધીમુંધીમું હસી રહ્યા છે. દૂર દૂર કિનારા પર તાડ સ્તબ્ધ બની ઊભાં રહ્યાં છે.

હવે જરા પાસેથી એ મંદિરના ઘુમ્મટના અંતર્ભાગ પર મીટ માંડો. પ્રાચીન ભારતની કલાનો એ અવશેષ આ મંદિર કેટલું જૂનું હશે એનો ખ્યાલ આપે છે. અંદર તેમજ બહારથી જરી ગએલા એના સળંગ પત્થરના અંગો કરુણ ઇતિહાસ કથતા આજુબાજુ વેરાએલા છે. કહેવાય છે કે એ મંદિરની ઉપરના ભાગો પતાઈ રાજાને હરાવી પાછા ફરતા સુલતાને તોપના ગોળા વડે તોડી પાડ્યા હતા. તોપણ આજ એ મંદિરનો કોઈપણ વિભાગ ઇતિહાસ કે કલાના પ્રેમીને પોતાના સૂર સંભળાવ્યા વિના રહેશે નહિ.

મંદિરનો ઘાટ, એનું આંતર તેમજ બાહ્ય સ્થાપત્ય, એની આસપાસ વેરાએલી મનોરમ કુદરત એક વાર નિહાળ્યા પછી, સ્મરણે સ્મરણે ચક્ષુપટ પર તરી આવશે. અને એ મંદિરનો શ્યામ રંગ તો દૂરથી ય શ્વેત એવા ખડકો, રેતી અને નભપ્રદેશ વચ્ચે, દૂરથી જ આકર્ષે છે. એ મંદિરની અટારીએથી જરા બહાર નજર નાખતાં, ખળખળ કરતી વહેતી ગલતી ઝાડનાં ઝુંડ વચ્ચે સંતાકુકડી રમતી મહી મૈયાને મળવા દોડતી દેખાશે;

એની બીજી બાજુ માતીલી મહીસાગર શિવજીના પ્રલયનૃત્યનો ખ્યાલ આપતાં મોજાં ઉછાળતી આવેથી ધસતી આવતી દેખાશે; અને ઘડી બે ઘડીમાં ગલતીને સમાવી દઈ એનાં કાળાં ધોળાં અસ્થિ સાથે હાસ્યની છોળો ઉરાડતી, તમારી દૃષ્ટિને દૂર દૂર ખેંચી જતી દેખાશે.

કહેવાય છે કે એમાં પહેલાં મગર હતા. પરંતુ હાલ એમને મારી નાખવામાં આવ્યા છે. આથી, ગમે તેવી ઉગ્ર તો યે મૈયા સમી મહીસાગરના કોઈ એકાદ કોમળ ખૂણામાં કુદરતનું ગાન સુણતા પાણીમાં પડયા રહેવાનું જરા યે ભયંકર નથી લાગતું. ધોધની માફક પડતી એની એકાદી રેખા નીચે બેઠાં બેઠાં અમારા પચીસ માઈલના પગપ્રવાસના થાકને સહજમાં અમે દૂર કરી શકયા; અને ભોજનની પણ પરવા કર્યા વિના લાગલગાટ પાંચ કલાક સુધી મહીમૈયાની ગોદ ખૂંદી અમે જ્યારે બહાર નીકળ્યા ત્યારે એમ પણ ભાન ન રહ્યું કે ચાંદામામા કયારના ડોકિયાં કરી રહ્યા હતા અને મંદિરનો પૂજારી અમને બૂમો મારી રહ્યો હતો કે રખેને વાઘ આવે !

જયંત જે. ચોકશી

આપણી ઊગતી પ્રજાની શારીરિક સ્થિતિ

તે સુધારવા પ્રતિ લક્ષ આપી કામ કરનારાઓને માટે પારિતોષિકોની એક યોજના


'ગુજરાતી પ્રજાનું શારીરિક બંધારણ વખણાતું નથી, અને ગુજરાતના 'પાપડિયા પહેલવાનો' શરીર સંપત્તિના વિષયમાં કાંઈ પણ કરી શક્યા નથી. હિંદી લશ્કરની ભરતીમાં ગુજરાતીઓનું નામ લેવામાં આવતું નથી. ગુજરાતી શેઠિયાઓને પોતાની માલમિલકતના રક્ષણ માટે ભૈયા, પઠાણો અને આરબો કે ગુરખાઓનો આશ્રય લેવો પડે છે. પુરાણી ભાઇઓની અખાડા અને વ્યાયામ સંબંધી પ્રવૃત્તિ ઘણાં વર્ષથી ચાલુ છતાં હજુ જોઇએ તેટલાં સુધારાનાં ચિહ્નો દેખાતાં નથી.

સાધારણ રીતે યુરોપ કે અમેરિકાના દેશોની પ્રજાનાં બાળકો અને વિદ્યાર્થીઓનું શારીરિક બંધારણ હિંદ અને ખાસ કરીને ગુજરાતના વિદ્યાર્થીઓના કરતાં ચઢિયાતું હોય એ સમજી શકાય એમ છે. પરંતુ એક જ દેશમાં અને સાથે રહેતા ભણતા વિદ્યાર્થીઓના શરીરનાં માપની સરખામણીમાં જ્યારે ગુજરાતીઓ નીચા ઊતરે ત્યારે વિદ્યાર્થીઓને શરમાવા જેવું થાય છે. મુંબાઈ યુનિવર્સિટી તરફથી નીમવામાં આવેલા આ વિષયના નિષ્ણાત વિદ્વાનોએ વિદ્યાર્થીઓના ત્રણ વિભાગ પાડયા છે. રોગિષ્ટ વિદ્યાર્થીઓને ત્રીજા વિભાગમાં, નબળા વિદ્યાર્થીઓને બીજા વિભાગમાં અને સશક્ત અને સાધારણ વિદ્યાર્થીઓને પહેલા વિભાગમાં મૂકવામાં આવે છે. ગુજરાતની કૉલેજોમાંથી ફક્ત ૩૦ કે ૪૦ ટકા જેટલા જ વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગમાં મૂકવા લાયક હોય છે પણ બીજી કૉલેજોમાં આ વિદ્યાર્થીઓની સંખ્યા વધારે હોય છે. આ વિષેના આંકડાઓ સચોટ રીતે હકીકત રજૂ કરે છે. તેમાં ખાસ ધ્યાનમાં લેવા જેવી વાત તો એ છે કે, ગુજરાતની કૉલેજોમાં ભણતા વિદ્યાર્થીની શારીરિક સ્થિતિ છેલ્લા એક વર્ષમાં વધુ ખરાબ થઈ છે.

જેવી સ્થિતિ કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓની છે તેવી જ શાળાઓમાં ભણતા બાળકોની સ્થિતિ છે, એ મુંબાઈ મ્યુનિસિપાલિટીના દાક્તરી અમલદારના રિપોર્ટ ઉપરથી જાણી શકાય છે. અમદાવાદ મ્યુનિસિપાલિટી તરફથી ડૉક્ટરોએ કરેલી તપાસના પરિણામે જણાયું છે કે ફક્ત ૨૫ ટકા જેટલાં જ બાળકો સ્વચ્છ અને તંદુરસ્ત ગણી શકાય અને બાકીનાં ૭૫ ટકા રોગિષ્ટ કે અશક્ત હોય છે. તેમની ઊંચાઈ, વજન અને બીજાં શારીરિક માપ, ધોરણ કરતાં ઘણાં ઓછાં છે.'

'શિક્ષણ અને સાહિત્ય'ના એપ્રિલ અંકમાં આ મુજબ ધ્યાન દોરીને શ્રી પોપટલાલ ગો. શાહ તેને સારુ શાળાઓમાં બાળકોની શારીરિક તપાસ માટે આગ્રહ ધરાવીને એક ચોક્કસ પદ્ધતિ સૂચવે છે અને એ યોજનામાં સહકાર આપવાને તમામ શાળાઓ, સંસ્થાઓ અને અન્ય વ્યક્તિઓને પોતાની સાથે પત્રવ્યવહાર કરવા વિનંતિ કરીને જણાવે છે કે 'સમગ્ર ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છના જિલ્લાવાર, અને હિંદુ, મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી, યહૂદી વગેરેના કોમવાર આંકડાઓ ભેગા કરીને તે ઉપરથી દેશની પ્રજામાત્રની તંદુરસ્તીનાં ધોરણો નક્કી કરવાનું કામ મેં માથે લીધું છે. આ વિષયમાં ખરા દિલથી કામ કરનારને અને વિશ્વાસપાત્ર આંકડા મેળવી આપનારને તેમ જ શરીર સુધારનાર બાળકોને પણ પારિતોષિક આપવાને માટે નાણાં આપવાની ગોઠવણ પણ થવાથી ઘણો લાભ થઈ શકે એમ છે. આ પ્રમાણે પારિતોષિક આપવાની યોજનાથી એક જ વર્ષમાં સ્પષ્ટ લાભ થાય છે, એ દિલ્હી ગુજરાતી સમાજના અનુભવથી કહી શકાય. આપણી શાળાઓમાં આ વિષે ઘણી માહિતી છૂટીછવાઈ પડેલી છે, પરંતુ તેનો સામુદાયિક ઉપયોગ કરવાને અને તેમાંથી આખી પ્રજાની શારીરિક ઉન્નતિનું ધોરણ નક્કી કરવાને માટે સતત પ્રયાસની જરૂર છે.

પોપટલાલ ગોવિંદલાલ શાહ



જીવનનું પરોઢ

ભાગ ત્રીજો

પ્રકરણ · દશમું

સત્યાગ્રહની ગંગોત્રી

વ્યાસ ભગવાને મહાભારતની પ્રસ્તાવનામાં લખ્યું છે કે 'આની અંદર અર્થશાસ્ત્ર ધર્મશાસ્ત્ર આદિ શાસ્ત્રો સમાએલાં છે એટલું જ નહિ, પણ આ ઇતિહાસમાંથી જ કવિઓને પ્રેરણા મળશે. આ આખ્યાનનો આધાર લીધા વિના કોઈ પણ કથા દુનિયામાં નથી બની શકવાની.'

इतिहासोत्तमादस्माज्जायंते कविबुद्धयः।

* * *

अनाश्रित्यै तदाख्यानं कथा भुवि न विद्यते।

મહાભારતની કથા વિષે ઉપરની વાત જેટલી સાચી છે તેટલી જ સાચી વાત બાપુજીને હાથે ત્રણ પાઉંડના કર વિરુદ્ધ દક્ષિણ આફ્રિકામાં લડાએલી સત્યાગ્રહની લડાઈ વિષે છે. કોઈ પણ સત્યાગ્રહની લડાઈનું સાચું સ્વરૂપ પ્રગટ કરવા માટે એ ઇતિહાસને શોધવો જ પડે છે. પૂજ્ય બાપુજી પોતે પણ પોતાનું યુદ્ધસંચાલન દક્ષિણ આફ્રિકાના એ અનુભવોને આધારે ચલાવે છે અને નવાં સત્યાગ્રહીઓને એ અનુભવો સંભળાવતા થાકતા નથી. આથી જ મેં પાછલા પ્રકરણોનું મથાળું "ઐતિહાસિક ઇતિહાસ" રાખ્યું. ચાલુ પ્રકરણમાં એ ઐતિહાસિક ઇતિહાસ રચનારા બાપુજીના એ વેળાના ઓજસ્વી સ્વરૂપની ઝાંખી કરાવવાનો પ્રયત્ન કરીશ.

ન્યૂકાસલની કોલસાની ખાણોમાં મદ્રાસી બહેનોના જથ્થાએ જે હડતાલ શરૂ કરાવી તેને પાંચ સાત દિવસ થયા ત્યાં તો દિવસમાં કલાકે ને બબ્બે કલાકે મગનકાકા ઊંડા નિસાસા નાખી કહેવા લાગ્યા કે 'હવે તો ભગવાન કરે ને બાપુજી પકડાય તો સારૂં. જેલ મળવામાં હવે જેટલું મોડું થાય છે એટલું વધુ ભયંકર છે. જો આમ ને આમ વધુ લંબાશે તો આપણે બાપુજીને ખોઇ બેસવાના છીએ. એક વાર નહિ, બે વાર નહિ, પણ અનેક વાર મગન કાકાના આવા ઉદ્‌ગારો સાંભળી અમારા મનમાં કંઇનું કંઇ થઈ જતું. હડતાલનું કામ કરતાં બાપુજીનો દેહ પડી જશે શું? એ વિચાર વીજળીના ભારે આંચકા સમો લાગતો. કામ કરતાં કરતાં અમારા હાથ ઢીલા પડી જતા અને હાથમાંનાં બીબાં પડું પડું થતા. મને જ્યારે એ સાંભળતાં છાતી થડકવા લાગતી અને શ્વાસ ધીમો પડી જતો ત્યારે દેવદાસ કાકાને તો શું યે થતું હશે. આવી બાબતમાં હું કઠણ હતો. દેવદાસ કાકાની લાગણી ઘણી વધારે કોમળ હતી. મને એવો ઝાંખો ખ્યાલ છે કે બાપુના સમાચારો સાંભળીને દેવદાસ કાકા છાનું છાનું રોતા. અમે તો રાતદિવસ પ્રાર્થના કરવા માંડી કે 'હે ભગવાન! તું હવે જલદી બાપુજીને જેલ અપાવ.'

આટલી બધી ચિંતા થવાનું કારણ એ હતું કે બાપુજી પાસેથી આવનારા લોકો ખબર આપતા કે રોજે રોજ બાપુજી સુકાતા જાય છે. એમના શરીરમાં માંસ તો જાણે છે જ નહિ. તેઓ ઓળખાતા પણ નથી. લમણા પાસેનાં હાડકાં યે નીકળી પડ્યાં છે. અને એ ઉપરાંત એમનો ખાવાનો ને ઊંઘવાનો ક્રમ સાંભળીને તો અમે અવાક્ બની જતા.

પેલા સાત દિવસના ઉપવાસની સાથે એમણે ચાર મહિનાનાં એકટાણાં કરવાનું વ્રત પણ લીધેલું એ વાત ખ્યાલમાં જ હશે. (જુઓ જી. પ. ભાગ ૨ પ્રકરણ ૧૭ કુમાર અંક ૧૮૬) વળી એ વખતે ફળ સિવાય તેઓ બીજું કંઇ ખાતા ન હતા. ખાંડ ને મીઠું તો ક્યારનાં છોડી દીધેલાં. અધૂરામાં પૂરૂં ભૂખ્યા ગિરમિટિયાઓની સેવા કરવામાં ઝંપલાવેલું, એટલે ખર્ચાળ ફળ તો તેઓ ક્યાંથી જ ખાય? ઑલિવ ઓઇલ, બદામ વગેરે શરીરને આવશ્યક પણ મોંઘી વસ્તુઓ એ વખતે લેવાની તેમની અનિચ્છા રહે. આટલી અગવડોની સાથે એમનો દિનક્રમ નીચે મુજબ હતો.

સવારના ચાર વાગ્યા પહેલાં તૈયાર થઇ જઇ ચાર વાગે ત્યાં તો રસોઈ મંડાવી દે. અજવાળું થાય ત્યારથી ટુકડીઓને પીરસવાનું કામ શરૂ કરે તે વારા ફરતી

ચાર સાડા ચાર હજાર માણસો જમે ત્યાં રાતના દસ થાય. એક વાર જમેલો બીજી પંગતમાં ન આવે, કોઈ જમ્યા વિનાનું રહી ન જાય, દરેકને સુવા બેસવાને ન્યાયસર જગ્યા મળે, માંદાઓની માવજત થાય, અને જેટલી નવી ટુકડીઓ આવતી જાય તેનો બરાબર બંદોબસ્ત થાય, એ બધું બાપુજી પોતે જ સંભાળે. એ ઉપરાંત જ્યારે જુઓ ત્યારે પીરસવાના ટેબલ આગળ તેઓ ઊભા જ હોય. એક પછી એક માણસ એમ અણખૂટી હારને પીરસતા હોય. રાત સુધી પગ વાળીને એક મિનિટ પણ બેસે નહિ, રાત્રે પણ બધા સૂઈ જાય એટલે પોતે જઈને બધાને જોઈ આવે કે દરેકને સૂવાનું મળ્યું છે કે નહિ અને માંદાં નબળાંની સંભાળ લેવાય છે કે નહિ. બધે ફરી વળે અને જ્યારે એમને ખાતરી થાય કે એકે એક માણસને સગવડ પૂરી પાડવામાં આવી છે ત્યારે જ તેઓ બધાની સાથે જમીન ઉપર ઘાસમાં સૂએ. આમ, લગભગ બારેક વાગ્યે સૂઈ અઢી ત્રણ પહેલાં તો બાપુજી ઊઠી નીકળે. ઊઠીને દાતણપાણી કરી નાહી લઈને એ જ વખતે ફલાહાર પણ કરી લે, કારણ દિવસ આખામાં ફલાહાર કરવાનો એમને સમય મળે એમ ન હોય. મગફળી ચાવવાને યે પૂરતો વખત નથી મળતો એટલે એ પણ ઓછી કરી નાખ્યાના ખબર અમારે માટે બહુ ચોંકાવનારા થઈ પડ્યા હતા. ફળાહાર કરવાનો પૂરો વખત ન મળવાનું કારણ એ કે પ્હો ફાટતાં જોવું પડે કે અંધારામાં જઈને કોઈ પાસે જ ઝાડે-પેશાબ જઈ આવી ગંદકી તો નથી કરતું! લોકો પોતાનાં મળમૂત્ર ઉપર માટી બરાબર વાળી દે છે કે નહિ! જો બાપુજી અત્યંત ચીવટ અને કડકાઈથી એટલા બધા લોકોથી પેદા થતી ગંદકીને કાબૂમાં ન રાખે તો ત્યાં રોગ ફાટી નીકળતાં વાર જ ન લાગે.

આમ, બાપુજી પોતાના શરીરયંત્ર અને વિચારયંત્રની પાસેથી અવિશ્રાંતપણે આકરું કામ લે તો એ શરીર સુકાયા વિના કેમ રહે? હજુ સાત દિવસના અપવાસથી પડેલી ખોટ તો પુરાઈ ન હતી ત્યાં તો બાપુજીએ અપવાસથી પણ વધુ સખત આ તાવણી આરંભી. અપવાસમાં ઊંઘથી શરીરને લાગેલો થાક ઉતારી શકાતો હતો; પણ આ હડતાલમાં તો ઊંઘ પણ આખા ચોવીસ કલાકમાં માત્ર બે કે અઢી જ કલાકની. એમાં શરીર કેટલીક ઝીક ઝાલે!

શરીરને લાગતા ઘસારા સિવાય બીજો ભય એ હતો કે રખેને એટલા બધા હડતાલિયાઓમાંના કોઈ સરકારનાં માણસોથી ભંભેરાઈને અથવા તો આ બધી હાડમારીઓથી ભૂખના માર્યા મિજાજ ખોઈ બેસીને બાપુજીને મારી દે તો! અમે એક પ્રસંગ સાંભળ્યો કે બાપુજી ટેબલ ઉપર પીરસવાની બધી તૈયારી કરતા હતા ત્યાં લોકોના ટોળામાંથી કેટલાક માણસો એકદમ ટેબલ ઉપર ધસી આવ્યા. હવે જો એમ ધસારો બાપુ ચાલવા દે તો એમાંથી તે લોકો અમર્યાદ થઈ ભારે અનર્થ કરી મૂકે. બાપુજી એકદમ આગળ આવ્યા અને કહ્યું 'થોભો, થોભો, જો ધસારો કરીને તમારે ખોરાક લૂંટવો હોય તો હું અહીં ઊભો છું ત્યાં સુધી એમ નહિ કરી શકો. તમે ઘણા છો, મારા કરતાં શરીરે મજબૂત છો, હું જાણું છું કે જો તમે ધારો તો મને ક્યાંયે ફગવી દઈ શકો એમ છો; પણ જો તમારે એમ કરવું હોય તો મને પૂરો કરો. મને મારી નાખીને પછી તમારે જે કરવું હોય એ તમે ભલે કરો. જ્યાં સુધી મારામાં શ્વાસ છે ત્યાં સુધી હું એ નહિ થવા દઉં. તમે બળાત્કારે ટેબલ પર જશો તો એમાં હું તમારી આડે આવીશ. હું મરી જઈશ ત્યાર પછી જ તમે ટેબલ પર પહોંચી શકવાના. તમે અધીરા શા માટે થાઓ છો? હું તમને વિશ્વાસ આપું છું કે તમારામાંના કોઈને પણ હું ભૂખ્યો નહિ રહેવા દઉં. એક બચ્ચું પણ ભૂખ્યું નહિ રહે.' બાપુજીના આટલા બોલથી બધા શાંત અને ચૂપ થઈ ગયા. સઘળે શાંતિ પથરાઈ અને બિલકુલ ધાંધલ વિના બધું કામ ચાલ્યું. ત્યાર પછી સૌ સમજી ગયા કે જ્યારે વારો આવે ત્યારે જ ટેબલ આગળ જવાય.

પણ આ બીના જાણ્યા પછી બાપુજી કેટલા જોખમમાં બેધડક અને સાવ નિર્ભયપણે ઘૂમી રહ્યા છે એની કલ્પના અમને આવી. જો એમાંના એકે પણ બાપુજી ઉપર હાથ ચલાવ્યો હોત તો એને કોણ અટકાવી શકે એમ હતું?

બાપુજીના શરીર વિશે એક તરફ અમને ચિંતા હતી, ત્યાં બીજી તરફ ગિરમિટિયાઓનાં પરાક્રમ સાંભળી અમને ટિનકાઓને પણ શૂર ચડતું હતું. કોલસાની ખાણોના ગોરા માલિકોને ગુસ્સો દા'ડેહાડે વધુ ને

વધુ ભભૂકતો જતો હતો. ફોસલાવી કે ડરાવીને તેઓ હિંદી મજૂરોને પાછા કામે ન ચડાવી શક્યા, ત્યારે તેમણે વીણી વીણીને કોરડા વીંઝવા માંડ્યા. અમે સાંભળ્યું કે હિંદી વીરો પોતાનો બરડો સોરાઇ જવા છતાં કામે નથી ચડતા, એટલે પછી એમની સ્ત્રીઓને પણ કોરડે કોરડે ફટકારવામાં આવી છે. મુખી ગણાતાઓને ઓરડીમાં પૂરી દીધા છે. આ જુલમ જોઇને પડોસની ખાણમાં હડતાલનો ચેપ વધતો ચાલ્યો અને સૌ બાપુજી પાસે કૂચ કરી પહોંચવા લાગ્યા. ગોરાઓ અકળાયા. તેમની અકળામણમાં વધારો ખાણોમાંથી પાણી ઉલેચવાને અંગે થતો હતો. કોલસાની ઊંડી ખાણોમાં પાણી ભરાયા જ કરે. પંપો વડે એ પાણી બહાર કાઢી નાખવામાં ન આવે તો ખાણો ડૂબી જાય. બધા યે હિંદી મજૂરોએ કામ છોડ્યું એટલે પંપ ચલાવનારા કોઇ ન રહ્યા. પંપ સતત ચાલવા જ જોઇએ. એ ચલાવવા માટે હબશી મજૂરોની નવી ભરતી કરવામાં આવી. પણ એ લોકો હિંદીઓ જેવું કામ ન કરી શક્યા. થોડો વખત એમનું જોર ચાલે, પણ બહુ જલદી થાકી જાય. હિંદીઓની જેમ ચીકણાઇથી લાંબો વખત સુધી કામ કરતા જ રહેવાની ટેવ હબશીભાઇઓને ઓછી. વધુ મજૂરી આપતાં છતાં હબસીઓ સાંજ પડ્યા પહેલાં જ કામ છોડી બેસે અને ખાણનાં પાણી અણઉલેચ્યાં રહે. આમ, ગોરા માલિકોની માથાફોડ વધી પડી. તેમના સિતમનો પારો વધુ ઊંચે ચડવા લાગ્યો. અને જેમ જેમ કેર વધતો ગયો તેમતેમ હડતાલનો દાવાનળ બમણો ને ચોગણો ફેલાવા લાગ્યો. તે એટલે સુધી કે હડતાલ વધતી વધતી ફીનિક્સને ઊંબરે આવી પહોંચી. અમે લડાઇના ક્ષેત્રમાં ન જઈ શક્યા, તો રણાંગણ અમારે આંગણે આવ્યું. પણ એ કથા જુદા પ્રકરણમાં કહીશું.

હડતાલિયાઓનો ધસારો વધ્યો અને બાપુજીએ ટૉલ્સ્ટૉય ફાર્મ તરફ કૂચ આરંભી ત્યારે અમારી આતુરતા ને ચિંતા વધ્યાં. ગોરાઓને બાપુજીએ સારી પેઠે સપડાવ્યા છે એ જોઈ અમારો આનંદ પણ વધ્યો. સારા સારા માણસોને નહિ પણ ગિરમીટિયા જેવાઓને લઈ બાપુજી ટ્રાન્સવાલમાં પ્રવેશ કરે તો તો ગિરમીટિયાનાં ફાટ્યાં તૂટ્યાં કપડાં, પાન ચાવી ચાવીને કાબરચિતરા બનેલા હોઠ, જ્યાં ત્યાં ઊડતી થૂંકની પિચકારીઓ, વગેરે જોઈ ગોરાઓ ખૂબ અકળાશે જ ને પછી બાપુજીને પકડ્યા વિના તેઓ નહિ જ રહે એ વિચારે અમે ખુશ થતા હતા.

એટલામાં એક દિવસ બપોરે છાપખાનામાં અમે કામ કરતા હતા ત્યાં રાજી થતાં થતાં ને હસતાં હસતાં મગનકાકાએ ખબર આપ્યા કે 'બાપુજી પકડાયા! વોલક્રસ્ટની હદ તો તેમણે વટાવી. પણ રાત્રે બધા સૂતા હતા ત્યારે કોઈ ન જાણે એમ એમને ઉઠાવી ગયા છે.' એ સાંભળી સૌને સંતોષ ને સ્મિત સાથે ઇંતેજારી પણ થઈ કે એમને કેટલા માસની સજા થઇ. બીજી ટપાલે વળી બાપુજી જામીન આપી છૂટવાના અને ટૉલ્સ્ટૉય ફાર્મ પહોંચવા જોસભેર આગળ કૂચ કરતા થઇ ગયાના સમાચાર આવ્યા. અમે ગણતરી કરી કે હજુ એમને કેટલા માઈલ જવાનું છે અને ત્યાં પહોંચીને કરવાની બધી ગોઠવણો એ છૂટના દિવસોમાં તેઓ કરી લઈ શકશે કે કેમ! પરંતુ, પરિસ્થિતિ એટલી ઝડપથી બદલાઈ રહી હતી કે એક વાત સમજતાં પહેલાં નવી વાત સામે આવી ઊભી રહેતી. અંધારે પકડાવું, ત્યાંથી પાછું છૂટવું, 'બધાને જોઇને ભગવું' વગેરે વગેરે કેવા કેવા બનાવો બની રહ્યા છે એ કળવા મથતા ત્યાં તો નવા ખબર આવ્યા કે બાપુજી ડંડી આવી પહોંચ્યા છે ને મિ. પૉલૉક કૂચ કરાવતા આગળ ચાલ્યા જાય છે. બીજે દિવસ બુધવાર હોવાથી રાતના ૯–૧૦ સુધી પ્રેસમાં પ્રૂફ અને ગેલીઓ સુધારવાનું કામ ચાલતું હતું ત્યાં મગનકાકા ઉપર બાપુજીનો પત્ર આવ્યો. 'અહીં આજે કેસ ચાલ્યો. છૂટબારીઓ ઘણી છે, પણ એમ સત્યાગ્રહીથી કેમ છૂટાય? મેં મારા બચાવમાં એક શબ્દ પણ નથી ઉચ્ચાર્યો અને બધો આરોપ માથે ઓઢી લીધો છે. અહીંના વેપારીઓ બેલ (જામીન) ઉપર છોડાવવાને અને પૈસા ભરી દેવાને તલપાપડ થઈ રહેલા છે. બેલ ઉપર મુદત માટે છૂટી શકાત, પણ એમ કરવાની જરૂર નથી. હું છૂટો રહું તો જ લડત બરાબર ચાલે એ અભિમાન છે. ઇશ્વરનો હાથ આપણા પર છે. એ બધું બરાબર પાર ઉતારશે.' બાપુજીના એ આખા કાગળમાં 'છૂટબારી હોવા છતાં આપણાથી કેમ છૂટાય!' એ એક વાક્ય મારા મનમાં ઊંડે ઊતરી ગયું.

(ચાલુ)

પ્રભુદાસ છ. ગાંધી

ધ્રુવપ્રદેશનો વસાહતી

(અનુસંધાન પૃ. ૨૭થી) ડિગ્રી ફારનહાઇટ નીચે પહોંચી ગયો. ઠંડી એટલી તો સિતમ હતી કે બહાર રહેનાર માણસની અંતઘડી જ આવી લાગે.

ને હવે ઝંઝા શરૂ થઈ. જરાક બારણું ઉઘાડતાં જાણે તડાતડ ગોળીઓ ફૂટી રહી હોય એમ બહારના અવાજો કાનમાં તમરાં બોલાવી દેતાં. અંધારું એટલું તો ગાઢું બન્યું કે પોતાનો હાથ પણ જોઈ ન શકાય. એ આખી રોમાંચક રંગકથાનો અહીં તો શતાંશ ભાગ પણ ઉતારી શકાય એમ નથી.

માર્ચની ૨૦ મીએ આઠ વાગ્યે સૂર્ય દેખાયો. આગના રક્તવર્ણા એ ગોળામાંથી જાણે રુધિરનો પ્રવાહ વહી નીકળ્યો હોય તેમ સઘળી જમીન પણ રક્તવર્ણી બની ગઈ. સાડા બારે એ આથમી ગયો. દિવસાનુદિવસ તે ઊંચો આવતો ગયો ને વધુ વધુ વખત પ્રકાશવા લાગ્યો. અને મે મહિનામાં તો તે દિવસ ને રાત પ્રકાશવા લાગ્યો.

પાછો બરફ તૂટવો શરૂ થયો. પણ હવે જામતી વખતના જેવા તેના તોફાની ધડાકા ભડાકા નહોતા થતા. જૂન મહિનામાં તો બરફના પડના ટુકડા પડી ગયા.

વીજળીની ચમકરેખ જ્યાં સ્વપ્નવત્ છે, દુનિયાની હસ્તી આરંભાઈ ત્યારથી વરસાદનું એકે ટીપું જ્યાં નથી પડ્યું, જ્યાંનું આકાશ એકે વાદળું નથી સંઘરતું ને ગર્જનાની તો કલ્પના પણ નથી આવતી, એવા આ સુવર્ણાવર્તના વિશેષ અનુભવો ખુદ વેલઝલની જબાનમાં સાંભળવામાં વધુ લિજ્જત આવશે. એ પહેલાં એટલું કહેવું જરૂરી છે કે શિયાળો ઊતરતાં એણે એ પ્રદેશ રખડી કેટલાક એસ્કિમોને મિત્રો બનાવી લીધા હતા ને તેમની પાસેથી રૂંવાં ખરીદી, આવતા જહાજોને તે વેચી, બદલામાં જોઈતો માલ ખરીદીને આખા ધ્રુવકંઠારના વેરવિખેર વસાહતીઓને પૂરો પાડવાનો વેપાર એણે શરૂ કરી દીધો હતો. એ દરમિયાન એણે જે જહેમતો ધીરજપૂર્વક વેઠી છે એ અજબ જ છે. હવે એનું બયાન સાંભળો:

આ સુવર્ણાવર્તમાં વરસ તો જરાવારમાં વીતી જાય છે. એવાં વરસો વીતતાં ગયાં ને તે સાથે હું વધુ ને વધુ ઘરડો થતો ગયો. મારા અનેક જૂના મિત્રોનું સ્થાન નવા મિત્રો લેતા જતા હતા.

ઉદાસ ધ્રુવરાત્રિ ઓગળીને ઉષાની નિશાનીઓ જણાવા માંડે કે અમારી આંખો ક્ષિતિજ પર ધ્રુવપક્ષી (Arctic bird)ને જોવા તલપાપડ થઈ રહે. કબૂતર જેવડું એ સફેદ પક્ષી સદા એકલવિહારી છે. દક્ષિણમાંથી આવી એ ધ્રુવ તરફ ઊડતું જાય છે. બહુ જ ઊંચું અને નીરવ એનું ઊડાણ હોય છે. લગભગ ૮૯ અક્ષાંશ સુધી પહોંચી એ પાછું વળતું મનાય છે. અમે ભૂમિવાસીઓ હજુ અંધારામાં હોઈએ ત્યારે આ પક્ષી સૂર્યનાં પહેલાં તેજ ઝીલે છે. વસંતનાં પહેલાં કિરણો અમે એ પંખીની પાંખો પર જ જોઈએ છીએ. અહીંના લોકો એને બહુ મોટો દેવ માને છે, કારણ તેઓ માને છે કે સૂર્યને તે જ દોરી લાવે છે. અને ખરેખર, એ પાછું ફરે છે તે સાથે ક્ષિતિજ પર સૂર્ય દેખાય છે! એ પાછું વળતાં એસ્કિમો લોકો હાથ ઊંચા કરી એને અભિનંદે છે.

વસંત બેસતાં હું મારા એસ્કિમો મિત્ર જોડે શિકારે ઊપડતો. કૅનૅડામાં ઠેઠ મેકેન્ઝી નદી સુધી અમે પહોંચી જતા, જ્યારે ઉનાળામાં ફ્રાન્ઝ જોસેફલૅંડ સુધી. હવે તો હું અહીંનો રીઢો વસાહતી બની ચૂક્યો હતો. એશિયાના પૂર્વતમ ચુકચી પ્રદેશથી તે પશ્ચિમમાં આલાસ્કા ને હર્શેલ ટાપુઓ સુધીનો પટ હું ખૂંદતો રહેતો. ઠેઠ અનાદીરના ખાણબોદિયા સુધીના બધા ધ્રુવવસાહતીઓને હું મળી ચૂકેલો.

એસ્કિમો લોકોની રહેણી ખૂબ ગંદી હોય છે. એમના નિવાસોમાંથી ઉકરડા જેવી બદબો ઊઠતી હોય છે. બધી કુદરતી હાજતો યે એ લોકો અંદર કરવાના. એ ગંદકીમાંથી જન્મતા કેટલાક કીડા ક્યારેક એમને શરીરે ચડી ચોંટી રહે છે ને ચામડી કોરતા ઠેઠ હાડકા સુધી પહોંચે છે. કાળાં માથાં ને સફેદ શરીરવાળા આ કીડાની પીડાથી ચીસો પાડતા એ મારી પાસે આવે એટલે પહેલાં તો હું ૭૨ ટકા મિશ્રણનું બેન્ઝિન એ કોરાએલા ભાગ પર છાંટી. ઢીલા પડેલા કીડાને ખેંચી કાઢું. પછી મલમ લગાવી, ફરી કદી આવા ગંદા ન રહેવાના એની પાસે સોગન લેવડાવું. સાન ફ્રાન્સિસ્કોથી દવાઓનો સારો જેવો જથ્થો હું મંગાવી રાખતો.

સ્કર્વીનો ઉપદ્રવ પણ અહીં બહુ છે. પગથી શરૂ થઈ ક્યારેક તો જડબાં સુધી તે પહોંચે છે. એ રોગમાં શરીર પરનું માંસ ગળતું જ જાય છે. બાફેલા બટાટાનો ખોરાક એ સામે ઠીક રક્ષણ આપે છે. પણ જો એ લાગુ પડ્યો ને શરૂઆતમાં જ નાબૂદ ન થયો તો ક્રમ-

નસીબ રોગીને રીબાઈને મર્યે જ છૂટકો. એવો જ ઉપદ્રવ ન્યુમોનિયાનો છે. વાતો કરતા કે નાચતાકૂદતા હોઇએ ત્યાં તો ઓચિંતો કોઈ એસ્કિમો ચીસાચીસ કરી મૂકે ને થોડી વારમાં તો તરફડીને મરી જાય. એથી ઊલટું, ક્ષયનું આ પ્રદેશમાં નામનિશાન નથી.

જ્યારે અહીંના કરાલદંષ્ટ્રા ઝાકળદંશ (frost-bite) ની દારૂણતા તો રોમાંચ ખડાં કરનારી હોય છે. પગે એનો દંશ લાગે છે તો નળા સુધીનો ને ક્યારેક ઘૂંટણ સુધીનો ભાગ અક્કડ થઈ જૂદો પડી જાય છે. એસ્કિમો વૈદો હાડકાંની કે લોઢાની કરવતથી એ જૂદો ભાગ વહેરી કાઢી, ઉપર બાળકની ચામડી મઢી દે છે. એવાં કોઇ એસ્કિમો માબાપ નથી જે આવાં કામમાં પોતાના બાળકનો ભોગ ધરતાં અચકાય. પણ દંશ પામેલાનો મોટો ભાગ તો આખી જિંદગી રીબાવા કરતાં મોત જ પસંદ કરે છે ને આપઘાત કરી મરી જાય છે.

મને એક દાખલો યાદ છે. એક કોઈ કમભાગી ઇન્સાન તોફાનમાં સપડાયો ને મુકામે પહોંચતાં સુધીમાં તો દંશ કમર સુધી પહોંચી ગયો. મગજ ઠેકાણે રાખી કામળો ઓઢી એ સ્લેજમાં સૂઈ રહ્યો. એના કૂતરા એને પાદતા અહીં આવ્યા, ત્યાં અંદર કંઇ સળવળતું ભાળી અમે ત્યાં પહોંચ્યા. દંશ છાતી સુધી પહોંચી ગયો હતો ને કામળા નીચે જૂદા પડેલા પગ ખરી જઇને છૂટા થઈ પડ્યા હતા' એના બચવાનો કશો સંભવ જ ન હતો.

એક વખત અમે બેઠા હતા ત્યાં એક સ્વીડ આવીને મને કહે, મારાં આંગળાં વળતાં નથી ને અંદર દરદ થયા કરે છે. મેં શિખામણ આપી કે ટેબલ પર હાથ પછાડ. એણે એ પછાડ્યો ને તે સાથે બધાં આંગળાં ઊડીને ખંડમાં વેરાઇ પડ્યાં! ઝાકળદંશનું એ પહેલું દ્રશ્ય હું કદી નહિ ભૂલું. એક જણનું તો એ દંશથી નાક ખરી પડ્યું ને પછી નકટું જીવન એને એવું તો ઝેર જેવું લાગ્યું કે ગોળી ખાઈ મારી સામે જ એણે આપઘાત કર્યો.

અકુદરતી મોતની અહીં નવાઈ નથી. કાચા બરફમાં ગરક થઇને કે જંગલી જનાવરોથી ચીરાઇને આ વિસ્તારમાં અનેક જિંદગીઓ ખતમ થઈ છે. અશક્ત માણસ દુનિયાના બીજા ભાગોમાં મોડીવહેલી પણ મદદ મેળવી શકે, પણ અહીં તો એને સીઝાઇને તરફડી મરવાનું જ રહે. કૅનેડા સુદ્ધાંમાં અનેક શિકારીઓ જાતે શિકાર બની ગયા છે.

આ મુલકમાં કોઇ વ્યક્તિ મરણને કાંઠે આવતાં જ લાવરીના કદનું એક કાળું પંખી દેખા દે છે, જેને અહીંના લોકો કાલપક્ષી (Death-bird) તરીકે ઓળખે છે. મરણાસન્ન વ્યક્તિના મુકામ પર તે બેસે છે, ત્રણ તીણી ચીસો પાડે છે ને પછી ઊડી જાય છે. અને એના ઊડવા પછી થોડી જ વારે પેલી વ્યક્તિના પ્રાણ પણ ઊડી જાય છે!

આ સુવર્ણાવર્તનું સ્વાતંત્ર્ય, જગતમાં સાચામાં સાચું સ્વાતંત્ર્ય છે. ગમે ત્યાં જાઓ, ગમે ત્યાં ઘૂમો, ગમે તે કરો, કોઇ પૂછનાર કે રોકનાર નહિ. સોવિયેટ સરકારે હવે આ પ્રદેશમાં રસ લેવા માંડ્યો છે, પણ એના રંગદર્શનને એ કશો નવો ઓપ આપી શકે તેમ નથી.

પરંતુ માણસના સ્વાર્થે આ પ્રદેશમાં પણ પગપેસારો કર્યો છે. ભોળા એસ્કિમોના લોહીના પિપાસુ ઘણા ગોરા નીવડ્યા છે જે અહીં 'આંધળા વાઘ' તરીકે ઓળખાય છે. એસ્કિમો લોકો પાસેથી થોકબંધ રૂંવાં તેઓ ખરીદી લે છે અને પછી ભાવ ચુકવતી વેળા સલ્ફ્યુરિક ઍસિડ અને મેથીલેટેડ સ્પિરિટ મેળવેલી બ્રાન્ડી તેને પીવડાવે છે. એ પીતાં વેંત બિચારા એસ્કિમોનું પેટ ફૂલી જાય છે, મોંમાંથી ફીણ નીકળવા માંડે છે, તેને ચિત્તભ્રમ થઇ તે દોડાદોડ કરી મૂકે છે. ભોગજોગે એના હાથમાં કુહાડી રહી હોય તો સામે મળતા હરેકનો તે ફેંસલો કરતો આવે છે. આમ ગાંડા બનેલા એક જણે તો એક વખતે ત્રીસ જેટલાં ખૂનો કરી નાખેલાં. આ 'આંધળા વાઘ' ક્યારેક ધ્રુવવસાહતીઓની પણ આવી જ વલે કરે છે.'

વેલઝલની વસાહતનું આ પ્રસંગોચિત બયાન પૂરું થયું. આજકાલ કરતાં ચાળીસ વર્ષ થયાં, કોઈ ધ્રુવર્ષિ પેઠે આ સુવર્ણાવર્તનો તે વસાહતી બની રહ્યો છે. એ બધાં ય વર્ષોનો જે રંગદર્શી અનુભવ એણે લખ્યો છે તેવો દિલમાં તનમનાટ પેદા કરતો અનુભવ બીજા કોઇએ નથી લખ્યો. અને તેનું કારણ, સફરી તથા વસાહતી જીવન વચ્ચે રહેતો તફાવત છે. પ્રખ્યાત ચેક લેખક કારેલ કાપેકે એનાં સંસ્મરણો વિષે લખ્યું છે,

"Welzl's memoirs are a genuine revelation: this is no mere description of eternal ice, but of eternal humanity, however harsh its surroundings have made it."

ઈ.૧૯૨૪માં સાન્ફ્રાન્સિકોથી માલ ભરીને 'Seven Sisters' જહાજમાં વેલઝલ સફર કરતો હતો ત્યાં યુનાઇટેડ સ્ટેટ્સને પાસિફિક કાંઠે એ જહાજ ભાંગ્યું. ત્યાંના સત્તાધિકારીઓને કશા દસ્તાવેજો કે વીઝા ન મળતાં તેને તેના દેશ ચેકોસ્લોવાકિયા ધકેલી દીધો, જેના સ્વતંત્ર અસ્તિત્વની વેલઝલને જાણ પણ ન હતી.

અમેરિકાથી કાપડીને પહેલવહેલી મુસાફરી એણે હામ્બુર્ગ મુકામે ખંડિત કરી અને ત્યાંના ચેક કૉન્સ્યુલેટ પાસેથી પોતાની રાષ્ટ્રીયતાનાં પ્રમાણપત્રો, વીઝા ને ન્યૂ સાઇબીરિયા જવાનો (અનુસંધાન પાછળ પૃ. ૨૨૨મે)

મેઘોભાઇ

ઉન્હાળાનો દિવસ હતો: ઘામનો પાર નહોતો. માણસ જાણે ગફાઈ જાતાં હતાં. તે દિવસે મેઘોભાઇ નામે વાદળાનું નાનકડું ગચ્ચું સમુદ્રમાંથી નિકળ્યું, અને નીલા આકાશમાં તરવા મંડ્યું. સુખ-સુખની લહરીમાં તરતાં તરતાં એણે નીચે જોયું તો પાણીને અભાવે જમીન સૂકી વેરાન પડી છે, તથા ગરીબ માણસો ધખધખતાં ખેતરમાં પરિશ્રમ કરે છે ને પરસેવો ઉતારે છે. મેઘાને થયું, કે 'આ બાપડાને કાંઇક સહાયતા હું કરી શકું તો કેવું સારું! મારે કાંધે એનું કામ સહેલું થાય, ને ભુખ્યાને અન્ન તથા તરસ્યાને જળ મળે તો મારે ધન્ય ઘડી ધન્યભાગ્ય થાય.'

દિવસ નમ્યો તેમ મેઘાનું કલેવર વધ્યું, અને પૃથ્વીના લોકોનું કાંઇક હિત કરવાની ઇચ્છા પણ એના અન્તરમાં વધી.

પૃથ્વી ઉપર તો ગર્મી વધ્યે જ જાતી હતી; તડકા એવા આકરા પડતા હતા કે માણસને તેથી મૂર્છા આવી જાય. લૂ કહે મારું જ કામ, તો પણ ગરીબે તો કામ કરવું જ રહ્યું. કોઇ વાર એ લોકો માથું ઊંચું કરીને મેઘા સામું જોતા; જાણે મેઘાને પ્રાર્થના ન કરતા હોય કે 'તું અમારી વારે ધા.'

મેઘો બોલ્યો, 'હું અવશ્ય તમારી ભીડ ભાંગીશ.' એમ કરીને એ ગગનસાગરમાં બૂડતો બૂડતો પૃથ્વીની કોર આવવા મંડ્યો. બૂડતાં બૂડતાં એને નાનપણમાં સાંભળેલી એક વાત સાંભરી આવી કે મેઘકુમાર પૃથ્વી-ની બહુ નિકટ જાય તો મરી જાય. આ સંભારીને મેઘો ઘડીક થંભી ગયો, ને વિચારમાં પડ્યો. પણ અંતે એણે છાતી કાઢીને કહ્યું,

'પૃથ્વીના લોકો. થાવાનું હોય તે થાય. પણ હું તમને મદદ કરીશ જ.'

આ સંકલ્પ કરતાં વેંત જ મેઘાના શરીરમાં અદ્‌ભુત પુષ્ટિ તથા શક્તિનો સંચાર થયો. પોતાનું શરીર આટલું ખીલી ઊઠી શકે એની એને સ્વપ્ને પણ કલ્પના નહોતી. ભગવાનના વિરાટ્‌સ્વરૂપને જોઇને અર્જુનને થયું હતું એવું જ મનુષ્યોને ને પશુઓને મેઘાને જોઇને થયું; ઝાડ તથા ઘાસ એની આગળ નમી પડ્યાં: પણ સૌ જાણતા હતા કે મેઘાનું હૃદય દયાર્દ્ર છે.

મેઘો એક વાર ફરીને ગર્જી ઊઠ્યો: 'હા, હું તમને સહાય થાઇશ, મારું જીવન તમને સમર્પીશ.'

એ આમ બોલ્યો ત્યાં તો એના દિલમાં દીવો પ્રકટ્યો, આકાશમાં ગડગડાટ થયો, અને વચનાતીત પ્રેમથી મેઘો રેલી ઊઠ્યો. એ બૂડતો બૂડતો પૃથ્વી પાસે આવ્યો, અને કલ્યાણકારી વૃષ્ટિના રૂપમાં એણે પોતાનો જીવ આપ્યો.

આ વરસાદ મેઘાના પરમપરાક્રમરૂપ હતો અને એના મૃત્યુરૂપ પણ હતો. જ્યાં જ્યાં વરસાદ પડ્યો ત્યાં ત્યાં આખા પ્રદેશ ઉપર સુંદર મેઘધનુષે તોરણ બાંધ્યું. પોતે પોતાનું નિવેદ ધરે એ પ્રેમની અવધિ કહેવાય; એવા પરમપ્રેમના આ છેલ્લાપહેલા રામરામ હતા.

એ તોરણનો પણ ઘડીબઘડીમાં લોપ થયો, પણ મેઘાના દેહસમર્પણથી બચી ગયેલા મનુષ્યો ને પશુઓ પોતાની આંતરડી ઠારી ગયેલા મેઘાને નિરંતર આશિષ દેતાં હતાં.*

-દે. વા.

* ફ્રાન્ઝ રેઇનિકના જર્મનના સારા કોન બ્રાયંટે કરેલા ઈંગ્લીશ ઉપરથી.

એટલે પોપટે પોતાનો વૃત્તાન્ત એને સંભળાવ્યો.

એટલે હું કહું છું: 'માતા એક પિતા એક' ઇતિ.

તથા કહ્યું છે :

દુષ્ટ લોકો કરે ભૂંડું, ને સાધુ ફળ ભોગવે।
દશાનન હરે સીતા બંધાય જ મહોદધિ ॥હિ.૩-૨૧॥

વળી

તારે દુર્જનની હારે ઊભવું ન ન ચાલવું।
કાગસંગે મુઓ હંસ ઊભો જાતો જ વર્તક ॥૨૨॥

દમનક કહે: 'એ કેમ?' કરટક કહે :

કથા ૨૯ *

ઉજ્જયિનીની વાટની ધારે પ્લક્ષનું ઝાડ હતું. એના ઉપર હંસ ને કાગડા વસતા હતા. એક વાર ગ્રીષ્મઋતુમાં એક થાકેલો પથિક તરુતળે ધનુષ મૂકીને સૂતો. થોડી વારે એના મુખ ઉપરથી ઝાડની છાયા ખસી ગઈ, અને મોઢા ઉપર તડકો આવ્યો તે જોઈ ને ઝાડ ઉપર રહેલા હંસે કૃપાથી પાંખ પસારીને પાછી એના મુખ ઉપર છાયા કરી. પછી નિદ્રાસુખિયા વટેમાર્ગુનું ઊંઘમાં મોઢું ઉઘડી ગયું, તેમાં પરસુખ-અસહિષ્ણુ સ્વભાવદુર્જન કાગડો ચરકીને પલાયન કરી ગયો. પાન્થ ઊઠીને નિરખે છે તો તેણે હંસને જોયો તથા બાણથી વીંધીને મારી નાખ્યો.

કથા ૩૦ *

એક વાર ભગવાન્ ગરુડની યાત્રાના પ્રસંગમાં સર્વ પક્ષીઓ સમુદ્રતીરે ગયા, તેમાં કાગડા ભેળો વર્તક ચાલી નિકળ્યો. હવે તે કાગડો માર્ગે જતા ગોવાળના દધિભાંડમાંથી વારે વારે દહિં ખાવા મંડ્યો. ગોવાળે દોણું હેઠું મૂક્યું ને ઊંચે અવલોકન કર્યું તો તેણે કાગડા તથા વર્તકને જોયા. પણ કાગડો તો ચેતીને ભાગી ગયો, અને સ્વભાવે નિરપરાધ વર્તકની ગતિ મન્દ હતી, એટલે એ ગોવાળને હાથે આવી ગયો ને માર્યો ગયો.

એટલે હું કહું છું : 'તારે દુર્જનની હારે' ઇત્યાદિ.

દેસાઇ વાલજી ગોવિન્દજી

• હિતોપદેશ

આબુના પગ

(એક ગપકથા)

વરસાદ પડી રહ્યો. નદીઓ અને દરીઆ વરસાદના તાપથી સુકાઇ ગયાં. સરોવરોનાં પણ તળિયાં દેખાઇ ગયાં. આથી એક દેડકો દોડતો દોડતો ચાલીને નાસતો હતો. નાસતાં નાસતાં રસ્તા વચ્ચે આબુ પર્વત આવ્યો.

દેડકો કહે: 'એઇ કાંકરા! આઘો ખસી જા.'

દેડકે આમ દમ માર્યો એથી આબુ પર્વત તો રડવા જેવો થઈ ગયો. રસ્તે એક ઇયળ ચાલી જતી હતી. તેણે તેને કહ્યું.

'કેમ અલ્યા, આબુ! તું રડે છે શાને?'

આબુ કહે 'આ દેડકો મને મારશે તો પછી હું શું કરીશ?'

આથી પેલી ઇયળે આબુને પોતાની બે પાંખો આપી. તે ઓઢીને આબુ ઊડીને પાસેના એક ઝાડ ઉપર બેસી ગયો અને દેડકો તે રસ્તેથી ચાલ્યો ગયો. હવે આબુને થયું: 'ચાલ નીચે ઊતરીને પાછો મારી જગ્યાએ બેસી જાઉં.'

પણ હવે એ પેલી પાંખોથી ઊડતાં ભૂલી ગયો. ઘણું કરે, બૂમો પાડે, ઇયળને બોલાવે, પણ કોઇ આવે નહિ; અને ઊડતાં આવડે નહિ. આથી આબુએ ઝાડ ઉપરથી એક નાનો ઠેકડો માર્યો. પણ ઠેકડો મારીને જેવો નીચે પડ્યો તેવા જ તેના પગ ભાંગી ગયા. તે દિવસથી આજ સુધી આબુ પર્વત પડ્યો છે ત્યાંથી રજ પણ ચાલી શકતો નથી.

આ વાત મને કોણે કહી, કહું?

રસ્તે રૅફબંધ ચાલતાં મને એક પત્થરની ઠેશ વાગી, ને હું જમીન પર થોડો આરામ લેવા લાંબો થઇને પડ્યો રહ્યો; ત્યારે મને એ પત્થરે આ વાત કહી હતી.

ગુલાબસિંહ બારહટ

દુર્જન

દુર્જન બહુ બકબક કરે,
સજ્જન ધરે ન લાજ;
શ્વાન ભસે સૌ સામટા,
ગણે નહિ ગજરાજ.

દુર્જન દિલ ખુશખુશ થતાં,
કરશે હલકી વાત;
ખર સોગતથી મારશે
પાછા પગની લાત.

કેશવલાલ જટાશંકર મહેતા

Our Friends Abroad

જગતના વિવિધ દેશોનાં તરુણ મિત્રો જોડે પત્રવ્યવહાર સાધવાની માહિતી આપતો વિભાગ

Clarence Hankel

Box 233 COLBY, Wis. (U.S.A.)

રશિયન અને જર્મન માતપિતાથી જન્મે અમેરિકન; વર્ષ ૧૫. પરદેશી ભાષાઓ શીખવા ઇંતેજાર છે. તરવું, સિક્કા સંઘરવા અને કસરત માણવી એ શોખ છે. રેકાર્ડિંગ પણ કરે છે. મોટા થઇને પુરાતત્ત્વવેત્તા બનવા ચાહે છે. કોઈ સમવયસ્ક સાથે પત્રવ્યવહાર ચાહે છે.

શ્રી ત્રિકમદાસ જીવણદાસ (ઘાટકોપર) તરફથી નીચેનો તા. ૭-૧૧-૩૯નો પત્ર (પહોંચ્યા તા. ૧૭-૧-૪૦) નો પ્રકટ થવા મળ્યો છે.

પ્રિય ત્રિકમદાસ,

તમારો આનંદપ્રદ પત્ર અને સ્ટાંપ મળ્યાં. તમારો ફોટો પણ સેન્સર અટકાવે નહિ તો મોકલશો. હું આ સાથે યુનાઇટેડ સ્ટેટ્સના પ્રમુખમંડળની નવી સ્ટાંપો મોકલું છું.

સપ્ટેમ્બરની પાંચમીથી અમારી શાળા શરૂ થઇ ગઈ છે. અઠવાડિયામાં પાંચ દિવસ અમારે શાળામાં હાજરી આપવાની હોય છે. મારો સમય સવારના ૮-૩૦ થી ૧૨ અને બપોરે ૧-૩૦ થી ૩-૩૦ સુધીનો છે મારા વિષયો ફ્રેંચ, અંગ્રેજી, બૅન્ડ, અમેરિકન ઇતિહાસ અને ટાઇપિંગ છે. અમારી શાળાનું નામ તો છે Walla Walla High School; પણ સાધારણ રીતે તે Wa-Hiના ટૂંકા નામે જાણીતી છે. તેમાં છોકરા છોકરીઓ મળી ૧૯૦૦ ની વિદ્યાર્થી સંખ્યા છે. અમારે ત્યાં ચાર ગ્રેડ છે તેમાં હું ત્રીજામાં છું. જો કે શાળાનું તે ૧૧ મું વર્ષ ગણાય. અમારે ઘણા વિષયો લેવા પડે છે; જેમાં કેટલાક મરજિયાત પણ હોય છે. આ નીચે તેની યાદી આપું છું:

ફરજિયાત: અંગ્રેજી ૩ વર્ષ, ઇતિહાસ ૨ વર્ષ, લેબોરેટરી સાયન્સ ૧ વર્ષ, મિલિટરી—સશક્ત છોકરાને ૨ વર્ષ (ધર્મબાધવાળાને કે માંદાને માફી), શારીરિક તાલીમ—છોકરાને ૧ વર્ષ જ્યારે છોકરીઓને ૨ વર્ષ (અઠવાડિયે ૩ દિવસ), ઘરવ્યવહાર (Home relations) છોકરાને ૧ વર્ષ.

મરજિયાત: ચિત્ર(કળા), લૅટિન, ફ્રેન્ચ, જર્મન બે વર્ષ શીખવું જ જોઇએ; નહિં તો તેની ગણત્રી લેવાય નહિ. ખેતીવિજ્ઞાન વ્યાખ્યાન, ઍલજિબ્રા, જ્યૉમેટ્રી, ટ્રીગો, ટાઇપિંગ, શૉર્ટહૅન્ડ, બુકકીપિંગ, નાટ્ય, સંઘગાન, વાદન, લાકડકામ, યંત્રચિત્રણા, જીવવિજ્ઞાન, ફિઝિક્સ, રસાયણવિદ્યા.

આ ઉપરથી તમને સમજાશે કે મારી શાળામાં ઘણા વિષયો શીખવાય છે. આ વર્ષે શાળાના 'Royal Blue' નું વેચાણ મારા હાથમાં છે. આ પુસ્તક દર વર્ષે વિદ્યાર્થીઓ જ બહાર પાડે છે. તેમાં વિદ્યાર્થીઓની છબીઓ સાથે શાળાના આખા વર્ષનો (સપ્ટેમ્બરથી જૂન સુધીના નવ માસનો) અહેવાલ, રમતગમતોના સમાચાર વગેરે હોય છે. આ વર્ષે ફુટબૉલ ટીમની સાથે બૅન્ડ પણ એ ટ્રિપ કરશે.

બે જ અઠવાડિયાં પહેલાં ૩૦ માઈલ ઉપર અમે ડેટન ગયા હતા. નવેમ્બરની ૨૩મીએ અમે અહીંથી ૧૪૦ માઈલ ઉપર આવેલા વાકીમા મુકામે જઇશું. આવતા શનિવારે 'આર્મિસ્ટીસ'-ગયા યુદ્ધની શસ્ત્રમુક્તિનો દિન છે. તે વખતે બધા સ્ટોર બંધ રહેશે અને કવાયત તો થશે. અમારૂં 'વા-હી-બૅન્ડ' અને લશ્કરીવર્ગો તેમાં ભાગ લેશે. ૧૧ વાગ્યે સીટીઓ થતાં જ મૃત્યુ પામેલાની યાદગીરીમાં એક મિનીટ મૌન પળશે. પછી તુરત કવાયત થશે. બપોરે ફુટબૉલની મૅચ થશે અને અમારૂં બૅન્ડ ત્યાં વાગશે. વાલાવાલા શહેરની બધી રમતોમાં અમે જ બૅન્ડ બજાવીએ છીએ.

નવેમ્બર માસનો છેલ્લો ગુરુવાર ઘણાં વર્ષોથી આભાર દિન તરીકે ઉજવાય છે. અમેરિકામાં આવી પહેલી ઉજવણી ઈ. ૧૬૨૫માં થઇ હતી. તે વખતે બધા વસાહતીઓએ ખૂબ પાક નીપજવા માટે મોટી મિજબાની કરી. તેમાં અમેરિકાના અસલી વસાહતી ઇન્ડિયનો પણ આવ્યા હતા. ખોરાક માટે હરણ અને ટર્કી લાવ્યા હતા. હવે તો ગરીબો સિવાયના પણ ટર્કી જ લાવે છે.

પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટને લાગ્યું કે આ તહેવાર નાતાલની બહુ પાસે આવે છે એટલે તેણે તેની ઉજવણી એક અઠવાડિયું વહેલી કરવાનું ઠરાવ્યું છે અને કેટલાંક શહેરોમાં તે પ્રમાણે થાય છે; છતાં કેટલાક ઠેકાણે જૂની તિથિ પળાય છે. તેનો તો મૂળ આશય એવો હતો કે સામટા તહેવારોની વચમાં કામકાજનું અઠવાડિયું હોય તો સારૂં. એની વાત તો ખરી છે; પણ લોકો કંઇ જલ્દી માને?

ડિસેમ્બરની ૨૫મીએ (નાતાલને દિવસે) અમે ઘરમાં નાતાલવૃક્ષ બનાવીએ છીએ. તેના પર કાચના શણગારો અને વીજળિક રોશની લગાવીએ છીએ. તે દિવસે મિત્રો અને કુટુંબીઓ સામસામી ભેટસોગાદ કરે છે. તે દિવસે જ ટર્કીનું ભોજન હોય છે.

કેટલાક ૨૪મીની રાત્રે ભેટાનો વિધિ કરે છે. પણ અમે તો ૨૫મીની સવારે જ ઉત્સાહભેર નાતાલની સવાર નિરખીએ છીએ. કાલે ભેટો મળશે એની આશામાં છોકરાં

ખાટલા આગળ પોતાનાં પગનાં મોજાં લટકતાં રાખે છે. તેમાં ખાવાની ચીજો, રમકડાં, મેવા વગેરે બીજા મૂકી જાય છે. પણ છોકરાંઓમાં એ માટે એક કાલ્પનિક માન્યતા હોય છે, કે 'સાન્ટા ક્લૉઝ' બાબા આઠ રેનડીઅરની લપસણી ગાડીમાં નીકળે છે તે જ એ આપી ગયા છે. એ ડોસા છાપરાની ચીમનીમાંથી ઊતરી આવે છે. તેનું એક ચિત્ર મોકલું છું.

યુનાઇટેડસ્ટેટ્સનાં જંગલોમાં શિકારની મોસમ ઊઘડી ગઈ છે. હું પણ ઊપડું છું. શિકારનો પરવાનો લેવાનો દોઢ ડૉલર પડે છે. એથી તમે રહેતા હો તે મહાલમાં ગમે ત્યાં શિકાર થઇ શકે. સ્ટેટ્સના ભાગો તે મહાલો—County. સ્ટેટ આખા માટે શિકારની ફી ત્રણ ડૉલર છે. ચાર અઠવાડિયાં-મોસમ ચાલે છે. શિકાર કરવાની પણ હદ બાંધી છે. અમુક પ્રાણી કે પક્ષીનો ત્રણ, બે કે પાંચની સંખ્યામાં જ શિકાર થઈ શકે. તેમાં શૉટગન જ વપરાય છે; રાઈફલ ગેરકાયદે ગણાય છે. હરણ એકથી વધુ કોઇ મારી શકે નહિ. પ્રવાસી (યાયાવર) પંખી માટે શિકારનો સમય ૭ અને ૪ વાગ્યાની વચ્ચેનો છે. શિકારના આ પરવાનાની આવક પક્ષીઓનો વધારો કરવામાં, ચોકીદારોના ખર્ચમાં અને જાનવરોમાં કોઈ રોગ ફાટી નીકળે તો તેના બચાવમાં વપરાય છે.

અમેરિકામાં કેટલાક શાકાહારીઓ છે; બાકી લગભગ દરેક જણ દિવસમાં એકવાર તો માંસભોજન મેળવે છે; રવિવારે અને તહેવારે બે વાર.

હિંદી ચિત્રોમાં દેખાય છે તેવી પાઘડી તમે પહેરો છો ખરા કે? તમને વાંચવું સહેલું પડે તે માટે મેં પત્ર ટાઇપ કર્યો છે. મારી ભૂલો દરગુજર કરશો. તમારે ત્યાં જ્ઞાતિવ્યવસ્થા છે એ વિષે હું બહુ વાંચું છું; પણ એ છે શું?

તમે મારા દેશ વિષે જોઇએ તેટલા પ્રશ્નો પૂછજો.

તમારો અમેરિકન મિત્ર ટેડ

તા.ક. હું લખવું ભૂલી ગયો કે એકલા વૉશિંગ્ટન પ્રાંતમાં જ શિકારના ૨,૫૦,૦૦૦ પરવાના અપાયા હતા!

ફોટોગ્રાફી

હરીફાઈનું પરિણામ

પહેલું ઈનામ: 'ભિસ્તી'—હીરાલાલ ભટ્ટ (અમદાવાદ); બીજું ઈનામ: 'ગજરાજ'—જયંત ચોકશી (નડિયાદ); ત્રીજું ઇનામ: 'સહેલગાહે' જેઠાભાઈ મિસ્ત્રી (નડિયાદ). નોંધપાત્ર: ઘનશ્યામ દલાલ (અમદાવાદ); શાંતિ ઝવેરી (માટુંગા); હીરાલાલ ભટ્ટ (અમદાવાદ); એન. જી. શાહ (મલાડ).

શરૂઆત કરનારાઓના પ્રિન્ટમાં ઘણી વસ્તુઓ એકસામટી દેખાય છે. રસ્તાનું દૃશ્ય લેતાં મકાનો, ગાડીઘોડા, મોટરો, રસ્તે ચાલનારાઓ એમ અનેક પાત્રોનું ચિત્ર બને છે. એનું કારણ કે પાડનારને કયી વસ્તુમાંથી ચિત્ર નીપજશે તેનો ખાસ ખ્યાલ હોતો નથી. એનું માનસ આ પાડવું કે તે પાડવું એ જાતના અનિશ્ચિતપણામાં ગુંચવાએલું રહે છે. છેવટ તે ચાંપ દાબી ગમે તેવો પ્રિન્ટ ઉપજાવે છે. બને ત્યાં સુધી એક્સ્પોઝર કરતાં પહેલાં ચિત્રનું મુખ્ય વસ્તુ ઓળખીને પછી જ આગળ વધવું. તેમ છતાં યે પ્રિન્ટમાં ઘણી આડીઅવળી વસ્તુઓ આવી જાય તો તેમાંથી નિરર્થક ચીજોને કાપી કાઢીને જરૂરી ભાગનું એન્લાર્જમેન્ટ કરવું.

ઘણીવાર અચાનક ચિત્ર વસ્તુ સાંપડતાં, તે પાડવા જઇએ તો પાછળની બૅકગ્રાઉન્ડ હરકત રૂપ આવવાનો સંભવ જણાય છે. એવે સમયે, મુખ્ય વસ્તુને ફોકસમાં રાખી, બીજું બધું આઉટ ઑફ ફોકસ રહેવા દેવું. મતલબ કે બહુ જ થોડો ડાયાફ્રામ રાખવો. આમ કરવાથી બૅકગ્રાઉન્ડની વસ્તુઓ આછા અને ઝાંખા સ્વરૂપમાં આવશે અને ચિત્રના મુખ્ય લક્ષ્યને મદદરૂપ બનશે. પહેલું ઇનામ જીતનાર ભાઈ હીરાલાલના 'ભિસ્તી'માં બૅકગ્રાઉન્ડ આઉટ ઑફ ફોકસ હોવાથી ચિત્ર દીપી ઊઠે છે. પખાલ ભર્યાં બાદ પોતાની તૃષા છીપાવતા ભિસ્તીના ચિત્રમાં નૈસર્ગિક ભાવ ઝડપાયા છે. વળી એક્સપોઝરની ગતિ, નળમાંથી વહેતા પાણીને અનુરૂપ હોવાથી પાણીની ધારાઓ સ્પષ્ટ અને આકર્ષક સ્વરૂપમાં દેખાય છે. પખાલીની આખી પોઝ સરસ છે. છતાં જરા દૂરથી ચિત્ર લેવાની જરૂર હતી. તો ચિત્રવિસ્તારમાં ભિસ્તી અકડાઇ જતો જણાય છે તે ન જણાત.

'ગજરાજ' એ ટેબલટૉપ ફોટોગ્રાફીનો સારો નમૂનો છે. ચોમાસું લગભગ આવી પહોંચ્યું છે. વરસતા દિવસોમાં ઘરમાં રહી, ટેબલ ઉપર જુદાંજુદાં રમકડાંની મદદ વડે ચિત્રો ઉપજાવવામાં ફુરસદનો વખત ગાળવામાં ઔર આનંદ આવશે. ભવ્ય કલ્પનાઓ નહિ કરતાં, એકાકી વસ્તુને સાદી બૅકગ્રાઉન્ડમાં ગોઠવી કલ્પના-ચિત્ર કરવામાં ઘણું શીખવા-જાણવાનું મળે છે. જોએલું, જાણેલું અને વાંચેલું અખતરા કરવામાં ખૂબ જ કામ લાગશે અને તમારું ફોટોગ્રાફીનું જ્ઞાન પાકું થશે.

'સહેલગાહે'માં વરઘોડાને છાયાચિત્ર રૂપે ઉતારવાનો પ્રયાસ કર્યો જણાય છે. આવાં ચિત્રો ઊભાં કરતાં આડાં વધુ શોભે. ઉપરની ⅓ ભાગ જેટલી જગ્યા તદ્દન નકામી છે. તેટલું ટ્રિમ કરવું જોઇએ. ફોકસિંગ બરાબર નથી.

બલવન્ત ભટ્ટ



મધુકરી

કુટુંબ

(છપ્પો)

અમૃત અખંડ ઝરંત માતની અનુપમ માયા,
ચિંતાતાપ હરંત પિતાની પાવન છાયા,
દયા ભાવભીની ભગિનીની નિત્ય નિગળતી,
હૂંફે હામ દેનાર સહોદર સંગે મળતીઃ
આખી આલમ ઢૂંઢતાં પણ નહીં જ શોધ્યાં જડે,
ચમત્કાર સાચે જ એ સુભાગ્યવશ લવ સાંપડે. —પૂનલાલ

હૉંગકૉંગના હિંદી પત્રકાર
શ્રી કેશવ બાળકૃષ્ણ વૈદ્ય

અહીંથી હજારો માઈલ દૂર આવેલા ચીનમાં લડાઈની આ કટોકટીમાં એક હિંદી પત્રકાર પોતાનું પત્ર ચલાવે અને તે પણ દૈનિક, એ ઓછી આશ્ચર્યજનક વસ્તુ છે? 'હૉંગકૉંગ ડેઇલી સન' ઉપર 'એડિટર ઇન-ચીફ: કે. બી. વૈદ્ય' એ અક્ષરો વાંચ્યા છતાં મને પણ એ વસ્તુ એકદમ માન્યામાં નહોતી આવી. પરંતુ પછી જે હૉટેલમાં હું ઊતર્યો હતો એના મૅનેજર મારફતે મેં શ્રી વૈદ્યની પ્રત્યક્ષ ઓળખાણ સાધી અને મને એ આશ્ચર્યકર વસ્તુમાં વિશ્વાસ બેઠો. એમનું જીવન મને ખૂબ ઉદ્‌બોધક જણાયું.

શ્રી વૈદ્યનો જન્મ રત્નાગિરિ જિલ્લાના ચિપળૂણ તાલુકાના પિપળી ગામના એક જમીનદાર કુટુંબમાં ઈ. ૧૮૯૩માં થએલો. રમતવાનો છંદ એમને નાનપણથી જ હતો. દાપોલી અને ચિપળૂણની હાઇસ્કૂલમાં શિક્ષણ મેળવી ઇ. ૧૯૧૧માં તેમણે મૅટ્રિક પસાર કરી. સાવરકર બંધુઓની કર્તવ્યદીક્ષા તથા લોકમાન્યની પ્રવૃત્તિ એ વખતે મહારાષ્ટ્રમાં ખૂબ ફાલી હોઈ, ૧૯૦૫ થી જ શ્રી વૈદ્યે પ્રતિજ્ઞા લઈ લીધેલી કે ગમે તેમ થાય પરંતુ સરકારી નોકરી તો ન જ સ્વીકારવી.

ઇ. સ. ૧૯૧૪ની સાલમાં વિલ્સન કૉલેજમાંથી ઇન્ટર આર્ટ્સની પરીક્ષા પસાર કરી. નવી જ સ્થપાએલી સિડનહૅમ કૉમર્સ કૉલેજમાં પ્રવેશ કર્યો અને ૧૯૧૮માં બી. કૉમ. ની ઉપાધિ મેળવી. ઇંગ્લિશ, ઇતિહાસ અને અર્થશાસ્ત્ર એમના ખૂબ પ્રિય વિષયો હતા. અભ્યાસક્રમનાં પુસ્તકો કરતાં બહારના વાચન તરફ તેમની રુચિ વિશેષ ઢળેલી હતી અને એને લઈને જ બી. કૉમ. ના પેપરોમાં અર્થશાસ્ત્રના વિષયમાં એમણે 'ડિસ્ટિંક્શન' પ્રાપ્ત કરેલું.

વિદ્યાર્થી અવસ્થામાંથી જ વિવિધ પ્રવૃત્તિઓમાં એ ભાગ લેતા થયા હતા. વિદ્યાર્થી સંઘના સેક્રેટરી, કૉલેજ માસિકના ઉપસંપાદક, સ્પૉર્ટ્સ કૅપ્ટન ઇત્યાદિ અનેક ફરજો એમણે વિદ્યાર્થી દશામાં બજાવી હતી. કૉમર્સ કૉલેજમાં સર લલ્લુભાઈ શામળદાસના પ્રમુખપણા નીચે ચાલતા 'સ્ટુડંટ્સ યુનિયન'ના એ સેક્રેટરી હતા. સર લલ્લુભાઈ ત્યારથી જ એમના તરફ આકર્ષાયા હતા, અને એમના મધ્યસ્થપણાથી જ શ્રી વૈદ્યને ઔદ્યોગિક ક્ષેત્રની સર્વ મુખ્ય વ્યક્તિઓના પરિચયનો લાભ થયો હતો.

ઇ.સ. ૧૯૧૮માં બી. કૉમ. થઈને શ્રી વૈદ્ય જબલપુરના



કાચના કારખાનામાં ઍસિસ્ટંટ મૅનેજર તરીકે રહ્યા. ઈ. ૧૯૨૦માં એ કારખાનાના જનરલ મૅનેજર થયા પરંતુ ૧૯૨૨માં એ જગ્યાનું રાજીનામું આપી દઇ આયાતનિકાસનો વેપાર શરૂ કર્યો તથા બિલ્ડિંગ અને રેક્લેમેશન કૉન્ટ્રૅક્ટર તરીકે પણ કામ કરવા માંડ્યું. વચ્ચે ૧૯૨૦માં સર લલ્લુભાઇના આગ્રહથી થોડા વખત સર ચુનીલાલ મહેતાના વેપારી સેક્રેટરી તરીકે પણ કામ કર્યું. એમની હોશિયારી જોઇ શેઠ નરોત્તમ મોરારજી તથા શેઠ વાલચંદ હીરાચંદે ૧૯૨૫માં એમને સિંધીઆ સ્ટીમ નેવિગેશન કંપનીની કલકત્તા ઑફિસના આસિ. મૅનેજર નીમ્યા. ૧૯૨૯થી ૧૯૩૧ સુધીમાં અક્યાબ, રંગૂન વગેરે શાખાઓમાં કામ કરી કલકત્તા ઑફિસના મૅનેજરના પદ સુધી તે પહોંચ્યા.

પરંતુ ગમે તેવા મોભાદાર તોપણ એ છેવટે નોકરી જ હતી. એટલે તેને વળગી રહેવાનો આદર્શ શ્રી વૈદ્યનો આવકાર ન જ પામી શકે. અંતે ઇ. ૧૯૩૧માં એમણે એ નોકરી છોડી અને 'અમૃતલાલ ઓઝા ઍન્ડ કંપની'માં ભાગીદાર તરીકે જોડાયા. કંપનીનો કોલસાનો જબરો વેપાર હતો અને ચીનમાં એ વિસ્તારવાનો તેનો વિચાર હતો. પરંતુ ભારેખમ ભથ્થા અને જબરા પગાર સિવાય ચીન જેવા અજાણ્યા દેશમાં પગ મૂકવા કોઈ તૈયાર થતું ન હતું. શ્રી વૈદ્યને એ વાતની ખબર પડતાં કશી બાબતની જિદ ન રાખતાં તે ત્યાં જવા તૈયાર થયા ને ૧૯૩૧ના નવેમ્બરમાં હૉંગકૉંગ તરફ રવાના થયા.

હૉંગકૉંગ અને કંતાન એ બંને શહેરોમાં ૧૯૩૨ માં કંપનીની બે શાખા ખોલવામાં આવી. શ્રી વૈદ્ય એ બંને શાખાના મૅનેજર તરીકે કામ કરવા લાગ્યા. ૧૯૩૨ થી ૧૯૩૪ સુધી કંપનીનું કામ ધમધોકાર ચાલ્યું, કારણ ચીને જપાનીઝ કોલસાનો બહિષ્કાર કરેલો. પરંતુ ૧૯૩૪માં એ બહિષ્કાર પાછો ખેંચી લેતાં જ જપાનીઝ કોલસાનો મારો શરૂ થયો અને કંપનીએ પોતાની ચીનની શાખા બંધ કરી દઈ શ્રી વૈદ્યને પાછા કલકત્તા આવી જવા જણાવ્યું.

શ્રી વૈદ્ય માટે આયુષ્યની સૌથી કટોકટીભરી આ પળ હતી. ત્યાંના ઔદ્યોગિક અને વેપારી જગતમાં એમણે સારી શાખ જમાવી હતી. વળી એ દરમિયાન જ ૧૯૩૩ના અંતભાગથી 'કૅન્ટન ડેઈલી સન' અને 'કૅન્ટન ટ્રુથ' એ વર્તમાનપત્રો પણ શરૂ કરી દીધાં હતાં. એટલે કંપનીને ના લખી દઈ પોતે 'કે. બી. વૈદ્ય ઍન્ડ સન્સ' નામની પોતાની જ વેપારી પેઢી હૉંગકૉંગમાં સ્થાપી નવો વ્યવસાય આદર્યો.

આ વ્યવસાય સાહસ સિવાય બીજું કંઇ ન હતું. એમની પાસે ધરખમ મૂડીની જોગવાઈ નહોતી. કંપની તરફથી એમને ખર્ચ પૂરતો જ પગાર મળતો અને તેમાંથી એ ઘેર મોકલાવતા. એટલે મર્યાદિત મૂડી છતાં ચીનની વેપારી મંડળમાંની પોતાની શાખ પર મુસ્તાક રહીને જ આ નવા સાહસનો એમણે આરંભ કર્યો હતો.

ઓઝા કંપનીના કોલસાના વેપાર સાથે એમણે કેટલીક એજન્સીઓ લઇ આયાતનિકાસનું કામ શરૂ કર્યું હતું. એ ચાલુ રાખી એમણે જહાજો પર માલ ચઢાવવા ઉતારવાનું પણ શરૂ કર્યું તથા ત્યાંની બૅંકોની જામીનગીરીથી પરદેશી પેટંટ બનાવટો પણ એમણે ઉધાર મેળવવા માંડી. છતાં જે તંગી રહે તે વર્તમાનપત્રોમાં લેખો લખી પૂરી કરવા માંડી.

બે અઢી વર્ષ આમ મથામણો કરીકરીને ઈ. ૧૯૩૭ના આરંભ સુધીમાં શ્રી વૈદ્યે કંઇક સ્થૈર્ય મેળવી, પોતાની પેઢીનું 'કે. બી. વૈદ્ય ઍન્ડ કો.' તરીકે રૂપાંતર કર્યું, અને ૧૯૩૮ની સાલમાં તે 'લિમિટેડ' કરી. કંપનીનો ઉત્કર્ષ થતો જતાં તેમણે કેટલીક આગબોટોની એજન્સી પણ મેળવી.

વર્તમાનપત્રો પણ ત્યાં સુધીમાં ઠીક જામી ગયાં. ચીનમાં હિંદીઓની સ્થિતિ પહેલાં 'કયી વાડીના મૂળા?' જેવી હતી તે શ્રી વૈદ્યે ભાષણો, ચર્ચાઓ ને લેખો વગેરે વિવિધ પ્રકારો વડે પલટાવી અને ચીન તથા હિંદને એકબીજાને ઓળખતા કરવાનો યશસ્વી પ્રયાસ કર્યો.

હવે એમનાં પત્રો વિષે થોડુંક. શાંઘાઇમાં મિ. એલ કે. કૅટવેલ નામક સુપ્રસિદ્ધ બૅરિસ્ટર છે. પરંતુ એનો બાપ સ્કૉચ અને મા ચીની હોવાને કારણે ત્યાંના ગોરાઓએ એમને હીન લેખી, કારસ્તાનો રચી એમની બૅરિસ્ટરીની સનદ રદ કરાવી. કૅટવેલને પહેલેથી જ હિંદુસ્તાન તરફ આદર હતો અને આ પ્રસંગથી બ્રિટિશ મનોદ્વેષનો કડવો અનુભવ થતાં ૧૯૨૯માં એમણે કૅન્ટન આવી 'ડેઈલી સન' તથા 'કૅન્ટન ટ્રુથ' એ સાપ્તાહિક પત્રો શરૂ કરેલાં. એમની સાથે જોડાઈને શ્રી વૈદ્યે 'નૅશનલ પબ્લિશર્સ લિ.' નામે કંપની ઊભી કરી. પરંતુ ૧૯૩૪ના આરંભમાં જ કૅટવેલને પાછું શાંઘાઇ જવાનું થતાં સંપાદનની સઘળી જવાબદારી શ્રી વૈદ્ય ઉપર આવી પડી, અને એમણે એકનિષ્ઠ રહી એ જવાબદારી ઉત્કૃષ્ટપણે અદા કરી, તથા દક્ષિણ ચીનમાં હિંદુસ્તાનને અનુકૂળ વાતાવરણ ફેલાવ્યું.

જેટલા કર્તવ્યનિષ્ઠ એટલા જ વિનયશીલ શ્રી વૈદ્ય શ્રીકૃષ્ણના પરમ ભક્ત છે. આટલો યશ સંપાદન કર્યા છતાં એમની નમ્રતા તો જેવી ને તેવી જ છે. યશ મળે કે ન મળે પરંતુ ફલની અપેક્ષા રાખ્યા સિવાય સતત કાર્ય કરતા રહેવું એને જ એ કૃષ્ણભક્તિ સમજે છે, અને એ ધ્યેય સહિત તેઓ અરીષ્ટશાંતિ અર્થે ઉદ્યુક્ત રહ્યા છે. એમની એ કૃષ્ણભક્તિ આપણને પણ આદર્શરૂપ નીવડો.

('કિર્લોસ્કર' માસિકમાં આવેલા શ્રી 'પ્રવાસી'ના લેખ પરથી)

મહાકાય બ્રાઝિલ

મહાન દક્ષિણ અમેરિકા ખંડની ૪૭ ટકા જેટલી (૪,૪૦,૦૨,૦૯૫) વસતિ ધરાવતો, ૩૨,૮૬,૧૭૦ ચોરસ માઇલ વિસ્તારનો બ્રાઝિલ આખો પોર્ટુગીઝ ભાષા બોલનારો



દક્ષિણ અમેરિકામાં
બ્રાઝિલ કેટલી
જગ્યા રોકે છે તે
દર્શાવતો નકશો

હોવા છતાં એટલું તો વૈવિધ્ય ધરાવે છે કે ઈંગ્લંડના નર્યાં સામ્રાજ્યવાદી કવિ રુડિયાર્ડ કિપ્લિંગે એને 'સ્વયંપર્યાપ્ત દુનિયા'નું નામ આપેલું. જગતભરમાં માત્ર નાઈલથી જ ઊતરતી લગભગ ૪૦૦૦ માઈલની આમાઝોન નદી, તેનાં ગીચ જંગલો, જંગલી ઇંડિયનો, વાદળી પતંગિયાં, અનેકરંગી ઝાડઝાંડા ને એવી જ વિવિધ રાની પશુઓની વસતિ એને અનોખો જ ઓપ આપે છે. અરધું દક્ષિણ અમેરિકા આવરી પથરાએલા એ મહાકાય દેશને ચીલી ને એક્વાડૉર સિવાયનાં દક્ષિણ અમેરિકાના તમામ દેશોની સરહદ અડે છે. ઈ. ૧૯૦૩માં બોલિવિયા પાસેથી ૧ કરોડ ડૉલરની કીમતે ખરીદાએલો એકરપ્રદેશ (Territory of Acre) તથા એક સંઘસત્તાક પ્રાંત (Federal District) ઉપરાંત જુદાંજુદાં વીસ સંસ્થાનોમાં એ વહેંચાએલો છે.

બ્રાઝિલની લગભગ ૬૦ ટકા વસતિ મધ્ય ને દક્ષિણના સહ્ય હવામાનવાળા ઉચ્ચ પ્રદેશોમાં વસે છે. અહીં જ એનાં મુખ્ય નગરો આવેલાં છે: પાટનગર રીઓ દ જાનૈરો; દુનિયામાં વધુમાં વધુ કૉફીની નિકાસ કરતું બંદર સાન્તોસ; પ્રગતિશીલ અને કલાદેહી સાઓ પાઉલો; ખનીજ અને ખેતીવાડીનું કેન્દ્ર બેલો હૉરિઝૉન્ટે વગેરે. ઉત્તરે વિષુવવૃત્તની નજીક આમાઝોનના મુખ પર બેલમ શહેર આવેલું છે બ્રાઝિલમાંના પારા સંસ્થાનની એ રાજધાની છે અને ત્યાંથી જ રબર, કોકો, ઇમારતી લાકડાં ને બ્રાઝિલનટ્સ વગેરે આમાઝોનની પીઠ પર નિકાસ માટે રવાના થાય છે.

રીઓ દ જાનૈરો અને સાન પાઉલો પછી રેસિફે એ બ્રાઝિલનું ત્રીજા નંબરનું મોટું શહેર છે. દક્ષિણ અમેરિકાના ખભા પર બેઠેલું એ શહેર ખાંડ, કપાસ ને કૉફીની નિકાસ કરે છે. એની પ્રાકૃતિક રચના એવી મનોહર છે કે તેને બ્રાઝિલના વેનિસનું નામ અપાયું છે. અને ચોથા નંબરનું શહેર સાલ્વાડૉર તો એક વખત બ્રાઝિલનું પાટનગર હતું અને હજુ ઘણી પ્રાચીન ઇમારતો ધરાવે છે. એના બારાની દક્ષિણ અમેરિકાનાં ઉત્તમ બારાંમાં ગણના થાય છે; પણ પછી, રશિયાને બાદ કરતાં આખા યુરોપના ક્ષેત્રફળને આંટી જાય એવા એ મહાકાય દેશની રાજધાનીનું પદ સુયોગ્ય રીતે જ રીઓ દ જાનૈરોને અર્પણ કરવામાં આવ્યું. બીજા નંબરના શહેર સાન પાઉલોને બારું નથી, કારણ તે દરિયાથી ચાળીસ માઈલ દૂર આવેલું છે; પરંતુ દરિયાની સપાટીથી ૨૫૦૦ ફૂટ ઊંચું આવેલું હોઇ એને મગરૂબીનું કારણ મળી રહે છે. વળી જગપ્રસિદ્ધ બુટાન્ટાન ઈન્સ્ટીટ્યૂટ પણ તે ધરાવે છે, જેના 'સ્નેઈક-ફાર્મ'માં સર્પવિષ એકઠું કરવામાં આવે છે.

બ્રાઝિલનો ઇતિહાસ આપણને પંદરમી સદીના સામ્રાજ્યવાદી પોર્ટુગાલ સુધી લઈ જાય છે. રાજા માનુએલે મોકલેલા પેડ્રો અલ્વારિઝ કેબ્રાલ નામના ખલાસીએ ઈ. ૧૫૦૦ના એપ્રિલની ૨૨મા તારીખે એ શોધી કાઢ્યા પછી પોર્ટુગાલે ઘણો વખત તે તરફ ધ્યાન ન આપ્યું, પણ પછી પ્લાટા નદીની આસપાસના વિસ્તારમાં રૂપું મળી આવતાં ૧૫૪૯માં સાઓ સાલ્વાડૉર શહેરનું નિર્માણ થયું. જે રાજધાનીનું શહેર પણ રહ્યું. સોળમી અને સત્તરમી સદીના ચાંચીઆગીરીના દિવસોમાં બ્રિટિશ, ફ્રેન્ચ ને ડચ ચાંચીઆઓએ પણ એ ભૂમિ પર હલ્લા કરેલા, કારણ પછી તો સોના ને હીરાની ખાણો પણ એ નવી ભૂમિમાં મળી આવી હતી.

લોકસત્તાશાહીનું મોજું યુરોપ પર ફર્યું તેમ તેની અસર દૂરદૂરના બ્રાઝિલ પર પણ પહોંચી. ફ્રાન્સમાં શિક્ષણ લેવા ગએલા જુવાનોએ એ આદર્શો ત્યાં ઉતાર્યા ને ૧૮૮૨ના ડિસેમ્બરની ૭મીએ ડૉમ પેડ્રોએ પોર્ટુગાલથી છૂટાછેડા કરી પોતાને બ્રાઝિલનો બંધારણીય શહેનશાહ જાહેર



ભારતીય સંવતો . . . [૮] શક સંવત

શક સંવતના પ્રારંભના વિષયમાં એવી પ્રસિદ્ધિ છે કે દક્ષિણના પ્રતિષ્ઠાનપુર (પૈઠણ)ના રાજા શાલિવાહને (સાતવાહને) એ સંવત ચલાવ્યો. જિનપ્રભસૂરિ પોતાના 'કલ્પપ્રદીપ' નામક (ઇ. ૧૩૦૦ આસપાસના) પુસ્તકમાં લખે છે કે 'પ્રતિષ્ઠાનપુરમાં રહેતા એક વિદેશી બ્રાહ્મણની વિધવા બહેનથી સાતવાહન નામનો પુત્ર ઉત્પન્ન થયો. એણે ઉજ્જૈનના રાજા વિક્રમને હરાવ્યો ને પછી એણે પ્રતિષ્ઠાનપુરના રાજા બની તાપી નદી સુધીનો દેશ પોતાને આધીન કરી પોતાનો સંવત પ્રચલિત કર્યો.' જ્યારે અલબેરૂની લખે છે કે 'વિક્રમાદિત્યે શક રાજાને પરાસ્ત કરી આ સંવત ચલાવ્યો.' આમ એના પ્રચલિત થવા સંબંધે જુદા જુદા મત છે.

પહેલવહેલો આ સંવત કચ્છ તથા કાઠિયાવાડમાંથી મળેલા પશ્ચિમી ક્ષત્રપોના (શક) સંવત પર થી ૧૪૩ સુધીના શિલાલેખોમાં તથા (શક) સંવત ૧૦૦ની આસપાસથી તે ૩૧૦થી કંઈક પછી સુધીના સિક્કાઓમાં મળી આવે છે. ઉક્ત શિલાલેખોમાં કેવલ 'વર્ષે' (=સંવત્સરે) લખેલું મળે છે, 'શક' આદિ કોઈ નામ 'વર્ષે' સાથે જોડાએલું નથી; ને સિક્કાઓમાં તો માત્ર અંક જ મળે છે ('વર્ષે' પણ નહિ).

સંસ્કૃત સાહિત્યમાં આ સંવત સાથે 'શક' નામનું જોડાણ (=શકકાલ) પહેલવહેલું વરાહમિહિરની 'પંચસિદ્ધાંતિકા'માં શક સંવત ૪૨૭ (ઇ. ૫૦૫) સંબંધમાં તથા શક સંવત ૫૦૦થી માંડી ૧૨૬૨ સુધીના શિલાલેખોમાં મળે છે. એ સંવત સાથેના એમાંના સંલગ્ન પ્રયોગો પરથી માલૂમ પડે છે કે ઇ. ૫૦૦ આસપાસથી માંડી ઇ. ૧૩૪૦ સુધી તો આ સંવત કોઈ શક રાજાએ અથવા શકોએ ચલાવ્યો હોય અથવા તો કોઈ શક રાજાના રાજ્યાભિષેકથી ચાલુ થયો હોય. એ સમય સુધી શાલિવાહનનું નામ એની સાથે જોડાએલું ન હતું.

આ સંવત સાથે જોડાએલું શાલિવાહન (સાતવાહન)નું નામ સંસ્કૃત સાહિત્યમાં ઇસવીસનની ૧૪મી સદીની આસપાસમાં તથા શિલાલેખોમાં પહેલવહેલું હરિહર ગામેથી મળેલા વિજયનગરના યાદવ રાજા 'બુક્કરાય (પ્રથમ)ના શક સંવત ૧૨૭૬ (ઇ. સ. ૧૩૫૪)ના દાનપત્રમાં મળે છે. એની પછી શાલિવાહન નામ લખવાનો પ્રચાર વધતો ગયો. વિદ્વાન રાજા સાતવાહન (શાલિવાહન)નું નામ 'ગાથાસપ્તશતી' અને 'બૃહત્કથા'થી સાક્ષરવર્ગમાં પ્રચલિત હતું, એથી સંભવ છે કે ઇ. સ.ની ૧૪મી શતાબ્દીની આસપાસ દક્ષિણના વિદ્વાનોએ ઉત્તરી હિંદુસ્તાનમાં ચાલતા સંવતની સાથે જોડાએલા રાજા વિક્રમના નામનું અનુકરણ કરી પોતાને ત્યાં ચાલતા સંવત સાથે દક્ષિણના રાજા શાલિવાહન (સાતવાહન)નું નામ જોડી 'નૃપશાલિવાહનશક', 'શાલિવાહનશક','શાલિવાહનશકવર્ષે''શાલિવાહનશકાબ્દ', આદિથી તેનો પરિચય આપવાનો પ્રારંભ કર્યો હોય.

શાલિવાહન, સાતવાહન નામનું રૂપાંતર માત્ર છે (હેમ અનેકાર્થકોશ) અને સાતવાહન (પુરાણોના 'આંધ્રભૃત્ય') વંશના રાજાઓનું રાજ્ય દક્ષિણ પર ઇ. પૂ. બીજી શતાબ્દીથી ઇ. સ. ૨૨૫ની આસપાસ સુધી રહ્યું હતું, એમની રાજધાનીઓમાં એક પ્રતિષ્ઠાનનગર (પૈઠણ, ગોદાવરી પર) પણ હતું અને એમાં સાતવાહન (શાતકર્ણિ) રાજા ખૂબ પ્રસિદ્ધ પણ હતો, એટલે દક્ષિણના વિદ્વાનોએ એનું નામ સંવત સાથે જોડી દીધું હોવાનો સંભવ છે. પરંતુ એ નિશ્ચિત છે કે સાતવાહનવંશીઓમાંથી કોઇએ એ સંવત ચલાવેલો નથી, કારણ એમના શિલાલેખોમાંથી એ નથી મળતો. સાતવાહન વંશના રાજ્યનો અસ્ત થયા પછી લગભગ ૧૧૦૦ વર્ષ સુધી શાલિવાહનનું નામ આ સંવત સાથે જોડાયું ન હતું.

આ પરથી એમ માનવું પડે છે કે કોઈ વિદેશી રાજાએ આ સંવત ચલાવ્યો હોય. એ વિષયે જુદાજુદા વિદ્વાનોના જુદાજુદા મત છે. કોઈ કુશનવંશના કનિષ્કને, કોઇ ક્ષત્રપ નહપાનને, કોઈ શક રાજા ચેનનસને તો કોઈ શક રાજા અય (અઝ=Azes)ને તેના પ્રવર્તક માને છે, પણ તે પર કશું નિશ્ચિતરૂપે ન કહી શકાય.

શક સંવતમાં ૩૧૭૯ જોડતાં કલિયુગ સંવત, ૧૩૫ જોડતાં ચૈત્રાદિ વિક્રમ સંવત અને ૭૮ (છેલ્લા ત્રણ મહિનામાં ૭૯) જોડતાં ઇ. સ. આવે છે. તિન્નેવેલ્લિ અને મલબાર સિવાય લગભગ આખા દક્ષિણમાં આ સંવત પ્રચલિત છે. ઉત્તર હિંદુસ્તાનનાં પંચાંગ, જન્મપત્ર, વર્ષફલ આદિમાં વિક્રમ સંવતની સાથોસાથ આ સંવત પણ લખવામાં આવે છે.

(પ્રાચીન ભારતીય લિપિમાલા ઉપરથી)

તમે જાણો છો?

૧ બનાવટી દાંત શાના બને છે?

• • ફેલ્સ્પાર, રેતી અને કેઓલિન એ ત્રણેને ખાંડી, ભઠ્ઠીમાં પીગાળવામાં આવે છે. દાંતને રંગ આપવા માટે પછી કોબાલ્ટ કે યુરેનિયમના ક્ષારો ઉમેરવામાં આવે છે.

૨ દુનિયાનું મોટામાં મોટું જંગલ કયું છે?

• • દક્ષિણ અમેરિકાનું આમાઝોનનું જંગલ.

૩ અંગ્રેજી ભાષામાં સૌથી વધુ કયા મૂળાક્ષરો વપરાય છે?

• • વપરાશમાં સૌથી પહેલું સ્થાન e નું આવે છે ને ત્યાર પછી અનુક્રમે t, s, a, i અને r.

૪ માણસે દુનિયામાં પહેલવહેલું કયું પ્રાણી પાળ્યું?

• • કૂતરો. માણસના જૂનામાં જૂના અવશેષો સાથે તેની નિશાનીઓ મળે છે.

૫ સબમરીન પહેલી કોણે બનાવી?

• • સબમરીન બનાવવાના અખતરા તો સોળમી સદીથી ચાલતા હતા ને રોબર્ટ ફુલ્ટને નેપોલિયનના વખતમાં તેના અખતરા ખૂબ આગળ વધાર્યા હતા, પરંતુ તેને સંપૂર્ણતાએ તો સ્ટૉકહોમના નૉર્ડનફેલ્ટે ઇ. ૧૮૮૩માં પહોંચાડી.

નવા નુસખા



શાળા-કૉલેજમાં જ્યાં આખી ભીંતને રોકી લે એવડાં મોટાં કાળાં પાટિયાં હોય છે ત્યાં પાટિયા પરનું ચાકનું લખાણ ભૂંસવાનો સમય અને તકલિફ બચાવવાનું આ વીજળિક ભૂંસણિયું ગોર્ડન સી. ફાર્મર નામના માણસે બનાવ્યું છે. તે પાટિયા ઉપર ઊભી જણાતી પટ્ટી નીચે દબાએલું છે, અને એક છેડાથી બીજા છેડા સુધી ઉપરના પાટા ઉપર ફરતી મોટરને લીધે સાફ કરતું જાઆવ કરે છે. પાટિયાને એક છેડે વીજળિક ચાંપ હોય છે. તેમાં તેને ગમે તે બાજુ ગતિમાન કરી શકાય અથવા ગમે તે ઠેકાણે અટકાવી શકાય એવી કરામત રાખેલી છે.

વિકસતું વિજ્ઞાન

બ્રિટનની Forest Products Research Laboratory-જંગલની પેદાશોને લગતા સંશોધનની પ્રયોગશાળાના મુખ્ય રસાયણશાસ્ત્રીના મત પ્રમાણે ઈંગ્લંડના જંગલોના બર્ચ, ઍશ, એલ્મ, સાઇકામોર ઇત્યાદિ વૃક્ષોમાંથી ખાંડ તૈયાર કરી શકાશે. (રા. ન. દેસાઈ)

ખાટાં ફળોમાંથી 'ઍસીટોન' મેળવવાની એક નવી પદ્ધતિ યોજવામાં આવી છે, જે ચાલુ યુદ્ધમાં મિત્રરાજ્યોને ઘણી મદદગાર થઇ પડશે; કારણ, નાનાંમોટાં શસ્ત્રોમાં ખૂબ ઉપયોગી ગણાતા દાહક પદાર્થ કૉર્ડાઇટની બનાવટમાં તે મુખ્ય ભાગ ભજવે છે. પાલેસ્ટાઇનમાંથી એવાં ફળોની ૩૦ લાખ પેટીઓની આયાત કરી તેમાંથી એ સારવવાની શરૂઆત બ્રિટને કરી દીધી છે. આ ઍસિટોન યુદ્ધસામગ્રી ઉપરાંત રંગો અને એનામેલમા પણ કામ આવે છે.

શીતયંત્ર (Refrigerator) માં મૂકેલાં ફળ, પીણાં વગેરે ઠંડાં થઇ જાય છે, પણ એમાં પ્રથમની રહેલી ગરમીનું શું? એ ગરમીનો અત્યારે તો વ્યય જ થાય છે, પરંતુ ભવિષ્યમાં એ વ્યય અટકાવી તેને પણ ઉપયોગમાં લેવાની આગાહી થઈ રહી છે. એ માટે શીતયંત્ર જોડે એક સગડી ગોઠવવામાં આવશે અને એ બંનેને 'ઇન્સ્યુલેટેડ' કરવામાં આવશે જેથી સહેજ પણ ગરમી વહી ન જાય. એ સાથે બંને વચ્ચે એવી પરિશોષયોજના (pumping device) યોજવામાં આવશે કે જરૂર પડે ત્યારે શીતયંત્રમાંની ગરમી સગડીમાં શોષી તેને રાંધવાના કે બીજા ઉપયોગમાં લઇ શકાય. જોકે એ માટેનું સંપૂર્ણ પરિશોષક (pump) હજુ શોધાયું નથી, પણ તદ્વિદો માને છે કે એ વખત બહુ દૂર નથી.

વિમાનો માનવજાતને અપાયકારક નીવડવાને બદલે હિતકારક નીવડે એવી એક યોજના ઇટલીએ તાજેતરમાં વિચારી છે. અને તે એ કે વિસુવિયસની ફરી જાગૃતિ શરૂ થાય કે તેના લાવારસનો પ્રવાહ અટકાવવા તેના જ્વાલામુખમાં ઉપરથી બૉંબ ફેંકવા. અમેરિકામાં હાવાઇ મુકામે પહેલાં અજમાવાએલો આવો અખતરો સંપૂર્ણ સફળ થયો હતો. ત્યાંનો મોના લોઆ જ્વાળામુખી જાગ્રત થતાં તેના મુખમાં પાંચ વિમાનોમાંથી ૬૦૦ પૌંડ વજનના બૉંબ ફેંકવામાં આવેલા, જેમણે તેની સોંસરવા ઊતરી જઈ અંદરનું દબાણ ઘટાડી નાખી હિલો નામના આખા શહેરનો નાશ થતો બચાવી લીધો હતો.

ઑક્સિજન અથવા પ્રાણવાયુ આપણે માટે પ્રાણદ છે, પણ આપણા ઉદ્યોગો માટે તો એ ક્ષયકર નીવડે છે. ઉદ્યોગોમાં વપરાતા અનેક પદાર્થો એ પ્રાણવાયુની અસરથી ખવાતા જઈ પરિણામે હજારો રતલોનો ઘસારો વેઠવો પડે છે. આ ઘસારાથી ઉદ્યોગોને બચાવવા માટે વિજ્ઞાનીઓ હવે 'anti-oxidants' પદાર્થોની શોધ પાછળ પડ્યા છે, જે સફળ થતાં સઘળા ઉદ્યોગો નવી રાહત અનુભવશે.

આ પ્રાપ્ત પ્રસંગે એટલી યાદ આપવી ઠીક થઈ પડશે કે પાશ્ચાત્ય વિજ્ઞાને પ્રાણવાયુને આપેલું આ 'ઑક્સિજન' નામ ખોટું છે. ઇ. ૧૭૭૪માં ફ્રેન્ચ રસાયણશાસ્ત્રી લવાઝીએએ તે શોધી કાઢ્યો ત્યારે એને મન એમ કે એ સઘળાં આમ્લો (ઍસિડો)નું સંયુક્ત દ્રવ્ય હશે, એટલે તેને એ નામ આપી દીધું (ઑક્સીસ=આમ્લ, જેન=જનક એ ગ્રીક પરથી). પાછળથી એ ભૂલ માલૂમ પડી, પણ હજુ નામ એનું એ રહ્યું છે!

આપણે પોતે · આપણો દેશ · આપણી પૃથ્વી

આપણા શરીરનો લાંબામાં લાંબો સ્નાયુ 'સારટોરીયસ' મસલ છે જે કેડના સાંધાથી ગોઠણના ઢાંકણા સુધી લાંબો છે.

પૃથ્વીનું કુલ ક્ષેત્રફળ ૧૯, ૬૯, ૫૦,૦૦૦ ચોરસ માઇલ છે તેમાં એશિયાનું ૧,૭૦,૦૦,૦૦૦ અને આપણા દેશનું ૧૮,૦૬,૦૦૦ ચોરસ માઇલ છે.

રેડિયો-ઍક્ટીવિટીના આધારે આપણી પૃથ્વીનું વય દોઢ અબજ વર્ષનું ગણવામાં આવે છે. એના પર સજીવસૃષ્ટિ પેદા થયાને ૩૦ કરોડ વર્ષ થયાં; મનુષ્યને પેદા થયે ૧૦ લાખ વર્ષ.

કેટલાક આંધળાઓને દૃષ્ટિ હોય છે જ્યારે કેટલાક દેખતા આંધળા હોય છે.

લાલા લજપતરાયને પકડી રંગૂનની જેલમાં ધકેલવા સામે દિલ્હીની સેન્ટ સ્ટીવન્સ કૉલેજના વિદ્યાર્થીઓએ પોતાના અંગ્રેજ પ્રિન્સિપાલની રજા માગી. તેમણે તે આપી અને સાથે કૉલેજમાં સભા પણ ભરવા દીધી. સરકારે ખુલાસો પૂછતાં, "લાલાજીને પકડવામાં સરકારે કરેલા અન્યાય સામે વિરોધ પ્રગટ કરવાનો વિદ્યાર્થીઓને પૂરો અધિકાર છે એમ મારા આત્માને લાગ્યું માટે મેં પરવાનગી આપી. મારા જેવો શિક્ષક સરકારને ન રુચતો હોય તો આ સાથે મારૂં રાજીનામું છે." આવા જવાબ સાથે રાજીનામું મોકલી તરત એ હોદ્દાનો અંચળો ઉતારી હિંદના દીન જનોની સેવાનો અંચળો ઓઢનાર એ અંગ્રેજ તે હમણાં જ અવસાન પામેલા દીનબંધુ ઍન્ડ્રુઝ.

∽

અનેકાર્થી શબ્દઃ **ઘૂઘરો**=કાંકરા જેવી વસ્તુ ભરીને કરેલો, ખખડે તેવો ધાતુ વગેરેનો એક ગોળો;તેવું એક રમકડું; એક મિઠાઈ;ઘૂઘરીઓનો ઝુમખો; પલાળીને સૂકવેલું દાળ પાડવાનું કઠોળ; ચુનો બનાવવા માટે પકવેલા મરડિયા.

∽

ગણિત ગમ્મત

$$૧^{૨}+૨^{૨}=૫\times૧$$
$$૨^{૨}+૪^{૨}=૧૦\times૨$$
$$૩^{૨}+૬^{૨}=૧૫\times૩$$
$$૪^{૨}+૮^{૨}=૨૦\times૪$$
$$૫^{૨}+૧૦^{૨}=૨૫\times૫$$
$$૬^{૨}+૧૨^{૨}=૩૦\times૬$$
$$૭^{૨}+૧૪^{૨}=૩૫\times૭$$
$$૮^{૨}+૧૬^{૨}=૪૦\times૮$$
$$૯^{૨}+૧૮^{૨}=૪૫\times૯$$
$$૧૦^{૨}+૨૦^{૨}=૫૦\times૧૦$$

અને એમ આગળ. (કા. મ. જોષી)

∽

ઈંગ્લંડને છત્રીનો ઉપયોગ શીખવનાર જોનાસ હૅન્વેને જીવતે હડધૂત કર્યાં પછી એના મૃત્યુ બાદ ઇ. ૧૭૮૬માં વેસ્ટમિન્સ્ટર ઍબી મુકામે તેનું પૂતળું ઊભું કરવામાં આવ્યું છે.



જર્મનીએ હમણાં આક્રમણ કરેલા લક્સેમબર્ગ પ્રાંતની ટિકિટ

∽

કહેવતોના અર્થઃ 'છાશ લેવા જવું ને દોણી સંતાડવી'–હલકું કામ કરવું હોય ને પાછો મોભો પણ જાળવવો હોય એ કેમ બને? એટલે એ જાતનો પ્રયાસ કરનારને માટે આ કહેવત ઊભી થઈ છે. એને મળતી કહેવતોઃ 'નાચવા જવું ને ઘુંઘટો તાણવો', 'ભીખ માગવી ને ભરમ રાખવો' 'શોખ કરવો ને શરમ રાખવી', વગેરે.

∽

ઇંગ્લંડમાં રાજકવિ (પોએટ લૉરીએટ)ની નિમણૂક થવાની પદ્ધતિ ઇ. સ. ૧૬૧૦થી શરૂ છે અને તેમાં નીચેના ક્રમમાં કવિઓ થઈ ગયા છેઃ બેન જૉન્સન, સધે, વર્ડ્ઝવર્થ, ટેનિસન, રૉબર્ટ બ્રિજિસ, જૉન મેસ્ફીલ્ડ.

શિક્ષકઃ ચમન, પાંચ દુધાળાં પશુઓનાં નામ આપ જોઇએ.

ચમનઃ બે ગાય ને ત્રણ ભેંસ!

∽

અંગ્રેજી ભાષાનો સર્વોત્કૃષ્ટ કોશ તાજેતરમાં જ બહાર પડ્યો છે. તેનું નામ 'The New English Dictionary.' એમાં કુલ ચાર લાખ, ચૌદ હજાર, આઠસો ને પચાસ શબ્દોનો સમાવેશ થએલો છે. એ કોશની તારવણી અનુસાર હજારે અઠ્ઠાવીશ શબ્દ શુદ્ધ અંગ્રેજી છે, ચોપન લાટિન ભાષામાંથી, પાંચ ગ્રીક ભાષામાંથી અને બાકીના ઇટાલિયન, પોર્તુગીઝ, ડચ વગેરે અનેક ભાષાઓમાંથી આવેલા છે.

∽


ઉત્તર-દક્ષિણ જતી ગાડીઓનો, પૂર્વના કરતાં પશ્ચિમ તરફનો પાટો વધુ ઘસાય છે. તે પૃથ્વીની પશ્ચિમથી પૂર્વ તરફની ગતિને આભારી છે.

∽

વર્ષમાં ૧૦૦ ઈંડાં મૂકનારી મરઘીને જેટલો ખોરાક જોઇએ તેથી માત્ર દસ ટકા વધારે ૨૦૦ ઈંડાં મૂકનારી મરઘીને જોઇએ છે.

∽

સોનું એ સૌથી કીમતી ધાતુ નથી. રેડિયમ, પૅલાડિયમ, ઑસ્મિયમ, પ્લૅટિનમ, રૂબીડિયમ અને થોરિયમ એ ધાતુઓ સોનાથી પણ મોંઘી છે.



વચ્ચે મધ પડ્યું છે અને ભૂલામણીના ચાર માર્ગને નાકે ચાર મધમાખીઓ બેઠી છે. એમાંની કઈ મધ પર પહોંચી શકશે તે શોધી કાઢો. લીટી ઓળંગવાની નથી; માત્ર ગાળાઓમાં જ ચાલવાનું. પેન્સિલ વડે પ્રયત્ન કરવાથી ગમ્મત પડશે.